

રાષ્ટ્રીય વિરાસત સંસ્થા શ્રી ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત

# કોડિયું

લોકાભિમુખ નઈ તાલીમી કેળવણી દ્વારા સંતુલિત વિકાસ સાધવા પ્રયત્નશીલ સંસ્થા-સામયિક

"મારું જીવન એ જ મારો સંદેશ."





મોહનથી મહાત્માની જીવનયાત્રા

સર્વની જરૂર અર્થે છે સઘળું પૃથ્વી પાસ, કહે ગાંધી લોભ કાજે નહીં રાખશો આશ.

વર્ષ: ૭૭ અંક : 03 ૧૫ ઑક્ટોબર, ૨૦૨૩

# પૂજ્ય મુ. મો. ભટ્ટ વ્યાખ્યાનમાળા : તારીખ ૧૧-૦૯-૨૦૨૩










મુ.મો. ભટ્ટ વ્યાખ્યાનમાળામાં વિદ્યાર્થીઓએ ડિજીટલ ટેકનોલોજીનો ઉપયોગ કરીને મુ. મો. ભટ્ટ રચિત સાહિત્યનો આસ્વાદ કરાવ્યો.





ડી.વાય.એસ.પી. શ્રી મનીષાબહેન દેસાઈએ સ્ત્રી સશક્તિકરણ સંદર્ભે સૌ વિદ્યાર્થીઓને પ્રોત્સાહક સંવાદ કર્યો.

# કોડિયું

વર્ષ : ૭૭ ઑક્ટોબર : ૨૦૨૩ અંક : 03


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૦૧ | નઈ તાલીમે સામા પૂરે તરવાનું છે...<br>ભાણદેવજી | ...૦૯૪ |
| ૦૨ | લોકભારતીના તપસ્વી દાદાઓ<br>પ્રવીણચંદ્ર ઠક્કર | ...૦૯૬ |
| ૦૩ | ગાંધીજીનું પ્રથમ ચરિત્ર લખનાર : અવંતિકાબાઈ ગોખલે<br>ટીના દોશી | ...૦૯૯ |
| ૦૪ | સવજીભાઈ ધોળકિયાની જળસાધના<br>ડૉ. દિનુ ચુડાસમા | ...૧૦૨ |
| ૦૫ | ગાંધીજીના હાથમાં ગીતા<br>પારસકુમાર | ...૧૦૬ |
| ૦૬ | ભૂરી છત્રી<br>રસ્કિન બૉન્ડ. અનુવાદ : ડંકેશ ઓઝા | ...૧૦૮ |
| ૦૭ | જીવનમાં ગાંધી વિચારનું આચરણ<br>સુદર્શન આયંગાર | ...૧૧૦ |
| ૦૮ | મહાત્મા ગાંધીજી અને હું...<br>ડૉ. બળવંત તેજાણી | ...૧૧૨ |
| ૦૯ | હિંસાના માહોલમાં ગાંધીવિચારની સાર્થકતા<br>ડૉ. મહેશ સી. વાઘેલા | ...૧૧૫ |
| ૧૦ | સકારાત્મકતાનો સિલેબસ : પૉઝિટિવ સ્ટોરીઝનો ખજાનો...<br>ભૂષણ ઓઝા | ...૧૧૬ |
| ૧૧ | સાચા દિલથી કરેલી સમાજસેવા પણ 'ઝેરી' હોય તો...?<br>વિશાલ ભાદાણી | ...૧૧૮ |
| ૧૨ | શિક્ષણ : દરેક વ્યકિત માટે વાસ્તવિક કઈ રીતે બની શકે ?<br>રેખાબા સરવૈયા | ...૧૨૧ |
| ૧૩ | સંસ્થા સમાચાર<br>પ્રશાંત મહેતા | ...૧૨૫ |

**આદ્યતંત્રીઓ :**

સ્વ. શ્રી નાનાભાઈ ભટ્ટ
સ્વ. શ્રી મનુભાઈ પંચોળી
સ્વ. શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ
સ્વ. શ્રી અનિલભાઈ ભટ્ટ

**તંત્રી :**

ડૉ. અરુણ દવે
(મો. ૯૪૨૬૪૬૧૨૭૭)

**સહતંત્રી :**

ડૉ. દિનુ ચુડાસમા
(મો. ૯૯૭૯૧૮૭૫૮૭)

**સંપાદક-મંડળ:**

સોનલ પરીખ
(મો. ૮૩૬૯૭૭૭૦૮૬)
વિશાલ ભાદાણી
(મો. ૯૪૨૬૮૮૫૩૮૭)
તારક ઓઝા
(મો. ૯૮૭૯૨૧૩૬૯૬)
પ્રશાંત મહેતા
(મો. ૯૮૭૯૪૦૭૫૮૨)



**મુદ્રક-પ્રકાશક :**

શ્રી સુરસંગભાઈ ચૌહાણ
(મો. ૯૯૨૫૬૩૨૩૦૪)

**માલિક :**

ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ

**મુદ્રણ-સ્થાન :**

ચામુંડા પ્રિન્ટિંગ પ્રેસ,
રેલવે સ્ટેશન રોડ,
સોનગઢ,
ફોન : ૨૮૪૬-૨૪૪૦૫૦

**પ્રકાશન-સ્થળ :**

ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા


## ◆ સૂચના ◆

- ‘કોડિયું’ દરેક મહિનાની પંદરમી તારીખે પ્રગટ થાય છે. તા. ૨૫ સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.
- પત્રવ્યવહારમાં ગ્રાહક નંબર અવશ્ય લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તરત જાણ કરવી.
- ગમે તે મહિનાથી ગ્રાહક બની શકાય છે. લવાજમ મ.ઓ. ડિમાન્ડ ડ્રાફટ અથવા ઓનલાઈનથી સ્વીકારવામાં આવે છે.

Ac Name: ગ્રામદક્ષિણામૂર્તિ, Ac No.56016001728,
IFSC Code : SBIN0060016, Branch: SBI, Amargadh

## ◆ લેખ મોકલવા માટે ◆

‘કોડિયું’ કાર્યાલય,
લોકભારતી, સણોસરા,
જિ. ભાવનગર ૩૬૪૨૩૦
kodiyusanosara@gmail.com

## ◆ લવાજમ અને અંક વિષેની ફરિયાદ માટે પત્રવ્યવહાર ◆

શ્રી રવિભાઈ પંડયા
(મો. ૯૮૨૪૮૧૨૫૬૫)
ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા,
મુ. આંબલા- ૩૬૪૨૧૦
pandyavrp532@gmail.com

## ◆ લેખકોને ◆

અહીં લેખોમાં રજૂ થયેલા વિચારોની જવાબદારી લેખકની છે.
લેખ સાથે સરનામું અવશ્ય લખશો.

## ◆ લવાજમ ◆

| | |
|---|---|
| વાર્ષિક | રૂ. ૨૦૦/- |
| પાંચ વર્ષના | રૂ. ૧૦૦૦/- |

## તંત્રીસ્થાનેથી...

**'ગૂગલ' આવ્યાના વધામણાં જી રે ! ! ? ?**

વિશ્વને ટેરવે રમાડતું 'ગૂગલ' આજે ૨૫ વર્ષનું થયું! સપ્ટેમ્બર ૧૯૯૮માં અમેરિકાના કેલિફોર્નિયામાં જ બહુરાષ્ટ્રીય કંપની તરીકે જન્મેલું ગૂગલ આજે નાની-મોટી થઈને પચાસેક અબજ ડૉલરની સંપત્તિ ધરાવે છે! અત્યારે પ્રતિ કલાક ૨૨૮ મિલિયન ગૂગલ સર્ચ થાય છે. આ પૃથ્વી પર વસવાટ કર્યો ત્યારથી લઈને આજ સુધીમાં આટલી માહિતીઓ લોકો માટે ક્યારેય સુલભ નહોતી!

કોઈ પણ જ્ઞાતિ, સંપત્તિ, પ્રતિષ્ઠા, ઉંમર વગેરેના ભેદભાવ વગર સૌ કોઈને સમાન ભાવે સેવા આપતું ગૂગલ સામાન્યજન માટે તો માહિતીઓનો ખજાનો છે, અક્ષયપાત્ર છે. સૌથી મોટી સેવા ગૂગલે એ કરી છે કે વ્યક્તિગત રીતે જેને જે જોવા-સમજવા-જાણવાનો અભાવો હતો એ મહદ્ અંશે સંતોષ્યો છે! કોલાહલ કરતું આખું વિશ્વ જાણે જ્યાં જગ્યા મળી ત્યાં શાંતિથી બેસીને પોતાની વર્ષોની જિજ્ઞાસા સંતોષવા પલાંઠી મારીને બેસી ગયું છે. આપણે સમયે ઈચ્છીએ એ વિષય પર આધુનિક માહિતી મેળવી શકીએ છીએ. આવી સત્તા કદાચ અમેરિકાના પ્રથમ પ્રમુખ પાસે અથવા તો નેપોલિયન પાસે નહોતી જે આજે દુનિયાના દરેક સામાન્ય માણસ પાસે છે. ઘરમાં કે જાહેર સ્થળોએ સૌ કોઈ સ્માર્ટફોન સાથે વ્યસ્ત દેખાય છે. સૌને લાગે છે કે આજની ઘડી તે રળિયામણી.

માણસના ટેકનોલોજીકલ આવિષ્કારો-સંશોધનો અભ્યાસો માટેનો જો કાચો માલ કોઈ હોય તો તે માહિતી છે. આ કાચો માલ ગૂગલે ઢગલા મોઢે ખડકી દઈને સૌને 'ધંધાહગડ' કરી દીધા છે. ગૂગલે માહિતી-કેન્દ્રી શિક્ષણજગતની તો જાણે પથારી જ ફેરવી દીધી કહેવાય! માહિતીઓ અને ગોખણપટ્ટીનું મહત્ત્વ હવે રહ્યું નથી. વીકીપીડીયાએ પ્રાથમિકશાળા અને હાઈસ્કૂલના શિક્ષણનું સ્થાન લીધું છે એમ કહેવામાં અતિશિયોક્તિ નથી. વળી આજે EdX, Coursera કે YouTube જેવાં પ્લેટફોર્મ્સ પર સેંકડો યુનિ.ના વ્યાખ્યાનો નિશુલ્ક મેળવી શકાય છે. એક અર્થમાં શિક્ષણ સાથે જોડાયેલી માહિતી અને જ્ઞાનનું લોકશાહીકરણ થયું કહેવાય. એમ જણાતું હતું કે હવે આવડતો અને કૌશલ્યોનો મહીમા વધશે. શું ભણ્યા છો તે નહીં, શું આવડે છે તે મહત્ત્વનું બની રહેશે. પણ ટેકનોલોજીના છેલ્લા (અંતિમ નહીં હોં...) બિરાદર AIએ ભલભલા બુદ્ધિજીવીઓને પણ સ્તબ્ધ કરી મુક્યા છે. નવલકથાઓ, કવિતાઓ, નિબંધો, દરખાસ્તો, યોજનાઓ, ચિત્રો વગેરે હવે જો ફટાફટ તૈયાર મળશે તો તેના સર્જકોનું શું થશે? વિવિધ પ્રકારના અપાતા એવોર્ડસનું શું થશે? અને હા, જો શિક્ષક, ડ્રાઈવર, વેઈટર, ડૉક્ટર, પાઈલોટ અને ઑપરેશન કરતા સર્જનોનું કામ પણ AI દ્વારા થવા માંડશે તો નવી રોજગારી ક્યાંથી લાવીશું? એવું પણ બની શકે કે આ બેકાર યુવાનો AIની નાતને પકડી પકડીને મારશે. અને જો આવું થાય તો આંતરવિગ્રહપણ ફાટી પડે તેવું બને... અને જો આવું થયું તો એક દિવસ એવો જરૂર આવશે કે ફરી આ પૃથ્વીલોકે પૈડાં અને અગ્નિની શોધ માટે રાહ જોવી પડશે!!

જ્યારે તોફાની વાયરો ફૂંકાય ત્યારે કયો છોડ ટકી જશે તેનો આધાર જે તે છોડના મૂળ પર રહેલો છે. આનો અર્થ એ થાય કે જે વ્યક્તિની આંતરિક તાકાત બળકટ હશે એ આવા પરિવર્તન-વાયરા સામે ટકી રહેશે. પણ જ્યારે તોફાની વાયરો વાવાઝોડું બને ત્યારે મજબૂત છોડ પણ પડી ભાંગે છે. પણ લચીલા છોડ નમીને ફરી બેઠાં થાય છે. પ્રકૃતિમાં લચીલાપણાનો સ્વીકાર છે. આપણે આવા લચીલા બની શકીએ? વ્યક્તિગત અને વ્યાવસાયિક જગતમાં જૂના તમામ નિયમો અસ્ત થવામાં છે ત્યારે આ લચીલાપણુંનો સ્વીકાર આપણને ટકાવી રાખશે. એક ખાનગી છતાં સત્ય હકીકત એ છે કે આ લૌચિકતા ગાંધીવિચારમાં રહેલી છે.

પણ... હા મિત્રો પિકચર અભી બાકી હૈ...

— [signature]

## ૦૧ નઈ તાલીમે સામા પૂરે તરવાનું છે...

**ભાણદેવજી**

---

(ગતાંકથી ચાલુ)

ગાંધીવિચાર અને ગાંધીવિચારમાંથી ફલિત થતી બધી પ્રવૃત્તિઓ અને બધી સંસ્થાઓએ હવે વર્તમાન યુગમાં સામા પૂરે તરવાનું છે કારણ કે યુગનો પ્રવાહ વિપરીત છે. યુગપ્રવાહ વિપરીત હોય એટલે આપણે ચાલવાનું બંધ કરવાનું છે? સામા પૂરે તરવાનું હોય ત્યારે તરવાનું બંધ કરવાનું છે? ના. બંધ કરવાનું નથી. પ્રવાહની સાથે તો સૌ તરે છે, સામા પૂરે તરવામાં જ તરવાની ખરી મઝા છે.

આપણે જે જીવનદર્શનને સાથે લઈને ચાલીએ છીએ તે જીવનદર્શન સાચું છે કે નહીં તેની કસોટી વિપરીત સંજોગોમાં જ થાય છે. આપણી વિચારધારા અને જીવનશૈલી સાચાં હોય એટલું પૂરતું નથી, તેમાં બીજાં બે તત્ત્વો ઉમેરવાં જોઈએઃ આપણી વિચારધારા અને જીવનશૈલીમાં નિષ્ઠાપૂર્વક શ્રદ્ધા અને આપણી વિચારધારા અને જીવનશૈલીને વળગી રહેવાની શક્તિ. આમ બને તો આપણને કોઈ હરાવી શકે નહીં.

આમિશ પ્રજાનું દૃષ્ટાંત જગમશહૂર છે. અમેરિકાની આમિશ પ્રજા ૪૦૦ વર્ષથી પોતાની આગવી જીવનશૈલી અને શિક્ષણપદ્ધતિ જાળવી શકી છે અને આખરે વિજયી નીવડી છે. સરકારનો અપરંપાર વિરોધ છતાં તેમણે મચક ન આપી અને બધા જ વિરોધને અતિક્રમીને આખરે તેઓ પોતાની જીવનશૈલી અને શિક્ષણપદ્ધતિને જાળવી રાખવામાં સફળ થયા છે.

અમેરિકાનાં જુદાંજુદાં રાજ્યોના કાયદાઓ અલગ છે. પેન્સિલવેનિયાના કાયદા પ્રમાણે પ્રત્યેક બાળકે હાઈસ્કૂલ સુધીનું શિક્ષણ લેવું ફરજિયાત છે, એટલું જ નહીં, પણ એણે આ શિક્ષણ સરકારી અભ્યાસક્રમ અનુસાર ચાલતી સરકારી હાઈસ્કૂલમાં જ લેવું જોઈએ. આમિશ પ્રજાએ પોતાનાં બાળકોને સરકારી હાઈસ્કૂલમાં મોકલવાનો ઈનકાર કર્યો. સરકાર અને આમિશ પ્રજા વચ્ચે શરૂઆતમાં આ વિશે મતભેદ અને પછી સંઘર્ષ શરૂ થયો. અનેક આમિશ વાલીઓની ધરપકડ થઈ, અનેકને દંડ થયો, અનેકને જેલ થઈ, પણ આ બહાદુર અને ધર્મનિષ્ઠ પ્રજા તાબે ન જ થઈ.

આખરે સરકાર કૉર્ટમાં ગઈ. બંને પક્ષે પોતપોતાનો દાવો રજૂ કર્યો. નીચલી કૉર્ટમાં સમસ્યાનું સમાધાન ન થતાં સમસ્યા આખરે અમેરિકાની ફેડરલ કૉર્ટ અર્થાત સુપ્રિમ કૉર્ટમાં પહોંચી. ૧૯૭૨માં ચુકાદો આમિશ પ્રજાની તરફેણમાં આવ્યો.

આ ચુકાદામાં ફેડરલ કૉર્ટના નામદાર ન્યાયાધીશોએ લખ્યું છેઃ

'બહુમતી પ્રજાની જીવનપદ્ધતિ જ સાચી અને આમિશ કે અન્ય લઘુમતી પ્રજાની જીવનશૈલી ખોટી તેમ માની શકાય નહીં. કોઈ પણ પ્રજાની જીવનશૈલી ગમે તેટલી ભિન્ન હોય તોપણ જ્યાં સુધી તે અન્યને નુકસાનકર્તા ન હોય ત્યાં સુધી તેને પ્રતિબંધને પાત્ર ગણી શકાય નહીં કે તેમને તેમની રીતે જીવતાં રોકી શકાય નહીં.'

આ ઐતિહાસિક ચુકાદાથી આમિશ પ્રજાને પોતાના બાળકોનું શાળાકીય શિક્ષણ પોતાની રીતે ગોઠવવાની અને તદનુસાર પોતાની જ શાળાઓ ચલાવવાની છૂટ મળી.

આવો જ પ્રસંગ શ્રી અરવિંદ આશ્રમની શાળામાં પણ બન્યો છે.

પોંડિચેરી સાવ નાનું શહેર અને સાવ નાનું રાજ્ય છે. સ્વાતંત્ર્યદિને અને પ્રજાસત્તાક દિને પોંડિચેરીની બધી શિક્ષણસંસ્થાઓના વિદ્યાર્થીઓની પરેડ થાય અને સૌ રાજ્યપાલને સલામી આપે. રાજ્યપાલે એવો આગ્રહ રાખ્યો કે શ્રી અરવિંદ આશ્રમની શાળાના વિદ્યાર્થીઓએ પણ આ દિવસોએ રાજ્યપાલ સમક્ષ સલામી-પરેડ માટે હાજર રહેવું જોઈએ. શ્રી અરવિંદ આશ્રમની શાળાના વિદ્યાર્થીઓ અને

શિક્ષકોએ એમ કરવાનો ઈનકાર કર્યો. ખૂબ દબાણ આવ્યું, પણ મચક ન આપી. અનેક પ્રકારની કનડગત પણ થઈ, પણ સૌ અડગ રહ્યા. સલામી-પરેડમાં ન જ ગયા. આખરે રાજ્યપાલસાહેબ પણ સમજી ગયા.

લોકભારતીમાં પણ નાના પાયા પર આવી ઘટના ઘટી છે.

આર.આઈનો અભ્યાસક્રમ ચાલતો હતો ત્યારે દિલ્હીથી એક મોટા ઑફિસર તપાસ માટે આવ્યા. તેમણે ઑફિસમાં અને સર્વત્ર રૉફ મારવાનું શરૂ કર્યું. બધાને ખૂબ દબડાવવા માંડ્યા. વાત નાનાભાઈ પાસે પહોંચી. નાનાભાઈએ કેન્દ્રના આ ઑફિસર ડૉ. ભાણને પોતાના ઘરે બોલાવ્યા, કડક ભાષામાં બરાબર તતડાવ્યા અને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું:

'તમારી બધી મદદ બંધ કરી દો. તમારું આપેલું બધું જ પાછું લઈ લઈ જાઓ. તમારી એક-એક ઈંટ લઈ જાઓ. અમારે તમારી મદદની જરૂર નથી.'ઑફિસર ઠંડાગાર થઈ ગયા.

ગાંધીવિચાર અને ગાંધીવિચારપ્રણીત નઈ તાલીમે કોઈના ઓશિયાળા બનવાની જરૂર નથી. સામે પૂરે તો સામે પૂરે, આપણે તરતા રહેવાનું જ છે!

જેઓ તરવૈયા છે તેઓ જાણે છે કે નદીના પૂરની સાથે તરવાની અને નદીના પૂરની સામે તરવાની પદ્ધતિ ભિન્નભિન્ન છે. હવે જ્યારે નઈ તાલીમે યુગના પ્રવાહની સામે તરવાનું છે ત્યારે તરવાની પદ્ધતિમાં ઘણાં પરિવર્તનો કરવાનાં છે.

નઈ તાલીમ અને નઈ તાલીમના અમલીકરણમાં ઘણા ફેરફાર કરવા જરૂરી છે, પરંતુ આ ફેરફાર નઈ તાલીમના કેન્દ્રસ્થ તત્ત્વને જાળવીને કરવાના છે. આ કેન્દ્રસ્થ તત્ત્વ - આ સત્ત્વ છોડવાનું નથી.

નઈ તાલીમ નઈ તાલીમ છે, પરંતુ કોઈ પણ તાલીમ જેવી ને તેવી જ રહે તો જૂની થઈ જાય તેવું જોખમ છે.

નઈ તાલીમ ૭૫ વર્ષની થઈ છે. નઈ તાલીમે નઈ તાલીમ જ રહેવું હોય, જૂની થવામાંથી બચી જવું હોય તો નઈ તાલીમે પોતાના સ્વરૂપમાં યુગને અનુરૂપ પરિવર્તનો કરવાં જોઈએ. ગાંધીજીએ અને વિનોબાજીએ પોતાના કાર્યક્રમોમાં સતત સુધારા કર્યા છે, સતત વિકાસ કર્યો છે. તેઓ આજે હયાત હોત તો તેમણે પણ નવાં પરિવર્તનો સ્વીકાર્યાં જ હોત. દા.ત. ગાંધીજીના સમયમાં અંબર ચરખો ન હતો. વિનોબાજીએ અંબર ચરખાનો સ્વીકાર કર્યો અને ખાદીને જીવતી રાખવામાં અંબર ચરખાનું મોટું પ્રદાન છે.

હવે આપણે જોઈશું કે આ યુગપ્રવાહ વખતે નઈ તાલીમે પોતાના સ્વરૂપમાં કેવા કેવા અને કયા કયા ફેરફાર કરવાના છે.

(ક્રમશઃ)

**અહિંસામાં શ્રદ્ધાની પ્રેરણા.**

ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી ભારતમાં આવી ગયાને આશ્રમનો આરંભ કર્યો ત્યારે કાકાસાહેબ કાલેલકર બાપુને મળી કહેલું:''અહિંસાના માધ્યમથી આઝાદી મળી શકે છે એ વિચારમાં મને વિશ્વાસ બેસતો નથી.'' ગાંધીજીએ કહેલું: ''તમે આશ્રમમાં આવો, મારી સાથે કામ કરો,મારી દિનચર્યા જુઓ, કાર્યને નાણો પછી તમને વિશ્વાસ બેસે તો આશ્રમમાં રહેજો, નહીં તો તમે જઈ શકશો ''

કાલેલકરસાહેબ કહે છે કે: ''અહિંસા તરફ મને આદર છે પણ મેં એને આચરણમાં મૂકી નથી.''સાંભળી ગાંધીજીએ કહ્યું હતું : ''આજે તો ભારતમાં તમારા જેવા લોકોની બહુમતિ દેખાય છે. તમારા જેવાનો અસ્વીકાર કરું તો મને સાથીઓ અને દેશપ્રેમીઓ કેમ મળશે ? તમે અહીં આવો પછી અહિંસાની ઊર્જા વિશે તમારામાં શ્રદ્ધા જગાડવી એ જ મારું કામ છે.''

## ૦૨ લોકભારતીના તપસ્વી દાદાઓ

**પ્રવીણચંદ્ર ઠક્કર**

---

**ભૂમિકા :**

આ ચૈતન્યસભર વૈવિધ્યપૂર્ણ પૃથ્વી ઉપર કરોડો પ્રકારના, અબજોની સંખ્યામાં જીવો વસે છે. તે બધા સજીવો પ્રાકૃત છે. પ્રકૃતિને આધિન છે. જ્યારે આ સમગ્ર સૃષ્ટિનું સંચાલન કરવા માટે એક માત્ર મનુષ્યને મન અને બુદ્ધિની ભેટ મળી છે. આ બુદ્ધિ સારાસારનો વિવેક પ્રયોજીને, મનુષ્યમાં રહેલા મનુષ્યત્વને ઉજાગર કરે છે.વિજ્ઞાન અને અધ્યાત્મનો સમન્વય સાધી શકે, સંવેદનાઓના સંસ્કાર સિંચે, સંસ્કૃતિ અને પ્રકૃતિ સાથે સંવાદ રચી આપે તે માટેનું શ્રેષ્ઠ માધ્યમ-સાધન છે કેળવણી. ગાંધીજી હરિજન બંધુના તા. ૧/૮/૧૯૩૭ના અંકમાં લખે છેઃ 'કેળવણી એટલે મનુષ્યના શરીર, મન અને આત્મામાં જે ઉત્તમ અંશો હોય તેનો સર્વાંગી વિકાસ સાધીને, તેને બહાર આણવા' ગાંધીજી માત્ર પંડિત કે ઉપદેશક નહોતા તેમણે પોતાની સંકલ્પનાને સાકાર કરવા ગુજરાત વિદ્યાપીઠની ૧૯૨૦માં સ્થાપના કરી. ગુજરાતના શિક્ષણજગતનું એ પરમ સદ્ભાગ્ય છે કે તેને કેળવણીના આદર્શોને મૂર્તિમંત કરવા અનેક દાર્શનિક કેળવણીકારોનો ઉદ્દાત વારસો સાંપડયો છે.

**નાનાભાઈઃ વામનના વિરાટ પગલાં :**

સમગ્ર રાષ્ટ્રને ગૌરવ અપાવનાર મનીષી નાનાભાઈ ભટ્ટે છેક ૧૯૧૦માં શિક્ષણ ક્ષેત્રે ક્રાંતિકારી પગલાંના મંડાણ કર્યા. ભાવનગરમાં દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવનની સ્થાપના થઈ. યુગપુરુષ તરીકેની ૫૧ વર્ષની સફળ, વિરાટ યાત્રાનું આ પ્રથમ પગલું હતું. તેમને ગિજુભાઈ, હરભાઈ જેવા પ્રખર સાથીઓ સાંપડયા. વર્ધા મુકામે યોજાયેલ ઐતિહાસિક કેળવણી પરિષદમાં નઈ તાલીમને ચરિતાર્થ કરવા ગાંધીજીની હાકલને અનુસરી, ૧૯૩૮માં આંબલા ગામે ગ્રામદક્ષિણામૂર્તિ શરૂ કરી. વામનનું આ બીજું પગલું. ટૂંક સમયમાં તેણે ગજબનું કાઠું કાઢ્યું. દેશભરમાં અત્યારે જાણીતી થયેલી લોકશાળાઓના મૂળ આમાં હતા. અહીં તેમને મનુભાઈ પંચોળી, મૂળશંકરભાઈ ભટ્ટ, બુચભાઈ, રતિભાઈ અંધારિયા જેવા તેજસ્વી એકનિષ્ઠ યુવાન સાથીઓ મળ્યા. ગ્રામીણ તથા બુનિયાદી કેળવણી માટે દેશભરમાં પ્રેરણા, નમૂનારૂપ આ સંસ્થાની સફળતાથી પ્રેરાઈને અનેક શુભેચ્છકોએ નાનાભાઈને ઉચ્ચકેળવણી માટે એક સંસ્થા સ્થાપવાની દરખાસ્ત કરી.

૧૯૫૧માં ભારત સરકારે શિક્ષણ દ્વારા ગ્રામીણ વિસ્તારની કાયાપલટ કરવા, નૂતન સમાજરચના સ્થાપવાના ધ્યેય સાથે ડો. રાધાકૃષ્ણનના પ્રમુખપદે શિક્ષણપંચની રચના કરી હતી. આ કમિશનના વિદ્વાન સભ્ય ડૉ.આર્થર મોર્ગને પ્રબોધેલ ગ્રામવિદ્યાપીઠની વિભાવના, નાનાભાઈના વિચાર સાથે વેવલેન્થ સાધતી હતી. પરિણામે વામનના ત્રીજા પગલાંરૂપે ૧૯૫૩માં સણોસરા ગામે પ્રારંભ થયો લોકભારતી ગ્રામવિદ્યાપીઠનો. ઢેબરભાઈએ કહ્યું, 'લોકભારતી એ ગુજરાતને એક અકિંચન બ્રાહ્મણની શ્રેષ્ઠ ભેટ છે.' નાનાભાઈના રસના વિષયો હતાઃ સંસ્કૃત, વેદાંત, ઈતિહાસ, અંગ્રેજી અને અર્થશાસ્ત્ર પરંતુ શિક્ષક તરીકે તેમનામાં પ્રબળ અને નિર્ણાયક બાબતો હતી : ૧. ભણાવવું તે ધર્મ, આરાધના. ૨. દરેક વિદ્યાર્થી તે દેવ.

પ્રત્યક્ષ શિક્ષણ નહીં લઈ શકનારાઓના જ્ઞાન, ઘડતર માટે તેમણે કલમને સબળ માધ્યમ માન્યું. જીવન, ધર્મ, સંસ્કૃતિ, કેળવણી, સંસ્થા, છાત્રાલય સંચાલન અંગેના તેમના નક્કર વિચારો-અનુભવોના નિચોડરૂપ પચ્ચીશેક પુસ્તકોની તેમણે ભેટ આપી છે. ભારતના પ્રાચીન, આધ્યાત્મિક સાહિત્યનું તેમણે કરેલું આધુનિક સંસ્કરણ-રૂપાંતર, ગુજરાતી સાહિત્યની મહામૂડી છે. 'લોકરામાયણ', 'લોકભારત' અને

અને 'લોકભાગવત' તેમણે લખ્યા. લોકકેળવણીની તાલીમ માટે ભાગવત પારાયણ શરૂ કરી. તેથી જ સ્વામી આનંદે તેમને વ્યાસ-વાલ્મિકીના વારસની ઉપમા આપી છે. કેળવણી ક્ષેત્રે તેમના પ્રદાન થકી ભારત સરકારે તેમને ૧૯૬૦માં પદ્મશ્રીથી સન્માનિત કર્યા. ૧૯૬૧માં રવિશંકર મહારાજની ઉપસ્થિતિમાં દેશભરના મહાનુભાવોએ એમનું સન્માન કરી, થેલી અર્પણ કરેલ.

**નાનાભાઈના તપસ્વી સાથીદારો :**

સામાન્યજન-લોક માટેની વિદ્યાભારતીની ઉપાસના જેની પાસે અપેક્ષિત છે તે લોકભારતી ગ્રામવિદ્યાપીઠ અને હવે લોકભારતી યુનિવર્સિટી-અ રુરલ ઈનોવેશન, સમગ્ર દેશમાં શિક્ષણ, વિસ્તરણ અને સંશોધન દ્વારા સમાજમાં પ્રકાશપૂંજ પાથરવાનો સ્તુત્ય પુરુષાર્થ કરી રહી છે ત્યારે નાનાભાઈના સહયોગીઓ, સંસ્થાના સ્થાપક અન્ય છ તપસ્વી ટ્રસ્ટીઓનો અહીં સંક્ષિપ્ત પરિચય, કોડિયુંના જિજ્ઞાસુ વાચકો માટે પ્રસ્તુત છે.

**૧. ગણેશ વાસુદેવ માવળંકર (દાદાસાહેબ) :**

(જન્મ : ૨૭/૧૧/૧૮૮૮. અવસાન : ૨૭/૦૨/૧૯૫૬)

દાદાસાહેબ સત્ય અને સાદાઈ, કરકસર, વિદ્યાવ્યાસન, હેતુલક્ષીતા, ચોક્કસ મૂલ્યોનું જતન, નૈતિક ફરજ વિશે સભાનતા જેવા ગુણો ધરાવતા, મરાઠી અને ગુજરાતી સંસ્કૃતિના સમન્વય સમા હતા. ૧૯૧૩માં જનસેવા માટે વકીલાતનો પ્રારંભ કર્યો. ૧૯૩૭ સુધી ગાંધીજી તથા સરદાર પટેલ જેવાના સંગને લીધે સાર્વજનિક કાર્યોમાં તેમણે વધુ સમય આપ્યો. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં વિવિધ સમિતિઓના ચેરમેન, પ્રમુખ તરીકે ઉમદા કામગીરી બજાવી. તેઓ અમદાવાદ એજ્યુકેશન સોસાયટીના સભ્ય, ગુજરાત વિદ્યાસભાના અધ્યક્ષ હતા. ૧૯૩૭થી ૧૫ ઓગષ્ટ ૧૯૪૭ સુધી મુંબઈ ધારાસભાના ચૂંટાયેલા સ્પીકર રહ્યા. બંધારણ સભાના સભ્ય હતા. પ્રથમ લોકસભાના પ્રતાપી, પ્રભાવશાળી કુશળ સ્પીકર તરીકે દાદાસાહેબને પંડિત નહેરુજીએ લોકસભાના પિતા તરીકે વર્ણવ્યા હતા.

**૨. વૈકુંઠભાઈ મહેતા :**

(જન્મ : ૨૬/૧૦/૧૮૯૧ , અવસાન : ૨૮/૧૦/૧૯૬૪)

વૈકુંઠભાઈ સહકારી પ્રવૃત્તિના જ્યોતિર્ધર હતા. બોમ્બે સેન્ટ્રલ કોઓપરેટિવ બેંકમાં મેનેજર અને મેનેજિંગ ડિરેક્ટર તરીકે તેમજ બોમ્બે સ્ટેટ કો-ઓપરેટિવ યુનિયનના ચેરમેન તરીકે દીર્ઘકાલીન સેવાઓ આપી હતી. ૧૯૪૬થી ૧૯૫૨ મુંબઈ રાજયના નાણાં અને સહકાર મંત્રી રહ્યા હતા. તેઓ ખાદી ગ્રામોદ્યોગ કમિશનના અધ્યક્ષ હતા. સહકારી ક્ષેત્રમાં સમર્પિત અને પ્રામાણિક વ્યકિતઓ હોવી જોઈએ તેનું ઉદાહરણ તેમણે પૂરું પાડયું છે. પદ્મભૂષણ વૈકુંઠભાઈ એટલે કાર્યનિષ્ઠા, નમ્રતા, અજાતશત્રુ, સાદાઈ અને ત્યાગવૃત્તિ.

**૩. ઉછરંગરાય ઢેબર :**

(જન્મ : ૨૧/૦૯/૧૯૦૫, અવસાન : ૧૧/૦૩/૧૯૭૭)

ઢેબરભાઈ અગ્રણી સ્વાતંત્ર્ય સેનાની, રચનાત્મક કાર્યકર, ખેડૂતોના પિતા અને સૌરાષ્ટ્ર રાજયના મુખ્યમંત્રી હતા. વ્યવસાયે વકીલ. ગાંધીજીના આશીર્વાદ મેળવી સૌરાષ્ટ્રને સેવાનું કેન્દ્ર બનાવ્યું. આઝાદી બાદ સૌરાષ્ટ્રના ૨૨૨ દેશી રાજયોના વિલિનીકરણનો પ્રશ્ન ઉકેલવામાં સરદારસાહેબને તેમણે સહાય કરી.

૧૯૪૮માં કાઠિયાવાડના દેશી રાજયોના એક સૌરાષ્ટ્રના અલગ રાજયના પ્રથમ મુખ્યપ્રધાન તરીકે તેમની વરણી થઈ. તેમના નેતૃત્વ તળે સરકારે ક્રાંતિકારી જમીન સુધારાઓનો અમલ કરવામાં સમગ્ર દેશમાં પહેલ કરી હતી. ૧૯૫૫માં તેઓ અખિલ હિંદ રાષ્ટ્રીય કોન્ગ્રેસના પ્રમુખ બન્યા. ૧૯૬૨માં લોકસભાના સભ્ય તરીકે ચૂંટાયા. નવેક વર્ષ ખાદીગ્રામોદ્યોગ કમિશનના અધ્યક્ષ તરીકે સેવાઓ આપી.

**૪. વજુભાઈ શાહ :**

(જન્મ : ૦૬/૦૨/૧૯૧૦, અવસાન : ૦૯/૦૧/૧૯૮૨)

વજુભાઈ ગુજરાતના મૂલ્યલક્ષી લોકસેવક, ગાંધીનિષ્ઠ, આધ્યાત્મિક સાધક હતા. ૧૯૨૮માં ઉચ્ચશિક્ષણ માટે કરાંચી ગયા. એન્જિનીયરીંગ કૉલેજમાં પ્રવેશ મેળવ્યો. ૧૯૨૯માં લાહોર કોંગ્રેસ અધિવેશનમાં ભાગ લીધો. ગાંધીજીએ વિદ્યાર્થીઓને ગુલામીનું ભણતર છોડીને આઝાદીના જંગમાં ઝંપલાવવાની અપીલ કરી. તેમના આદેશને અનુસરી વજુભાઈ અભ્યાસ છોડી ભારત આવ્યા. ધોલેરા સત્યાગ્રહમાં જોડાયા. હિન્દ છોડો ચળવળમાં ભાગ લીધો. જયાબહેન સાથે લગ્ન કર્યા. ૧૯૪૮માં સ્થાપિત સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિના તેઓ સ્થાપક-સભ્ય હતા. વર્ષો સુધી તેના મંત્રી-પ્રમુખ રહ્યા. ૧૯૫૨માં સૌરાષ્ટ્ર વિધાનસભાના સભ્ય, ૧૯૬૨માં ગુજરાત વિધાનસભાના સભ્ય થયા. રાજયના મંત્રી પણ બન્યા. ગુજરાત પ્રદેશ કોન્ગ્રેસ સમિતિના પાંચ વર્ષ પ્રમુખ રહ્યા. ઉમાશંકર જોશીએ તેમને હૃદયના કલાકારની ઉપમા આપી હતી.

**૫. ભીમાભાઈ પટેલ (ચાંગેલા) :**

(જન્મ : ૦૩/૧૦/૧૮૮૯, અવસાન : ૦૮/૧૨/૧૯૬૬)

ભીમજીભાઈ પ્રખર સમાજસુધારક, ખેડૂતો માટે યુગપુરુષ હતા. તેમના પ્રયાસોથી ગોંડલ રાજયમાં ૧૯૧૮માં સૌ પ્રથમ ફરજિયાત કન્યાકેળવણીનો કાયદો પસાર થયો. રાજવી સરભગવતસિંહજીએ તેમને રાજયના આધારસ્તંભ માનતા હતા. ભીમબાપા ગાંધીજીના સંપર્કમાં આવતા તેમના સત્ય, સાદગી અને નિડરતાથી પ્રભાવિત થયા. સૌરાષ્ટ્ર રાજયના તેઓ ધારાસભ્ય થયા. મુખ્યમંત્રીએ તેમને રાજકીય સલાહકારનું માનદ પદ આપ્યું. ગરાસદારો કે ખેડૂતો બંનેને અન્યાય ન થાય તે રીતે જમીનદારી નાબૂદીનો કાયદો તેમજ ધારાના અમલમાં તેમણે રાજયને પૂરી મદદ કરી હતી.

**૬. મનુભાઈ પંચોળી દર્શક :**

(જન્મ : ૧૫/૧૦/૧૯૧૪, અવસાન : ૨૯/૦૮/૨૦૦૧)

મનુભાઈ શ્રેષ્ઠ સર્જક, ટોચના કેળવણીકાર, નવી સમાજરચનાના દ્દષ્ટા-દાર્શનિક હતા. તેમણે ૧૬ વર્ષની વયે ૯ ધોરણ બાદ અભ્યાસ છોડી સત્યાગ્રહમાં ઝંપલાવ્યું. ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા અને લોકભારતીમાં નાનાભાઈના સાથીદાર. તેઓ ૧૯૬૭ થી ૧૯૭૧ ગુજરાત વિધાનસભાના સભ્ય અને ૧૯૭૧માં શિક્ષણપ્રધાન રહ્યા હતા. 'દર્શક' યાદ રહેશે એમની સમાજશીલ અને સંસ્કૃતિની ગૌરવગાથા સમી નવલકથાઓથી. તેમની યશોદાયી નવલકથા 'ઝેર તો પીધાં છે જાણી જાણી', 'સોક્રેટિસ' અને 'કુરુક્ષેત્ર' સહિતના ૫૦ પુસ્તકોએ સાહિત્યવિશ્વની અમૂલ્ય સેવા કરી છે. તેઓ ગુજરાત સાહિત્યપરિષદ, ગુજરાત સાહિત્યઅકાદમી, સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ જેવી અનેક સંસ્થાઓના પ્રમુખ રહ્યા છે. વિશ્વઈતિહાસના ઊંડા અભ્યાસી પદ્મભૂષણ મનુભાઈને ભારતીય સાહિત્ય અકાદમીનો એવોર્ડ, ભારતીય જ્ઞાનપીઠનો મૂર્તિદેવી પુરસ્કાર, બિરલા ફાઉન્ડેશનનો સર્વોચ્ચ સરસ્વતી પુરસ્કાર એનાયત થયા છે.

**સમાપન :**

ઉપરોકત સાત સ્થાપક ટ્રસ્ટીઓની પરંપરા, આદર્શો અને ભાવનાને ત્યાર પછીના ટ્રસ્ટીઓ પણ યોગ્ય રીતે ઉજાગર કરતાં રહ્યા છે ફલસ્વરૂપ સંસ્થાના હજારો તેજસ્વી તારલાઓ, ૧૨૧ જેટલા વિવિધ શૈક્ષણિક, સામાજિક, સરકારી, સહકારી, પંચાયત, બેકિંગ સંસ્થાઓમાં પોતાના નામ અને કામને ઉજ્જવળ કરી રહ્યા છે.

(ડી–૨૦૪, અભિષેક એન્ટિલિયા, સમા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ સામે, પુનિત નગર, ન્યુ સમા રોડ, વડોદરા – ૩૯૦૦૨૪, મો. ૯૪૨૬૪૬૧૦૯૦)

## ૦૩ ગાંધીજીનું પ્રથમ ચરિત્ર લખનાર : અવંતિકાબાઈ ગોખલે

**ટીના દોશી**

ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં પ્રથમ ક્રમાંકે જેની ગણના થાય છે એવા ચંપારણ સત્યાગ્રહમાં એ સહભાગી થયેલાં, મહાત્મા ગાંધીજીનાં પ્રથમ ભારતીય પટ્ટશિષ્યા બનેલાં અને ગાંધીજીનું પહેલું ચરિત્ર પણ એમણે જ લખેલું....ઓળખ્યાં એમને?

એમનું નામ અવંતિકાબાઈ ગોખલે. મરાઠીભાષી સ્વતંત્રતા સેનાની. નિઃસ્પૃહી, સ્પષ્ટવકતા અને અનુશાસનપ્રિય સેનાની તરીકે આઝાદી આંદોલનમાં જાણીતાં થયાં. એમનાં પ્રયત્નોને પરિણામે મુંબઈમાં સેંકડો સ્ત્રીઓ મીઠાના સત્યાગ્રહમાં સામેલ થયેલી. સ્ત્રીઓના વ્યક્તિત્વ વિકાસ માટે અને સ્ત્રી સશક્તિકરણ માટે 'હિંદ મહિલા સમાજ'ની સ્થાપના એમણે કરેલી. મિલમાં કામ કરતી મજૂર સ્ત્રીઓનાં બાળકો માટે એમણે દેશમાં પ્રથમ ઘોડિયાઘર શરૂ કરેલું,

અવંતિકાબાઈ ગોખલેનો જન્મ ૧૮૮૨માં ઈન્દોરમાં થયો. પિતા વિષ્ણુપંત જોશી ઈન્દોરમાં રેલવેના પ્રામાણિક કર્મચારી હતા. એ સમયમાં કન્યાશિક્ષણનું પ્રચલન ન હોવાને કારણે પિતાએ અવંતિકાને ભણાવ્યાં નહોતાં. વળી પુરાણી પરંપરાઓને વળગી રહીને એમણે અવંતિકાને નવ વર્ષની વયે બબનરાવ ગોખલે સાથે પરણાવી દીધાં. બબનરાવના ઘરમાં સુધારક વિચારોનું ચલણ હતું. એથી નિરક્ષર અવંતિકાને એમનાં સાસુએ કામચલાઉ મરાઠી ભણાવી દીધી. પરંતુ કેટલાંક વર્ષો બાદ બબનરાવ એન્જિનિયરિંગનો અભ્યાસ કરવા વિલાયત ગયા ત્યારે તેમણે ચીમકી આપી કે, મારા વિદેશ પ્રવાસ દરમિયાન અવંતિકા અંગ્રેજી નહીં શીખી લે તો હું કોઈ પરદેશી મેમ સાથે વિવાહ કરીને એને ઘેર લઈ આવીશ.. અવંતિકા ગભરાઈ ગયાં. ડરના માર્યા એકાદબે વર્ષમાં જ અંગ્રેજી ભાષા શીખી ગયાં.

દરમિયાન બબનરાવ વિલાયતમાં સાત વર્ષ રહીને, ભણીને અને કામનો અનુભવ મેળવીને ભારત પાછા ફર્યા. એક યાંત્રિક દુર્ઘટનામાં આંગળીઓ સહિત હાથનાં પંજા કપાઈ ગયા. ભવિષ્યનો વિચાર કરીને બબનરાવે અવંતિકાને નર્સિંગનું શિક્ષણ પ્રાપ્ત કરવાની મંજૂરી આપી. એક વર્ષ સુધી તાલીમ લીધા બાદ અવંતિકાબાઈએ પરીક્ષા આપી. પ્રથમ શ્રેણીમાં ઉત્તીર્ણ થયાં. ઘરની આર્થિક સ્થિતિ સમૃદ્ધ હોવાથી પરિચારિકા તરીકે નોકરી એમણે ન કરી, પરંતુ રોગીઓની સુશ્રુષા કરવામાં પાછું વળીને ન જોયું.

આ અરસામાં બબનરાવે દીવાસળીનું કારખાનું નાખ્યું. ભારતમાં હજુ સ્વદેશી આંદોલન શરૂ થયું નહોતું. નાનીમોટી સાધનસામગ્રી વિદેશથી તૈયાર થઈને આવતી. બબનરાવ દેશમાં જ ઉત્પાદન કરીને સ્વદેશી ચીજવસ્તુઓ બનાવવાના પક્ષે હતા. એક વાર ડાયનામાઈટનો વિસ્ફોટ કરીને પ્રયોગ કરી રહ્યા હતા, ત્યારે એમનો હાથ બૂરી રીતે ઘવાયો. અવંતિકાબાઈએ તરત જ પોતાની સાડી ચીરીને પતિના જખમ પર પાટો વીંટી દીધો. લોહી નીકળવાનું બંધ થયું. પછી ડૉક્ટર પાસે લઈ ગઈ. પતિની શસ્ત્રક્રિયામાં ડૉક્ટરની મદદ કરી. બબનરાવના પંજા તો કપાયેલા હતા જ, જમણો હાથ પણ કલાઈથી છૂટો થઈ ગયેલો. બબનરાવને ઓશિયાળા હોવાનું અનુભવાયું. અવંતિકાબાઈએ સ્નેહ નીતરતા સાદે કહ્યું: "તમારી આંગળીઓ કપાઈ ગઈ છે તો શું થયું? મારી તો દસેય આંગળીઓ સલામત છે. હું છું ત્યાં સુધી તમારા સુધી કોઈ તકલીફ પહોંચી નહીં શકે."

અવંતિકાબાઈએ બબનરાવને કોઈ મુશ્કેલી ન પડે તેની

ખાસ ચીવટ રાખી. દરમિયાન ૧૯૧૩માં ઈચલકરંજીનાં રાણી સાથે ઇંગ્લેન્ડ જવાનો અવસર મળ્યો. ત્યાં પ્રતિષ્ઠિત ઘરની મહિલાઓને સામાજિક કાર્યો કરતી જોઈને અવંતિકાબાઈને પ્રેરણા મળી. ભારત પાછા ફરીને એ સમાજસેવામાં પરોવાયાં. ભારત સેવક સમિતિના કાર્યકર્તા દેવધરના માર્ગદર્શનમાં મુંબઈની પ્રખ્યાત સંસ્થા સેવાસદનમાં કાર્યરત થયાં.

આ ગાળામાં ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી ભારત પાછા ફર્યા. એ હજુ મહાત્મા તો નહોતા બન્યા, પણ એમના કાર્યોને પગલે ગાંધીના નામનો ડંકો વાગેલો. અવંતિકાબાઈએ ગાંધીજીનું નામ સાંભળેલું. પણ સાબરમતી આશ્રમની મુલાકાત દરમિયાન શ્રીનિવાસ શાસ્ત્રીએ ગાંધીજીનો પરિચય ગોખલે દંપતી સાથે કરાવ્યો. ગાંધીજી હીરાની પરખ કરી જાણનારા કુશળ ઝવેરી હતા. અવંતિકાબાઈની શક્તિ પિછાણી. અવંતિકા પણ પહેલી નજરે જ ગાંધીજીથી પ્રભાવિત થયાં.

માળામાં એક પછી એક મણકા પરોવતા જાય એમ પ્રસંગોના અંકોડા સાંકળ બનીને ગોઠવાતા ગયા. પરિણામે ગાંધીજીના નેતૃત્વમાં બિહારમાં આઝાદી આંદોલનનો સૌથી પહેલો ચંપારણ સત્યાગ્રહ થયો. અવંતિકાબાઈ સત્યાગ્રહી બન્યાં. ગાંધીજીના શબ્દોમાં કહીએ તો, ચંપારણ જનક રાજાની ભૂમિ છે. ચંપારણમાં જેમ આંબાનાં વન છે તેમ ત્યાં સને ૧૯૧૭માં ગળીનાં ખેતરો હતાં. પોતાની જ જમીનના ત્રણ વિશાંશ ભાગમાં ચંપારણના ખેડૂતો ગળીનું વાવેતર તેના મૂળ માલિકોને સારુ કરવા કાયદેથી બંધાયેલા હતા. આનું નામ તીનકઠિયા કહેવાતું હતું. વીસ કઠાનો ત્યાંનો એક એકર ને તેમાંથી ત્રણ કઠાનું વાવેતર એનું નામ તીનકઠિયાનો રિવાજ. ગળીની ખેતીને કારણે જમીન ખરાબ થતી. ખેડૂતોની દુર્દશા થતી.

ચંપારણના એક ખેડૂત રાજકુમાર શુક્લના પ્રેમભર્યા આગ્રહથી ગાંધીજી ત્યાંના ખેડૂતોની દયનીય પરિસ્થિતિની જાતતપાસ માટે ગયેલા. એમને લાગ્યું કે ચંપારણમાં બરોબર કામ કરવું હોય તો ગામડાંમાં કેળવણીનો પ્રવેશ થવો જોઈએ. લોકોનું અજ્ઞાન દયાજનક હતું. ગામડાંનાં છોકરાં રખડતાં હતાં. અથવા માબાપો તેમને દિવસના બે કે ત્રણ પૈસા મળે તેટલા સારુ આખો દહાડો ગળીનાં ખેતરોમાં મજૂરી કરાવતાં. આ સમયે પુરુષોની મજૂરી દસ પૈસા કરતાં વધારે નહોતી. સ્ત્રીઓની છ પૈસા અને બાળકોની ત્રણ, ચાર આનાની મજૂરી મળે તે ખેડૂત ભાગ્યશાળી ગણાય.

ગાંધીજીએ પોતાની આત્મકથા 'સત્યનાં પ્રયોગો'માં ચંપારણ સત્યાગ્રહની ભૂમિકા બાંધતાં નોંધ્યું છે કે, ''સાથીઓ સાથે ઠરાવ કરી છ ગામડાંમાં પ્રથમ તો બાળકોને સારુ નિશાળ ખોલવાનો ઠરાવ થયો. શરત એવી હતી કે, તે તે ગામડાંનાં આગેવાનોએ મકાન અને શિક્ષકનું ખાવાનું આપવું, તેનું બીજું ખર્ચ અમારે પૂરું પાડવું. અહીંનાં ગામડામાં પૈસાની છોળ નહોતી, પણ અનાજ વગેરે પૂરું પાડવાની લોકોની શક્તિ હતી, એટલે લોકો કાચું અનાજ આપવા તૈયાર થઈ ગયા હતા. શિક્ષકો ક્યાંથી લાવવા એ મહાપ્રશ્ન હતો. મારી કલ્પના એ હતી કે, સામાન્ય શિક્ષકના હાથમાં બાળકો ન જ મુકાય; શિક્ષકને અક્ષરજ્ઞાન ભલે ઓછું હોય, પણ તેનામાં ચારિત્રબળ જોઈએ.''

આ કામને સારુ ગાંધીજીએ સ્વયંસેવકોની જાહેર માગણી કરી. અવંતિકાબાઈ ગોખલેને તેડું મોકલ્યું. મુંબઈનાં સુશિક્ષિત, સભ્ય સમાજનાં હતાં. આલીશાન ઘરમાં રહેતાં. વીજળી અને ગેસની સુવિધા એમને ઉપલબ્ધ હતી. પરંતુ બિહારમાં જે ગામમાં રહેવાનું હતું ત્યાં ફાનસની સગવડ મેળવવી પણ અઘરું હતું. છતાં ગાંધીજીનો આદેશ થતાં જ બબનરાવ અને અવંતિકાબાઈ મુંબઈથી ચંપારણ જવા નીકળી પડ્યા. પતિપત્ની હંમેશાં રેલમાં બીજા વર્ગમાં પ્રવાસ કરતાં, પણ ગાંધીજીના આદેશથી બિહાર જઈ રહ્યાં હોવાથી ત્રીજા વર્ગમાં મુસાફરી કરીને ચંપારણ પહોંચ્યાં. ગાંધીજીએ પુત્ર દેવદાસને ગોખલે બેલડીને સ્ટેશને તેડવા માટે મોકલ્યો

ત્યારે કહ્યું: "અવંતિકાબાઈ ત્રીજા વર્ગમાં આવશે તો જ એમને અહીં રાખીશ, નહીંતર મુંબઈભેગાં કરી દઈશ." પણ દેવદાસ રેલવેના બીજા વર્ગમાં તપાસ કરીને ખાલી હાથે પાછો આવ્યો. ગાંધીજીને કહ્યું, "અવંતિકાબાઈ તો આ ગાડીમાં આવ્યાં નથી." ત્યાં સુધીમાં અવંતિકાબાઈ તો ગાંધીજી પાસે પહોંચી ગયેલાં. ગાંધીજી કહે, "મેં તો પહેલાં જ કહેલું કે અવંતિકાબાઈ ત્રીજા વર્ગમાં આવશે."

અવંતિકાબાઈ ઉપરાંત દક્ષિણથી આનંદીબાઈ આવ્યાં. મહાદેવ દેસાઈનાં પત્ની દુર્ગાબહેન તથા નરહરિ પરીખનાં પત્ની મણિબહેન પણ આવ્યાં. કસ્તૂરબાઈ આવી ગયાં. આટલો શિક્ષકો અને શિક્ષિકાઓનો સંઘ પૂરતો હતો. ગાંધીજીએ નોંધ્યું છે કે, 'બહેનોને સમજાવી કે તેમણે છોકરાંને વ્યાકરણ નહીં પણ રીતભાત શીખવવાની છે, વાંચતાંલખતાં કરતાં તેમને સ્વચ્છતાના નિયમો શીખવવાના છે. હિંદી, ગુજરાતી, મરાઠી વચ્ચે મોટો ભેદ નથી એ પણ તેમને બતાવ્યું, ને પહેલાં વર્ગમાં તો માંડ આંકડાઓ માંડતાં શીખવવાનું હોય એટલે મુશ્કેલી ન જ આવે. પરિણામ એ આવ્યું કે, બહેનોના વર્ગ બહુ સરસ રીતે ચાલ્યા. બહેનોને આત્મવિશ્વાસ આવ્યો ને તેમને પોતાના કામમાં રસ પણ આવ્યો. અવંતિકાબાઈની શાળા આદર્શશાળા બની. તેમણે પોતાની શાળામાં પ્રાણ રેડયો. તેમની આવડત પણ પુષ્કળ હતી.'

સ્વયં ગાંધીજીએ અવંતિકાબાઈની પ્રશંસા કરવી પડે એવું અદભુત કામ એમણે કરી બતાડેલું. પણ એનાથીયે મોટું કામ એમણે એ કર્યું કે ગાંધીજીનું પ્રથમ ચરિત્ર લખ્યું. ચંપારણમાં મહાત્મા ગાંધીના માર્ગદર્શનમાં સ્વયંસેવિકાઓને કામ કરતી જોઈને અવંતિકાબાઈને ગાંધીજીનું ચરિત્ર લખવાનો વિચાર આવ્યો. મનમાં થયું કે આટલા મહાન મહાત્માના ચરિત્રને અક્ષરદેહે કંડારવાનું કામ મારા જેવી અલ્પમતિ સ્ત્રી કરે એ તો નાના મોંએ મોટી વાત કરવા જેવું થાય. પણ પછી વિચાર્યું કે જે રીતે પ્રભુનાં ગુણગાન કરવાનો અધિકાર સહુને છે, એ રીતે મહાત્માના ગુણોની ભક્તિ કરવાનો અધિકાર સૌને એકસમાન છે. આ ભાવનાથી પ્રેરાઈને અવંતિકાબાઈએ ભગીરથ કામ હાથ ધર્યું. ૧૯૧૮માં અવંતિકાબાઈ ગોખલે લિખિત 'મહાત્મા ગાંધી યાંચે ચરિત્ર-વિશેષ પરિચય, લેખ વ વ્યાખ્યાન' શીર્ષક સાથે ગાંધીજીનું સર્વપ્રથમ ચરિત્ર મરાઠી ભાષામાં પ્રકાશિત થયું. પ્રસ્તાવનામાં લોકમાન્ય ટિળકે સાચું જ કહ્યું છે કે, ભવિષ્યના ચરિત્રલેખકો માટે આ પુસ્તક દિશાદર્શકનું કામ કરશે!

મહાત્મા ગાંધીજીના મૃત્યુ પછી બે જ મહિનામાં ૨૫ માર્ચ ૧૯૪૮ના ગાંધીજીનાં પટ્ટશિષ્યા એવાં અવંતિકાબાઈનું નિધન થયું. પરંતુ આજે પણ ગાંધીજી વિશેનું એમનું પુસ્તક જીવનચરિત્રના લેખકો માટે સાચા અર્થમાં દિશાદર્શક બની રહ્યું છે!

**ગાંધીજી અને જનરલ સ્મટ્સ**

દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીએ જનરલ સ્મટ્સ સામે ભારતીયોના હક્ક માટે લડત આદરેલી, પણ બાપુ તો દરેક મોરચો સરકારને- સામેનાને જાણ કરીને માંડતા આ જોઈ ગાંધીજીને જનરલ સ્મટ્સે કહેલું કાન દઈને સાંભળો:

'ગાંધી, તમારી સામે તો કઈ રીતે કામ લેવું ? તમે તો જાતે સહન કરીને લડો છો.અમારું કશું બગાડતા નથી. મનમાં પણ અમારું બૂરું ઈચ્છતા નથી.અમે આફતમાં હોઈએ ત્યારે ઉલટાના તમારી લડત સંકેલી લો છો. જે શિસ્ત તમારા માટે તમે પોતે નક્કી કરી હોય, તે બરાબર પાળો છો.તમને તે શું કરવું ? '

સાંભળી ગાંધીજી મરક મરક હસ્યાં હતાં.

## ૦૪ સવજીભાઈ ધોળકિયાની જળસાધના

**ડો. દિનુ ચુડાસમા**

જળસંપત્તિ યોજનાઓ માટે કહો કે પાણી માટે પાણીની જેમ અંગત પૈસા વાપરતો કોઈ એક માણસ આજે સૌરાષ્ટ્રમાં, ગુજરાતમાં કે ભારતમાં હયાત હોય તો એ છે સવજીભાઈ ધોળકિયા. ધૂળિયા મારગે પુરુષાર્થ કરીને, હીરા ઉદ્યોગમાં ખૂબ સફળ થયેલા આ ઈન્સાનના રસરુચિના ક્ષેત્રકાર્ય વિશે થોડીક વાતો તમારી સમક્ષ રાખવી છે. અમરેલી જિલ્લાના લાઠી તાલુકાનું ખોબા જેવડું ગામ દૂધાળામાં તા.૧૨/૦૪/૧૯૬૨ના રોજ ખેડૂત પિતાને ખોરડે સવજીભાઈનો જન્મ થયો. ગામની ધૂળી શાળામાં ચાર ધોરણ સુધીનું શિક્ષણ લીધા પછી સાડાબાર વર્ષની ઉંમર થઈ ત્યાં ભણવાનું છોડી હીરા-ઉદ્યોગમાં એ સમયનું પાંગરતું નગર સુરતની વાટ માતા ફૂલીબાઈના કહેવાથી પકડી. ઈ.સ.૧૯૭૭માં માતાના આશીર્વાદ ખાલી ખિસ્સામાં ભરી સુરત આવી ગયા. સુરત મોકલતા માએ કહ્યું હતુંઃ

'બેટા, ખૂબ મહેનત કરજે, દીકરા ખૂબ મોટો માણસ, સારો માણસ થાજે, પૈસાવાળો બનજે.'

સવજીભાઈ માતૃશ્રીના આશિષ લઈને સુરત પહોંચી ગયા, થોડો સમય સગાઓને ત્યાં રહી હીરાનું કામ શીખે છે. પણ માહ્યલામાં વારંવાર પોતાને ગામ દૂધાળા આવી જવાનો ભાવ જાગે. જન્મભૂમિ તરફની મહોબ્બત સતત માતૃભૂમિ તરફ ખેંચે. લોહીની નસોમાં વહેતો વતનરાગ અખિલાઈસભર હતો તે એમને ઘરે પરત ખેંચી લાવતો. મા-ફૂલીમા થોડાક દિવસ દીકરાને ઘરે રાખે, સાચવે, પછી સમજાવી, મોટીવેટ કરી પાછા સુરત મોકલતા. માતાના એ સમયના શબ્દોને અત્યારે પણ મોટી મોટી ઈવેન્ટમાં પોતાની સરળબાનીમાં સવજીભાઈ સંભારી કહે છે કેઃ

'મારી માનું સ્વપ્ન હતું, ચાહત હતીઃ તું સારો માણસ બન. મોટો માણસ બન. ખૂબ પૈસા કમા, સમાજને ઉપયોગી થા.'

બસ આ વાત કિશોરવયના સવજી માટે પ્રેરક બની ગઈ. સુરતમાં ૧૯૭૭માં આવી હીરાના નખશીખ કારીગર -આર્ટીસ્ટ બની ગયા. બિઝનેસમાં આવવા ઊંડાણપૂર્વકનું અધ્યયન કર્યુ. અનુભવ લેતા, ટીપાતા, નિંભાડે પાકતા ઘાટ આવતો ગયો. આગળ જતા પોતાની એક મજબૂત ટીમ ઊભી કરીને હરિકૃષ્ણ ડાયમંડ કંપની સ્થાપી. ઘરેથી સાડાબાર વર્ષની ઉંમરે, ખાલી ખિસ્સે સુરત આવી ગયેલા સવજીભાઈની કંપની આજે વર્ષે સાડાબાર હજાર કરોડનું ટર્નઓવર કરે છે. માત્ર બિઝનેશ નહીં સામાજિક ઉત્તરદાયિત્વ પણ સજ્જતાપૂર્વક સંભાળે છે. આજે એમની કંપનીના ૬ હજાર કર્મચારીઓ સવજીભાઈનો પરિવાર બની ગયા છે. સૌને હેત, હૂંફ, આપી, માણસના કેલિબર પ્રમાણે, રસ મુજબનું કામ આપી કાર્યરત બનાવી શ્રેષ્ઠ પરિણામો પ્રાપ્ત કરી, બધાને એના મીઠાંફળો ચાખવા મળે એવા લોકકલ્યાણના કાર્યો કરવા એમને ગમે છે. સવજીભાઈ સાથે વાતો ચાલી ત્યારે મેં પૂછ્યું હતુંઃ

'તમે આટલા બધા લોકોને એકસાથે કેવી રીતે રાખી શકો છો?'

જવાબઃ 'દિનુભાઈ, મને જેમાં કાંઈ ખબર ના પડે એમાં જે માણસોને ખબર પડે એવા લોકોને શ્રદ્ધા-ભરોસાપૂર્વક બોલાવી, સાથે રાખી, કામની જવાબદારી સોપી દઉં છું. એમને સારું વળતર આપું. એ માણસ પછી અમારા હરિકૃષ્ણ પરિવારનો સભ્ય બની જાય છે.'

કંપનીના-સવજીભાઈ સાથે જળસંપત્તિ યોજનામાં સામેલ કર્મચારીઓ-કહોકે કુટુંબની કાર્યનિષ્ઠા,મૂલ્યવર્ધક આચરણ, નિષ્ઠાયુક્ત ભરોસાપાત્ર વ્યવહાર હોવાથી સવજીભાઈ પોતાના નિજીરસના-સમાજને, રાષ્ટ્રને પોષક

ઉદાહરણરૂપ યજ્ઞકાર્યોમાં સમય ફાળવી હાજર રહી શકે છે.

તા.૧૨/૪/૨૦૨૨ના રોજ જીવનના છ દાયકા પૂરા કરનાર સવજીભાઈના જીવનનો ઉચ્ચ-શ્રેષ્ઠ સમય આરંભ થાય છે વર્ષ ૨૦૧૭થી તો શું એ પહેલાનો સમય બરાબર ન હતો? આપને કહું એ પૂર્વે પોતાનું બિઝનેશ એમ્પાયર ઊભું કરવા રાત'દી એક કરે છે. બીજું કશું જ વિચારવાનો સમય હતો નહીં. ઉદાહરણરૂપ ડાયમંડ કંપની તૈયાર કરવી એ જ વિચારનું અમલીકરણ. કંપની તૈયાર થઈ-કરી. કહો કે, વર્ષ ૨૦૧૭માં સવજીભાઈને પોતાનું ગમતું કામ કરવાનો પરમાત્માએ અવસર ઊભો કરી આપ્યો. સવજીભાઈની હીરાની ફેકટરીનું ઉદ્‌ઘાટન કરવા માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવે છે. જયારે એમની ફેકટરીનું ઉદ્‌ઘાટન થયું એ સમયે વડાપ્રધાનના આભારરૂપે -ખુશીમાં સવજીભાઈએ મોદીસાહેબને એક સરોવર સ્વખર્ચે બનાવી સમર્પીત કરવાનો સંકલ્પ કર્યો.

એ પછી દૂધાળા ગામના પાદરમાં ૨૫૦ કરોડ લિટર પાણીની ક્ષમતા સાથેનું હરિકૃષ્ણ સરોવરનું નિર્માણ થયું. માત્ર ચાર મહિનામાં સવા લાખ ડમ્પર માટી ઉલેચી. એ માટી પણ ત્યાં ગામ લોકો માટે સ્ટેડિયમ બનાવવા વાપરવામાં ઉપયોગી બની. ફળદ્રુપ માટી ખેતરોમાં નાખવામાં આવી. આસપાસ લાખો વૃક્ષોના છોડ રોપવામાં આવ્યા, મોટા વૃક્ષોનું ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું. ચોમાસામાં વરસાદના પાણીનો સંગ્રહ થતા, જમીનના પાણીના તળ ઉપર થયા...પક્ષીઓના ઝૂંડ સવા લાખ મારવાડી નીમના વનમાં વિહરતા થયા... કલરવથી પરિવેશ જીવંત બની ગયો. સરોવરની સમીપ સંવેદનશીલ માણસને રમણીયતાની અનુભૂતિ થાય. પ્રસન્નતા પ્રસરી, પ્રાણને પોષક પરિવેશ રચાયો. આસપાસના વાતાવરણમાં કુદરતી રોનક વધવા લાગી માણસોના ચહેરા પર આનંદ છવાયો એટલે સવજીભાઈને ચાનક ચડી...દૂધાળાના એ જ પાદરમાં પોતાના ખર્ચે આઠ સરોવરનું નિર્માણ કરી આપ્યું. આ સરોવરના નામ આપને કહું: ધનજીદાદા સરોવર, હરિકૃષ્ણ, દાદાનું, બાનું, ક્રિષ્ના, ભારત માતા, નારાયણ સરોવર અને ગોપીકુંડ. આઠ તળાવમાં ૬ હજાર કરોડ લિટર જળ જમા થયું.સવજીભાઈને ગમતું કામ કરવાનો અવસર મળ્યો. સરકારે પંથકમાં આ સરોવરોના સર્જનથી ખેતી દ્વારા ખેડૂતોમાં આર્થિક રીતે કેવી સદ્ધરતા આવી તેનો સર્વે કરાવ્યો ત્યારે બધું જ સકારાત્મક પરિણામ મળ્યું. જે પાણી ૧૭૬૦ટીડીએસ વાળું હતું તે સરોવર બનવાથી ૪૫૦ટીડીએસપર આવી ગયું. જે જમીનમાં આંબા પનપતા નહીં તે જ ભૂમિ પર સવજીભાઈએ ૧૦ હજાર આંબાના રોપ વાવી, ઉછેર્યા છે. જે બોરવેલમાં ૨ હજાર ફૂટે પાણી આવતું તેમાં ૩૦ થી ૪૦ ફૂટે મીઠાપાણીના ફૂવારા ફૂટે-ઉડે છે. પક્ષીઓ હર્ષ પુલકિત છે. ખેડૂતો વર્ષમાં ત્રણ ફસલ લેતા થઈ ગયા, કૃષિ ઉત્પાદન વધ્યું છે. પંથકના ખેડૂતોને પાણી મળતાં જાણે ભગવાન મળી ગયા હોયએમ લાગે છે. પાણીના કામ બાબતે એક નીમપાગલ પેશનથી પોતાનો નિજીધર્મ સમજી કાર્યરત છે. આ કર્મની સાર્થકતા બધાને સમજમાં આવતી થઈ છે. હવે ત્યાના લોકો જળઊર્જાની શકિત કેવી હોય એ પામી શકયા છે. પંથકના ખેડૂતોને ફાયદો દેખાતા બધા હવે આ કાર્યને શુકનવંતુ ગણતા થયા છે. જાગૃતિ પ્રસરી હોય તેમ લાગે છે.

પાણી બચાવ પ્રવૃત્તિ વિશે કાકાને પૂછયું કે: શા માટે પાણી માટે તમને ખૂબ લગાવ છે?

સવજીભાઈ: 'પાણી ખરેખર ડાયમંડ છે અને ડાયમંડ કરતા પણ પાણી કિંમતી છે. વિશ્વને પાણી આપી શકે એટલું પાણી આપણા ભારતમાં વરસે છે.આપણો દેશ પાણી ઝીલી સાચવી, જાળવી, ઉપયોગ કરે તો વિશ્વમાં પ્રથમ આવી જાય.'

માટીના માણસ, બિઝનેશમેન સવજીભાઈને ખરો નફો તોપાણીમાં દેખાયો જો વરસાદનું પાણી વેડફાય નહીં અને બધું પાણી સરોવરમાં નદીઓમાં ખેત તલાવડીઓમાં,

ચેકડેમ બનાવી સાચવવામાં આવશે તો નદીઓ સજીવન રહેશે. પ્રકૃતિ પનપશે. આવનારી પેઢીઓને આપણે ઉત્તમ પર્યાવરણ આપી જઈએ એનાથી રૂડું શું? કુદરતી સંપદાનું સંરક્ષણ કરવામાં આવે તો જ માનવસમાજ, સર્વ સજીવો એની આસપાસ નિરામય રહેશે. ભવિષ્યની રૂખ કળી ગયેલા સવજીભાઈ પોતાનું ગમતું કામ કરવા પ્રતિબદ્ધ બની, ધૂન-પરિશ્રમપૂર્વક, ૧૧૧ સરોવર બનાવી રાષ્ટ્રને સમર્પીત કરવાનો સંકલ્પ કરે છે.

પોતાના રસના આ કાર્ય માટે ૧૦૦ કાર્યકરોને કામે લગાડયા. સ્વખર્ચે સાધનો વસાવ્યા. ૧૪ હિટાચી મશીન, ૧૪ ડમ્પર, ટ્રેકટરો, ૩૨ ડ્રાયવર, કડીયા, મિસ્ત્રી, વેલ્ડર, પ્લમ્બર, ખેતીવાડી ક્ષેત્રના નિષ્ણાતો, શ્રમિકો આ બધાની એક મજબૂત ટીમ ઊભી કરવામાં આવી. ટીમને માર્ગદર્શન સ્થળ ઉપર જાતે સવજીભાઈ આપે, જયારે સરોવર નિમાણનું કામ થતું હોય ત્યારે તેઓ રાત દિવસ સરોવર સાઈડ ઉપર જ રહે છે. બિઝનેસ પરિવારને સોંપી, સુરત છોડી સરોવરોના નિર્માણ સ્થળે ધામા નાખે, અડિંગો જમાવે. ૧૮ કલાક કામ કરે, કરાવે,બધાને હાકલા પડકારા કરી મોજમાં રાખે. સૌ શ્રમિકો સાથે એક પાંગતે જમવા બેસે. કોઈ અલૌકિક ઐશ્વર્યની અનુભૂતિ સાથે જળસંપત્તિ નિર્માણનું કામ થતું રહે છે.

આવા નેક કાર્યોમાં અડચણો ઘણી આવી, કામમાં બમ્પ આવ્યાં. રોડા દૂર કરતા રહી સવજીભાઈએ ૭૫ સરોવર તૈયાર કર્યા એની એવી અસર થઈ કે આંખમાં સેંજળ રાખતા માણસ સવજીભાઈને ભારત સરકારે વર્ષ-૨૦૨૨માં પદ્મશ્રી આપી સન્માનિત કર્યા. તેથી ટીમનો, એમનો ઉત્સાહ બેવડાયો. પદ્મશ્રી થયા પછી બેસે એ બીજા સવજીભાઈ નહીં. સતત ૩૮ સરોવર બનાવ્યા એટલે કુલ ૧૧૧ સરોવરનો શુભાંક તો સંપન્ન થઈ ગયો છે. આજે પણ આ કરવા જેવું કામ સવજીભાઈ નિષ્ઠાપૂર્વક કરી રહ્યા છે. પાણીભેગુ કરી, જમીનમાં ઉતારવા, તળ ઉપર લાવવા માટે તપસ્વીની જેમ પાણી સાધનામાં આજકાલ નિમગ્ન સવજીભાઈનું અત્યારે જે કાર્ય ચાલી રહ્યું છે એ વિશે થોડીક ઝલક તમને આપું:

વતન-ગામઃ દૂધાળા, તા. લાઠીની નદી, નામઃ ગાગડીયો ૫૨.૯ કિલોમીટર સુધી લાંબી છે. આ નદીને ઊંડી અને પહોળી કરવાનું કામ ચાલી રહ્યું છે. અત્યારે ૧૮ કિમી. સુધીનું કામ થઈ ગયું છે. ગાગડીયો નદીમાં ૧૮ કિલોમીટરના વિસ્તારમાં-નદીમાં અનેક ચેકડેમોનું નિર્માણ થયું. આખી નદી ૫૨ ૫૨.૯ કિમી. સુધી કામ થવાથી જે જળસંપત્તિ એકઠી થશે એના ખૂબ સારા પરિણામો મળશે. દેશને નદીઓને ઊંડી અને પહોળી કરી,એના પાળા પર વૃક્ષોની હારબંધ કતારોવાળું એક મોડલ સવજીભાઈ અત્યારે તૈયાર કરી રહ્યા છે.

પોતાના બાવડાના બળે, સ્વખર્ચે કામ કરતા સવજીભાઈએ ૭૫ કરોડ રૂપિયા જળસંગ્રહ માટે ઘરના વાપર્યા છે. હવે તો જળસંગ્રહ અભિયાનને ગુજરાત સરકારનો સહયોગ પણ મળવાનો છે. ભારત સરકારના ધ્યાને આ કામ ચડી ગયું છે. તેથી સવજીભાઈના હાથે જળસંપત્તિ ક્ષેત્રે ભવિષ્યમાં ખૂબ મોટું કામ થશે એ ચોક્કસ છે. માત્ર એક સરોવર બનાવી અર્પણ કરવાનો વિચાર કર્યો હતો ત્યાં તપનિષ્ઠ લિડરે વિશાળ જળસંપત્તિ યોજનાને સાકાર કરી ભવિષ્યની પેઢીઓ માટે અમૂલ્ય કામ કરી, સાંપ્રતમાં માનવહિત અને કુદરતી સંરક્ષણ માટે કરવા જેવા કામોની રાહ બતાવી આપી છે. વોટરમેન ઓફ ગુજરાત તરીકે ઓળખાતા સવજીભાઈના શબ્દો હૃદયપૂર્વક સાંભળવા જેવા છે:

'આ મારો શોખ હતો, મારો રસ હતો,આ મારી ભકિત કહો કે મારું ધ્યાન પણ છે. સાધના કે મારો ધર્મ પણ પાણી છે. પાણીનું કામ મારો પ્રાણ છે.'

માત્ર જળસંપદા જ નહીં એમનો તરુરાગ પણ એવો જ અત્યાર સુધીમાં ૨૩ લાખ વૃક્ષો વાવી ઉછેર્યા છે. સમય મળતા જ વૃક્ષો વાવી, જતનપૂર્વક મોટા કરવાનું તપ એમના હૃદયને તૃપ્ત કરે છે. સાથે ગોપાલન પણ કરે, અત્યારે

એમની પાસે ૨૦૦ ગીર ગાયો છે. આ ગાયોને રાખવા,સાચવવા સરસ ગૌશાળા બાંધવામાં આવી છે.

જીવનમાં અનેક ચઢાવ ઉતાર પછી ફિનિક્સ પક્ષીની જેમ રાખમાંથી બેઠા થઈ વિશ્વકક્ષાના ડાયમંડ કિંગ બનવા તરફના ટ્રેક પર ઉસેનબોલ્ટની જેમ દોડી રહેલ સવજીભાઈ ધોળકિયા મળવા, સમજવા જેવા પ્રયોગશીલ સાહસિક માણસ છે. જીવનમાં હીરા ઉદ્યોગમાં સફળ થયા પછી નિજાનંદ માટે બિઝનેસ સંભાળવા સાથે સ્વયંને ગમતી સદ્પ્રવૃત્તિઓ કરતા રહી આધ્યાત્મિક ખેતીમાં પણ વાવેતર કરી રહેલા જોવા મળે છે. સાંપ્રતમાં સંપત્તિ અને સંવેદનાનો સરવાળો કરીએ તો સફળતા અને સાર્થકતાસભર જીવન સવજીભાઈનું છે.પણ ઘણા માઈલસ્ટોન હજુ આ જ રફતારથી પર્યાવરણનું કામ કરતા રહેશે તો કપાતા જશે એમાં મિનમેખ નહિ...

સવજીભાઈ સાથે વાર્તાલાપ કરતા ગુણસમુચ્ચ જીવનદૃષ્ટિ, નિર્ણયશકિત, માણસનો વિશ્વાસ સંપાદિત કરવાનો અને માણસમાં યકીન રાખવાનો સ્વભાવ, સૌજન્યપૂત શિષ્ટ વ્યકિતતા, આપસ્થાપના કે આપવડાઈ નહીં આત્મવિશ્વાસ અને સંકલ્પપૂર્વકના યજ્ઞકાર્યોનો ઉત્સાહ મને જોવા મળ્યાં...એમના જીવનના કેટલાંક પ્રેરક સૂત્રો ધ્યાનાર્હ છેઃ

- સૂઝબૂઝપૂર્વકની યોજનાઓ કરવી.
- બધાને સાથે રાખવાનો સ્વભાવ કેળવવો.
- આંતરસત્ત્વને માટે ધ્યાન-યોગમાં સમય આપવો.
- ખાનપાનમાં પરેજીવાળી જીવનશૈલી આચરણમાં રાખવી.
- ધૂળિયા મારગે ચાલવું ગમે.
- પ્રકૃતિરાગ કુદરત તરફ સંવાદિતા કેળવતા રહેવી.
- નિર્ણયો બુદ્ધિથી નહીં હૃદયથી લેવા.
- માહ્યલાના અવાજને સાંભળવો.
- પરિવારસંપ,સમાજસેવા,રાષ્ટ્રીયભાવનાને જીવનમાં ઉતારવી-જીવવી.

એમના કામોની માત્રા જોતા, એવા કાર્યોના રૂડા પરિણામો સમાજને મળતા થયા એને મૂલવતા સવજીભાઈ વિશે અમૃતા પ્રીતમની એક કવિતા કહુંઃ

'અલ્લાહ,યે કૌન આયા હૈ...

જૈસે ખુદા કે ઘર સે પૈગામ આયા હૈ.'

સકારાત્મક, ઊર્જાસભર,સંકલ્પશીલ,અનુભવની પાઠશાળામાં ઘડાયેલા, વિવેકી સવજીભાઈને પરમાત્માએ અનોખા, ઉમદા કાર્યો કરવા માટે વરણી કરી ધરતી પર મોકલ્યા છે. આજે સવજીભાઈ ૬૧ વર્ષના યુવાન છે અને ૧૦૦ વર્ષ જીવી ૪૦૦ વર્ષનું કામ કરીને મરવાની ઈચ્છા રાખે છે. આપણે એમને કેમ કહેવું કે સવજીભાઈ, તમે હવે પર્યાવરણ માટે જે કામ કરશો એ તમને કોહિનૂર બનાવશે, ચિરંજીવ કરશે.

સંપર્ક : ૯૭૭૯૧ ૮૭૫૮૭

**ગાંધીઃમાનવકર્મની સુગંધ**

આશ્રમમાં ગાંધીજીને મળવા માટે અનેક લોકો આવી ચડતા, બાપુ સમગ્ર ભારતમાં પરિભ્રમણ કરતા રહેતા અનેક લોકો દર્શને આવતા,જોતા,પ્રશ્નો પૂછતા એમાં એક સ્થળે સભા પછી એક જાગૃત માણસે ગાંધીને પૂછેલુંઃ

''બાપુ, આપની ઉંમર વધતી જાય છે. આપના મૃત્યુ પછી તમારા વિચારો કેવી રીતે પ્રચાર-પ્રસાર પામશે?''

ગાંધીજીએ કહેલુંઃ- '' ઉંમરમાં હું વૃદ્ધ થયો હોઉં, પણ મારો આંતરિક વિકાસ થતો અટકયો છે અથવા દેહ પડયા પછી મારો વિકાસ અટકી જશે એવું મને લાગતું નથી. ગાંધી જશે,ગાંધીવાદ નહિ જાય. કર્મયોગની બહાર કોઈ ગાંધીવાદ નથી.''

## ૦૫ ગાંધીજીના હાથમાં ગીતા

**પારસકુમાર**

---

ગાંધીજી ગીતાનો અનુવાદ કરવા બેઠા ત્યારે કોઈકે પૂછ્યું, 'બાપુ, ગીતા એટલે અર્જુનનો અહિંસાવાદ કે કૃષ્ણએ કલ્પેલા કર્મનો ભાવાનુવાદ?' બાપુએ જવાબમાં ગીતાના અનુવાદને અહિંસાયોગને બદલે 'અનાસક્તિયોગ' નામ આપ્યું ત્યારે પ્રશ્ન પૂછનારને અનાસક્તિયોગમાંથી જ સઘળા સવાલોના જવાબ જડી ગયા. આસક્તિઓથી ભરેલાં કેટલાંક સવાલોનો કોમન જવાબ કેવો હોય? સાંભળોઃ 'કર્મ છોડે તે પડે અને કર્મ કરતો છતાં તેનાં ફળ છોડે તે ચડે.'

ગાંધીજી ગીતાને હાથમાં રાખીને અહિંસાના પાઠ શીખવે છે અને અર્જુન એ જ ગીતા સાંભળીને યુદ્ધમાં વિનાશ વેરે છે. આપણે ગીતાનો મર્મ અર્જુન પાસેથી પામવો કે ગાંધી પાસેથી શીખવો? ગીતાનું જ્ઞાનક્ષેત્ર એક જ છે છતાં અર્જુનનું કર્મક્ષેત્ર અને ગાંધીનું જીવનક્ષેત્ર એકમેકથી ભિન્ન છે. ગીતા જુદા જુદા લોકોને જુદી જુદી રીતે આકર્ષે છે. ગીતાના પ્રત્યેક શ્લોકનો પ્રત્યેક વ્યક્તિ માટે રંગ જુદો છે. કૃષ્ણ જેમ સૌને ખેંચે છે,તેમ કૃષ્ણએ પ્રયોજેલી ગીતા પણ સૌને પોતાની તરફ ખેંચે છે. હિંસા કે અહિંસા નહીં પણ કર્તવ્ય કરવા પ્રેરે તેનું નામ ગીતા. ભગવાન કૃષ્ણએ ગીતામાં ક્યાંય હિંસા કે અહિંસાનો પ્રચાર કર્યો જ નથી કૃષ્ણએ અર્જુન પાસે માત્ર ક્ષત્રિય ધર્મનું પાલન કરવાનો આગ્રહ જ રાખ્યો છે. સર્વલોકમહેશ્વર કૃષ્ણ નથી યુદ્ધના સમર્થક કે નથી યુદ્ધના વિરોધી. કૃષ્ણ તો જીવનમાં આવી પડેલાં વિકટ સંજોગોનો સ્વીકાર કરીને ત્વરિત પ્રતિક્રિયા આપનાર અનુરાગી જીવના પક્ષે રહેનાર મહાત્મા છે. ગીતા માનવકર્તવ્યનું ગીત છે. સંજોગોવશાત આ કર્તવ્યગીત એક એવા યોદ્ધાને સંભળાવવામાં આવ્યું, જેના માટે લડવું જ ધર્મ છે. લડાઈ જ યોદ્ધાનું કર્મ છે. ગાંધી યુદ્ધના મેદાનમાં લડનારા સૈનિક નહોતા, ગાંધી તો શાંતિ અને સત્યનો જયઘોષ કરનારા મહાત્મા હતા. લડવું એ કૃષ્ણ ચીંધ્યો માર્ગ છે. ગીતા સાંભળીને અર્જુન સ્વજનો સામે લડ્યો અને ગાંધીબાપુ અહિંસાના માર્ગે લડ્યાં. યુગાવતાર મોહન જ મોહને વગાડેલી વાંસળીને અંકુરિત કરતાં કહી શકે કે, કર્મ છોડે તે પડે અને કર્મ કરતો છતાં તેના ફળ છોડે તે ચડે.

ગાંધી પ્રલોભન ભૂલીને ગીતાના માર્ગે દોડવાનું કહે છે. ગાંધીની નજરે ગીતાનો માર્ગ એટલે અહિંસાનો માર્ગ નહીં પણ સત્યથી ભરેલા ધર્મનો માર્ગ. ગાંધીને ગીતા ગમે છે. કેમ કે, ગાંધીને કૃષ્ણનું સત્ય ગમે છે. કૃષ્ણના સત્યમાં સંભવામિ યુગે યુગેનો નિવાસ છે. કૃષ્ણ અહિંસાને આદરણીય ગણે છે પણ અંતિમ નથી ગણતા. ગાંધીની નજરે ગીતા એટલે અધ્યાત્મવિદ્યાનું નહીં, પણ સમાજનિર્માણનું શાસ્ત્ર. ગાંધીજી ગીતામાતાના ખોળામાંથી સત્યાગ્રહી બનવાનો ગર્ભિત અર્થ પામ્યા અને સમાજશાસ્ત્રની દૃષ્ટીએ પ્રથમવાર ગીતાનું જીવનલક્ષી વિશ્લેષણ કરીને બહાર આવ્યા. વિકટ સંજોગોમાં ગીતાએ જ ગાંધીને માર્ગ ચીંધ્યો. કોઈ મૂંઝવણમાં કે ઊંડી ગડમથલમાં ડૂબેલાં બાપુને સદેહે હાજર થઈને માર્ગ ચીંધતા કૃષ્ણની કલાત્મક વાતોને સાંકળીને 'લગે રહો મુન્નાભાઈ' જેવી મજેદાર મૂવી કે નોવેલનું સર્જન કરી શકાય ખરું? આડત્રીસ વર્ષ ગીતાનું આચરણ કરીને બાપુએ 'અનાસક્તિયોગ' નામે ગીતાનો અનુવાદ કરતા લખ્યું કે, 'જે કોઈ ધર્મને આચરણમાં મૂકવા માંગે છે તે આ ગ્રંથ વાંચે,વિચારે અને તેમાંથી શક્તિ મેળવે.'

ગીતા કુશળતાપૂર્વક કર્તવ્ય કરનાર 'યોગઃ કર્મસુ કૌશલમ'ની જનની છે. ગીતામાં અહિંસા છે પણ

અહિંસાનો જયઘોષ કૃષ્ણના મિજાજમાં રજૂ થયો છે. વિકટ સંજોગોમાં સંકટના માર્ગે ન વળાવે તે કૃષ્ણની અહિંસા. પરિણામે ગીતા ગાંધીબાપુ માટે છપ્પન ભોગ સમી બની રહી. અહિંસાનો પૂજારી ગીતાનો ભાવક બને ત્યારે જગતને અનાસક્તિયોગ મળે. રામ પૂર્ણવિરામ છે જયારે કૃષ્ણ અલ્પવિરામ છે. રામ આસક્ત છે, જયારે કૃષ્ણ અનાસક્ત છે. કૃષ્ણ લોભ, મોહ, માન, સન્માન અને અપમાનથી મુક્ત છે માટે અનાસક્ત છે. સીતાહરણ વખતે અરણ્યરુદન કરનારા ભગવાન રામ ક્ષણ પૂરતા આસક્ત છે. રામ મનોહર લોહિયા ગાંધીબાપુને 'રામના વંશજ' ગણાવે છે. પણ બાપુ પોતાને ગીતાના માર્ગે જીવી જાણનાર અનાસક્ત જીવના અનુજ ગણાવે છે. આઝાદીની ચળવળમાં અહિંસાના અજવાળે ઝળહળતો બાપુનો અનાસક્તિયોગ સઘળા લોકોને જોવા મળ્યો પણ ભાગલા પછી બાપુએ મુસલમાનો પ્રત્યે જે ઉદારતા દાખવી તે ઉદારતામાં હિન્દુઓને ગીતાનો અનાસક્તિયોગ દેખાયો નહીં. મહાત્માની ભૂલ મુઠ્ઠી જેવડી કેવી રીતે હોઈ શકે? છેવટે તો બાપુ પણ ભૂલથી ભરેલા મહાત્મા હતા, ભૂલમાંથી ભલાઈ ઉગાડનારા કૃષ્ણાત્મા નહોતા.

જે માણસ ગીતા સાથે પ્રમાણિકતા કેળવી શકે તે માણસ મહાત્માને ક્યારેય અવગણી ના શકે. કૃષ્ણએ ગીતામાં પ્રયોજેલી અહિંસાનો અભ્યાસ ગાંધીજી જેવા કોઈ તપસ્વી જીવ જ કરી શકે. કૃષ્ણ અહિંસાને શરીરની તપસ્યા ગણાવે છે. મહાત્માએ ગીતાને માતાનો દરજ્જો આપીને પોતાના જીવતરનો મોભો જાળવી લીધો. ગાંધીએ કૃષ્ણની અહિંસામાં શ્રદ્ધા કેળવવા ગીતાનો અનુવાદ નથી કર્યો, પણ ગાંધીએ તો કર્તવ્યની કૃતજ્ઞતાનો જય જયકાર કરવા ગીતાનો અનુવાદ કર્યો છે. બાપુનું બોખું સ્મિત જાણે કૃષ્ણનું જીવનસંગીત.

ગીતા કૃષ્ણએ ચિંધેલા સત્યને નહીં પણ ધર્મને ખાતર પોતે પ્રાપ્ત કરેલા સત્યને વળગી રહેવાનો સંદેશ આપતું ગીત છે. કૃષ્ણ રાગી કે વિતરાગી નહીં પણ અનુરાગી છે. મહાત્મા સત્ય અને અહિંસાના માર્ગી છે. મહાત્માને અન્યાય કરવાનો ભ્રમ સેવીને જીવતા લોકો વાસ્તવમાં માનવતાને અન્યાય કરીને જીવતી પ્રજાતિના વંશજ છે. સત્ય અને અહિંસાની કડીને સમજુ લોકો ગાંધીની લાકડી કહે છે. ગાંધીની લાકડીને કોઈ નામ નહોતું. ગાંધીની લાકડી પર ગાંધીને ગમતો કોઈ મંત્ર કંડારવો હોય તો 'અનાસક્તિયોગ'ને જરૂર અલંકૃત કરી શકાય. ગાંધીને લાકડીનો ટેકો હતો કે સ્વયં લાકડીને ગાંધીનો ટેકો હતો? ગાંધીને ટેકો કોણ આપી શકે? ગાંધીને માત્ર સત્ય અને અહિંસા જ ટેકો આપી શકે. બાપુને ગોળી વાગી ત્યારે બાપુનો નશ્વર દેહ તો પળવારમાં ધરાતલ પર ઢળી પડ્યો પણ જે ધરા પર ઢળ્યા વિના અમર થઈ ગયો તે અહિંસાનો દેહ. મહાત્માને પામવા ગીતાના અધ્યાત્મને મળવું પડે. કર્મ ગીતાનું આત્મબળ છે અને સત્ય ગાંધીનું જીવનબળ છે. પરિણામે ગાંધીએ પ્રયોજેલી અહિંસાના એજન્ડામાં ગીતાને સ્થાન છે, કાયરતાને નહીં. બરખુરદાર,આત્માના અસ્તિત્વનો જય જયકાર કરાવતા જીવને જ ગુણીજનો મહાત્મા ગણે છે.

**ગાંધીકથા શા માટે ?**

નારાયણ દેસાઈને લોકો સવાલ કર્યા કરતા : 'તમે ગાંધીકથા શા માટે કરો છો ?'

ત્યારે નારાયણભાઈ જવાબ આપતા કેઃ 'ગાંધીકથા કરવા પાછળનો મારો ઉદ્દેશ મારા શ્રોતામાંથી ગાંધીને ખોળતા રહેવાનો છે.ગાંધી જેવો માણસ તો માનવ-ઈતિહાસમાં હજારેક વર્ષે માંડ પાકે. પણ ગાંધીની વાતો આપણને સૌને ઓછાવત્તા પ્રમાણમાં સ્પર્શે છે ખરી? તેમાંથી એકાદ-બે વસ્તુ પણ જીવનમાં અપનાવવા આપણે તૈયાર છીએ ખરા?'

## ૦૬ ભૂરી છત્રી

**રસ્કિન બોન્ડ. અનુવાદ : ડંકેશ ઓઝા**

---

ગતાંકથી શરૂ

૬

ઓક્ટોબર શરૂ થતાં વરસાદ અટકી ગયો. પેલી ચોંટી જતી લીચો અદૃશ્ય થઈ ગઈ. હંસરાજ પીળા પડવા લાગ્યા અને લીલીછમ ટેકરીઓ પરનો તડકો સૌમ્ય અને સોનેરી થવા લાગ્યો. બિનીયાના ઘરની સામેના નાના ઝાડ પર લટકતા લીંબુડાની પણ આ જ દશા હતી. બિજ્જુના દિવસો આનંદમાં જતા હતા. તે શેકેલી મકાઈ ચાવતો ચાવતો નિશાળેથી ઘરે આવી રહ્યો હતો. બિનીયાની છત્રી ભૂખરા દૂધ જેવી ફિક્કી પડી ગઈ હતી. કેટલેક ઠેકાણે તેને થીંગડા માર્યા હતાં. તેમ છતાં હજુ ગામની આ સૌથી સુંદર છત્રી હતી. બિનીયા જ્યાં ક્યાંય પણ જાય તેને સાથેને સાથે લઈને ફરતી.

ઠંડોગાર અને ક્રૂર એવો શિયાળો કંઈ ખાસ દૂર ન હતો. પણ ગમે તે કારણસર બીજા મહિનાઓ કરતાં ઓક્ટોબર કંઈક લાંબો લાગતો હતો. કારણ તે કંઈક અંશે ઉદાર પણ હતોઃ ઘાસ લીલુંછમ હતું, ઠંડો પવન હુંફાળો હતો અને વાતાવરણમાં મંદમંદ સુગંધ પાઈન વૃક્ષોની ફોરતી હતી. બધા ઓક્ટોબરથી સંતુષ્ટ જણાતા હતા, પણ એક જણને સંતોષ ન હતો, એ હતો રામભરોસા.

આ વૃદ્ધ માણસે બિનીયાની છત્રી મળવાની બધી આશા હવે છોડી દીધી હતી. એને થતું હતું કે એ છત્રી પર એની આંખ ઠરી ન હોત તે જ સારું હતું. નકામી આ છત્રીને કારણે તેને લોભનો જુલમ અને એકલવાયાપણાની નિરાશા સહેવાનો વારો આવ્યો હતો. આ છત્રીને કારણે જ લોકોએ એની દુકાનમાં આવવાનું બંધ કરી દીધું હતું.

ગામ લોકો એનાથી મોં ફેરવી બેઠા હતા. જ્યારથી તેમણે જાણ્યું હતું કે રામભરોસાએ પેલી છત્રી ચોરવાનો પ્રયાસ કર્યો હતો. લોકોને આ વૃદ્ધ માણસ પરનો વિશ્વાસ ઊઠી ગયો હતો, તેથી જ એની દુકાનેથી સાબુ, ચા, કે દીવાસળીના બાકસ ખરીદવાને બદલે ગામલોકો ટહેરી બસસ્ટેન્ડ નજીકની દુકાનો માટે વધુ એક માઈલ લાંબા થતા હતા. જે માણસ છત્રી માટે પોતાનો આત્મા વેચી દીધો હોય એની સાથે કોણ વ્યવહાર રાખે? બાળકોએ એના નામની આસપાસ મજાક-મશ્કરી ગૂંથી લીધાં હતાં. હવે તેઓ તેને વિશ્વાસુ રામના બદલે છત્રીચોર રામ કહેતા હતા.

આ ઘરડો માણસ એની ખાલી દુકાનમાં એકલો બેસી રહતો. ઊકળતી કીટલી તરફ જોયા કરતો અને વિચારતો કે કોઈ કદી પણ ચાનું પ્યાલુ પીવા અહીં ફરી આવશે કે નહિ! એની ભૂખ હવે મરી ગઈ હતી. એ માંડ થોડુંક ખાતો અને થોડુંક પીતો. કોઈ ઘરાકી તો હતી નહિ. ટહેરીની બેંકમાં એની થોડી બચત પડી હતી ખરી. પણ એ ય વાપરી ખાવી એ એને યોગ્ય લાગતું ન હતું. મોટી ભૂલ કરનાર રાજારામને હવે તેણે નોકરીમાંથી કાઢી મૂકી થોડી બચત કરી હતી. જો કે પરિણામે એની કંપનીએ જતી રહી હતી. છાપરામાંથી પાણી ટપકતું અને પવન પણ આંટા મારી જતો. પણ રામભરોસાને એની કંઈ ખાસ પડી ન હતી.

બિજ્જુ અને બિનીયા એની દુકાન પાસેથી રોજ પસાર થતાં. બિજ્જુ મોટેથી બેસૂરી સિસોટીઓ મારતો ત્યાંથી જતો. એ કંઈ દુનિયાનો તેજસ્વી એવો સંગીતનો જાણકાર ન હતો. ખભે બેફીકરી લઈને ફર્યા કરતો. વિચિત્ર તો એ

હતું કે બિનીયા જ્યારે હળવેકથી એની દુકાન પાસેથી પસાર થતી ત્યારે એ બીજી તરફ જોયા કરતી. એને થતું કે રામભરોસાની આવી દુઃખદ સ્થિતિ માટે જાણે પોતે જવાબદાર હતી!

એ મનોમન જાત સાથે સંવાદ કર્યા કરતીઃ છત્રી તો મારી પોતાની હતી પછી બીજા બધા એની ઈર્ષા કર્યા કરે એથી મારે શું? પણ એ કંઈ છત્રીને બહુ વધારે પડતું ચાહતી હતી? બીજા બધા લોકો કરતાં શું એને છત્રીની જ વધારે પડી હતી? એને એવું લાગ્યા જ કરતું કે રામભરોસાના ચહેરા પરની ઉદાસી અને ખાલી પડેલ દુકાન માટે જાણે પોતે જવાબદાર હોય. (વળી બિજ્જુ કહેતો પેલાનો ચહેરો દોઢ ફૂટ લાંબો થઈ ગયો છે!) ખરેખર તો રામભરોસાનો લોભ આ બધા પાછળ હતો. તેમ છતાં બિનીયાને થતું કે જે કંઈ બની ગયું તેનો એ વૃદ્ધજને બહુ શોક ન કરવો જોઈએ. કારણ એ બધું જોઈને એને પોતાને પોતાની જાત પર નફરત થતી હતી. તેથી એ જ્યારે દુકાન પાસેથી પસાર થાય ત્યારે છત્રી બંધ કરી દેતી અને ઘણી આગળ નીકળી જાય પછી જ તેને ખોલતી.

ઓક્ટોબરના અંતમાં એક દિવસ જ્યારે એના ખિસ્સામાં વાપરવા માટે દસ પૈસા હતા ત્યારે તે દુકાનમાં પેઠી અને પેલા ડોસા પાસે ટોફી માંગી. છેલ્લા પંદર દહાડામાં બિનીયા સિવાય રામભરોસાની દુકાનમાં કોઈ આવ્યું જ ન હતું. તે પહેલી ઘરાક હતી. આ છોકરી તરફ રામભરોસાએ શંકાની નજરે જોયુંઃ એ મારી મજાક કરવા તો નહિ આવી હોયને? મારી સામે પોતાની છત્રીનો દેખાડો કરવા તો નહિ આવી હોય ને?બિનીયાએ તો કાઉન્ટર પાસે પહોંચીને પોતાના દસ પૈસા એના ઉપર મુક્યા. રામભરોસાને લાગ્યું કે આ સિક્કા ખોટા તો નહિ હોય ને! તેણે સિક્કાને ઉઠાવીને ફેરવી ફેરવીને જોયું અને અંતે પથ્થર પર પછાડી પણ જોયો. રણકાર બોદો ન હતો. તેથી હવે તેણે બિનીયાને ટોફી આપી. બિનીયા તો તે લઈને જતી રહી. તેના ગયા પછી રામભરોસાએ જોયું કે એની બંધ છત્રી કાઉન્ટર પર પડી હતી. આ એ છત્રી હતી જે મેળવવા પોતે કેટલાંય સમયથી તરસતો હતો. હવે તે લઈ લેવાય એટલા નજીકના અંતરે પડી હતી! હવે તેણે તે ઉપાડીને માત્ર દુકાનમાં સંતાડી જ દેવાની હતી. કોઈને કશી ખબરેય નહિ પડે અને કોઈ એવું સાબિતેય નહિ કરી શકે કે બિનીયાએ તેને અહીં મૂકેલી.

એનો ધ્રુજતો સુકલકડી હાથ છત્રીના હેન્ડલ સુધી તેણે લંબાવ્યો. છત્રીને પકડીને ઊઘાડી. દુકાનના આછા અંધારામાં, તડકો કે વરસાદ ન હોવા છતાં એ ખુલ્લી છત્રી નીચે ઊભો રહ્યો.

પછી અચાનક મોટેથી બોલ્યોઃ "માથે તડકો નથી કે વરસાદ વરસતો નથી તો આ છત્રીની મારે શી જરૂર?" અને તરત છત્રી પકડીને એ બિનીયાની પાછળ દોડ્યો.

તેણે બૂમ પાડી. 'બિનીયા બિનીયા! બિનીયા તારી છત્રી પાછળ રહી ગઈ છે.' આવી રીતે દોડવા તે ટેવાયેલો ન હતો. બિનીયાની પાસે પહોંચીને તેણે છત્રી લંબાવી અને કહેવા લાગ્યો, 'તું ભૂલી ગઈ છે તારી આ છત્રીને,' આ ક્ષણે પેલી સુંદર છત્રી બન્નેની હતી. પરંતુ બિનીયાએ તે લીધી નહિ. એણે તો માથું ધુણાવ્યું અને કહ્યું : "તમે હવે તે રાખી લો. મારે હવે તેની બહુ જરૂર નથી." રામભરોસાએ વિરોધમાં કહ્યું "પણ આ તો કેટલી સુંદર છત્રી છે! આખા ગામમાં એના જેવી બીજી ક્યાં છે!"

બિનીયાએ કહ્યું, "એ તો બધી મને ખબર છે. પણ છત્રી જ કંઈ સર્વસ્વ નથી."

ડોસાના હાથમાં છત્રી રહેવા દઈને એ તો દડબડ દડબડ રસ્તાનો ઢાળ ઊતરી ગઈ. હવે બિનીયા અને ભૂરા ભૂરા આકાશની વચ્ચે બીજું કંઈ જ ન હતું.

## ૦૭ જીવનમાં ગાંધીવિચારનું આચરણ

**સુદર્શન આયંગાર**

જીવનમાં ગાંધીવિચારનું આચરણ એટલે ખાંડાની ધાર પર જીવવું. જે કોઈ આ મહારથ હાસલ કરી લે તેને સારુ સહજ અને સહેલું અને જે ન કરી શકે તેને સારુ દુષ્કર. ગાંધીવિચારને અમલમાં મૂકવાની ચાવી 'હિંદસ્વરાજ'માં છે. ૧૯૦૯માં લખેલા પુસ્તક 'હિંદ સ્વરાજ'માં ગાંધીજી જણાવે છે કે, ''સ્વરાજ એટલે 'સ્વ' ઉપરનું રાજ કે અંકુશ.'' ગાંધીજીને આ ચાવી ક્યાંથી મળી? જવાબ માટે બાળ મોહન તરફ નજર કરવી પડે.

સત્ય પ્રત્યેની નિષ્ઠા અને નિષ્કલંક ચરિત્ર- આ બે ગુણ જાણે મોહનને ગળથૂથીમાં જ મળેલા. એક સાધારણ મોહન બાળપણથી જ પોતાના ચરિત્ર વિશે અત્યંત સજાગ રહ્યો. સામાન્ય રીતે આપણે સૌ પણ એવી પરસ્થિતિમાં મૂકાતા હોઈએ છીએ જેમાં મોહન મૂકાયો હતો પરંતુ મોહન સભાનતાથી એ પરિસ્થિતિઓમાંથી શુદ્ધ રહીને નિકળ્યો. શિક્ષકે નકલ કરવાનું સામેથી સૂચવ્યું, પણ 'ચોરી ન કરવી'ના સિદ્ધાંતને મોહન વળગી રહ્યો. માંસ ખાવાનું જરૂરી લાગેલું, પણ મા સામે ખોટું બોલવું પડે કે 'મને ભૂખ નથી' તે કારણસર એ પ્રયોગનો ત્યાગ કર્યો. ભાઈ કરસનદાસ સાથે રહી સોનાના કડાનો નાનો હિસ્સો કાપી દેવું ચૂકવ્યું તે વાત લખીને પથારીવશ થયેલા પિતાને જણાવી. ગુનાની સ્વીકૃતિ કરી, શુદ્ધ મનથી પશ્ચાતાપ કર્યો અને પ્રાયશ્ચિત સ્વરૂપે પિતા જે સજા આપે તે ભોગવવાની તૈયારી બતાવી. ગાંધીજીએ કરેલા કેટલાક ઉપવાસ પોતાની કે અન્ય દ્વારા થયેલી ભૂલ માટે હૃદયશુદ્ધિ માટે કર્યા. આપણને સૌને સામાન્ય રીતે આવા નીતિબોધ બાળપણથી મળે જ છે. પણ આવી ચારિત્ર્ય-શુદ્ધિ રાખતા આપણને અતિશય મુશ્કેલી પડે છે. જીવનની દરેક અવસ્થામાં આપણી ભૂલની સ્વીકૃતિને અહંકાર, પશ્ચાતાપને પોતાના તરફની ઉદારતા તથા પ્રાયશ્ચિતને સજાનો ભય નડે જ છે.

અહિંસક સમાજની રચના માટે ગાંધીજીએ સમૂહજીવનના પ્રયોગો દક્ષિણ આફ્રિકામાં ૧૯૦૪માં ફિનિક્સ આશ્રમ અને ૧૯૧૦માં ટોલ્સ્તોય ફાર્મ સ્થાપીને કર્યા. જાન્યુઆરી ૧૯૧૫માં હિંદુસ્તાન પરત થયા બાદ પહેલા કોચરબ, પછી સાબરમતી અને ત્યાર બાદ સેવાગ્રામ આશ્રમની સ્થાપના કરી સમૂહજીવનના ઉદાત્ત દાખલા દુનિયા સામે મૂક્યા. એને આધારે ૧૯૩૦માં યરવડા કારાગૃહમાંથી આશ્રમની બહેનોને દર મંગળવારે કાગળ લખી 'સ્વરાજ' મેળવવા માટે અગિયાર વ્રતોની છણાવટ કરી. 'મંગળપ્રભાત' નામે પ્રસિદ્ધ થયેલી પુસ્તિકામાં ગુજરાતી વાચકો આ વ્રતો વાંચી, વિચારી, વાગોળી અને અમલમાં મૂકી શકે એ છેઃ સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય, અસ્તેય, અપરિગ્રહ, અસ્વાદ, અભય, જાતમહેનત, સ્વદેશી, અસ્પૃશ્યતાનિવારણ અને સર્વધર્મ સમભાવ. આ વ્રતો આપણા માટે નવા નથી. જે કોઈ ધર્મપાલન કરનાર છે, તે પ્રથમ પાંચ વ્રતો વિશે જાણે જ છે. સત્ય અને બ્રહ્મચર્યને દૃઢ કરનાર વ્રતો અભય અને અસ્વાદ છે. બાકીના ચાર અહિંસા સમાજની રચના માટે આવશ્યક છે.

ગાંધીજીએ ૧૪ ઑક્ટોબરના પત્રમાં બહેનોને જણાવ્યું કે,

''એવો એક સંપ્રદાય અને તે પ્રબળ છે, જે કહે છેઃ અમુક નિયમોનું પાલન કરવું ઉચિત છે. પણ તે વિશે વ્રત લેવાની આવશ્યક્તા નથી, એટલું જ નહીં પણ તે મનની નબળાઈ સૂચવે છે અને હાનિકારક પણ હોય, તેઓ કહે છેઃ દાખલા તરીકે, દારૂ ન પીવો સારું છે તેથી ન પીવો, પણ કોઈ વાર પિવાયો તો શું થયું? દવા તરીકે તો પીવો જ જોઈએ. એટલે તે ન પીવાનું વ્રત એ તો ગળે હાંસડી ઘાલ્યા

જેવું થાય. મને આ દલીલોમાં વજૂદ લાગતું નથી. વ્રત એટલે અડગ નિશ્ચય. અગવડોને ઓળંગી જવા સારુ તો વ્રતોની આવશ્યકતા છે. અગવડ સહન કરે છતાં તૂટે નહી તે જ અડગ નિશ્ચય ગણાય, એવા નિશ્ચય સિવાય માણસ ઉત્તરોત્તર ચડી જ ન શકે એમ આખા જગતનો અનુભવ સાક્ષી પૂરે છે.'' (મંગળપ્રભાતમાંથી)

ગાંધીજીએ વ્રતપાલનનો જીવંત દાખલો પૂરો પાડ્યો. આ વ્રતો વિશે એક વાત સમજવા જેવી છે. અભય અને અસ્વાદ વડે જો કોઈ પણ એક વ્રતના પાલનનો આપણી જિંદગીમાં ચુસ્ત આગ્રહ રાખીએ, તો અન્ય વ્રતો સ્વયં પળાઈ જાય છે. ''એક હી સાધે સબ સધે'' એ સાચી ઉક્તિ છે. ચરિત્ર પ્રત્યેની સભાનતા સારુ કાયમી તકેદારી રાખી આત્મનિરીક્ષણ, આત્મપરીક્ષણ અને આત્મશોધન કરવાથી ગાંધીવિચારના આચરણના માર્ગે રહેવાય છે. દિશા પકડી રાખીએ, દશા અને મંજિલ હરિ ઇચ્છા.

**જગદંબા પોઢયાં**

ઈ.સ.૧૯૦૮માં દક્ષિણ આફ્રિકામાં બાપુ દ્વારા સત્યાગ્રહની ચળવળ ચાલતી હતી. બાપુ બે વખત જેલમાં જઈ આવ્યા હતા. તે વખતે એક દિવસ બાપુએ આશ્રમના રસોડામાં કસ્તુરબાને મદદ કરતા કહ્યું: 'હવેથી આપણે પતિપત્ની નહીં ગણાઈએ.'

કસ્તુરબા ગુસ્સામાં : 'કોણ એમ કહે છે ? 'ગાંધી: 'જનરલ સ્મટ્સ, અહીંનો વડો.'

કસ્તુરબા: 'ક્યાં એનું માથું'

બાપુ: ' જનરલે એક કાયદો કર્યો છે કે હિદુસ્તાનમાં હિંદુ વિધિ પ્રમાણે જેમણે લગ્ન કર્યા હોય, તેમના મેરેજ અહીં કાયદેસર નહીં ગણી શકાય. એવા સ્ત્રી-પુરુષે અહીં કોર્ટમાં મેરેજ રજિસ્ટર કરાવવા પડશે.'

કસ્તુરબા: 'એવો તે કાયદો હોય ?' ગાંધી: 'હું તો કહું છું એવો કાયદો ના ચાલે, હોવો ના જોઈએ, પણ અમે પુરુષો જેમ એના ખોટા કાયદાની સામે સત્યાગ્રહ કરી લડત કરીએ તેમ સ્ત્રીઓ પણ સામે થાઓ.'

કસ્તુરબા: 'તમે પુરુષો તો સામે થતાં જેલમાં જાઓ છો.'

ગાંધી: 'તમે પણ જેલમાં જાઓ, ખોટા કાયદાને તોડો, સામે થાઓ.'

કસ્તુરબા: 'અમે જેલમાં ? મને આવી તબિયતે જેલનો ખોરાક કેમ પચે ? જેલમાં સારો ખોરાક ન આપે તો ?'

ગાંધી: 'તો ઉપવાસ કરવા '

કસ્તુરબા: 'જેલમાં હું ઉપવાસ કરું ને મરી જાઉં તો ? '

ગાંધી: ' તું જેલમાં મરીશ તો હું તને જગદંબાની જેમ પૂજીશ. પણ સત્યાગ્રહમાં જોડાઈ,

જેલ સ્વીકારી પછી તું પાછી ફરે તો હું તને ન સંઘરી શકું ! '

જેમણે ગાંધીજી સાથે પ્રભુતામાં પગલાં પાડયા હોય એ બા પછી તો સત્યાગ્રહી બની જેલ સ્વીકારે છે. ઈ.સ. ૧૯૪૪માં આગાખાન મહેલમાં કસ્તુરબાનું નજરકેદી તરીકે મૃત્યુ થયું ત્યારે ભારતના વર્તમાનપત્રોમાં હેડલાઈનમાં છપાયું હતું:

' જગદંબા પોઢયાં' બાએ ગાંધીજીને સાચા પાડયા...

## ૦૮ મહાત્મા ગાંધીજી અને હું...

### ડો. બળવંત તેજાણી

---

ગાંધીજી તો વીસમી સદીના એક મહામાનવ હતા-એ રીતે તો આપણે એમને જાણીએ છીએ, પણ આપણે એમ કહેવું જોઈએ કે તેઓ વીસમી સદીના મહામાનવો માટે પણ મહામાનવ હતા. એનો સીધો અર્થ જ એ થયો કે તેઓ સાર્વજનીન હતા. એમના સારાપણાના, એમની રીતિ અને નીતિના છૂટક છૂટક અંશો સર્વ-વ્યાપક જેવા હતા. આવી વ્યક્તિના જીવનને જાણનાર-ભલે કંઈક અંશે પણ સમજનાર, હૃદયથી એને સ્વીકારતા અને અપનાવતા તો થાય જ - એ નિઃશંક નિર્વિવાદ સત્ય છે : આ જ છે એમના જીવનની આભા અને પ્રતિભા.

''મારું જીવન એ જ મારો સંદેશ'' એ એમનું વિચારસૂત્ર નહોતું, એ એમનું આચારસૂત્ર હતું. કોઈનેય ખબર ન હોય, માત્ર પોતે જ જાણતા હોય એવી વાતને...પોતાની જ નબળાઈ કે ભૂલને એણે કોઈ દિવસ છૂપી ન રાખી. વળી કોઈ અંગત જણને કહી ને છૂટી ગયા એમ પણ નહિ; એવી હકીકતને એમણે જાહેરમાં મૂકી, ચોપાનિયામાં પ્રગટ પણ કરી ! અને એ નબળાઈનું પુનરાવર્તન ક્યારેય એમના જીવનમાં પાછળથી થયું નહિ. એમની મહાનતાની આનાથી મોટી બીજી બાબત કઈ હોઈ શકે...!

ચોથા ધોરણમાં ભણતો હતો ત્યારે ગુજરાતીમાં ગાંધીજી વિષે એક પાઠ આવતો હતો. હરિશ્ચંદ્રનું નાટક તેમણે જોયું અને સાચું બોલવાની મનોમન પ્રતિજ્ઞા લીધી. આ વાત ત્યારે થોડી વિચિત્ર તો લાગી, પણ વિશેષરૂપે માનસમાં અંકિત થઈ ગઈ અને એ ઉંમરની સમજ અનુસાર થોડું ચિંતન પણ થયું હતું કે, આ જીવન માટે દરેક સમયે સાચું જ બોલવાનું બની શકે ખરું...? આ માણસમાં ત્યારે રસ તો પડેલો જ. પછી તો સમયાંતરે શ્રીમદ્ભગવદ્ગીતાનો પોપટ-પાઠ પણ સાતમા-આઠમા ધોરણ સુધી થયા કર્યો...પણ બે-પાંચ વાતો જીવન સાથે જોડાઈ ગઈ કે, કોઈ અપ-શબ્દો બોલતું હોય ત્યાં ઊભું રહેવું નહિ; શક્ય હોય ત્યાં સુધી સાચું જ બોલવું. આપણા ખોટું બોલવાને કારણે કોઈને તકલીફ થાય કે નુકસાન થાય ત્યારે તો ગંભીરતાપૂર્વક એમ ન થાય તે જોવું...આપણી લીટી મોટી થાય તેવા પ્રયત્નો કરવા જ, પણ એમ કરતાં કોઈની લીટી આપણા દ્વારા નાની ન બને તે ખાસ જોવું. કોઈ ભોળા માણસની મશ્કરી ક્યારેય ન કરવી. એવી વ્યક્તિને કોઈ છેતરતું હોય તો, એવું ન થાય તે માટે પ્રયત્નો કરવા. કોઈના પ્રત્યે દ્વેષ-ભાવ જન્મે ત્યારે તટસ્થતાપૂર્વક ફેર વિચારણા કરવી. સારું કામ કરનારની પ્રશંસા કરવી...ખુશામતથી દૂર રહેવું. નિષ્ઠાવાનને તેઓ સાચા હોય ત્યાં વણમાગ્યે ટેકો કરવા પહોચી જવું...-આ બધી બાબતોનો જીવનમાં સ્વીકાર થયો-થઈ ગયો એના પાયામાં કેટલાક મહાપુરુષો છે,એમાં ગાંધીજી પ્રથમ ક્રમે છે.

બાપુજીનો વ્યવસાય ખેતીનો હતો. તેમને સખત અને સતત કામ કરતાં જ જોવાનું બનતું. એ કારણે ખેતીકામમાં પણ જોડાવાનું બનતું. એટલે શારીરિક શ્રમ તરફની દૂરતા તો કદી જન્મી જ નહી. વળી આવા શ્રમ કરનાર તરફ એક પ્રકારનો આદર જન્મ્યો...જે આજેય અકબંધ છે. કોઈ કામ કરતુ હોય ત્યારે એમની સામે આપણાથી બેસી રહેવાય જ નહિ-એ શૈલી આપોઆપ આત્મસાત થઈ ગઈ. સામેની વ્યક્તિ પરિચિત છે કે નહિ તેનો વિચાર કર્યા વિના તેને શારીરિક કે માનસિક રીતે મદદ કરવાની જીવનશૈલી ઉત્તરોતર દૃઢ બનતી રહી. એમ કરનાર માણસો અનાયાસ જ ગમતીલા બની ગયા છે...બની રહ્યા છે. બુદ્ધિના બળે અન્યનો વિચાર કર્યા વિના પેટ માટે જ પોટલાં બાંધનાર

લોકો તરફ સતત અણગમો આજે પણ અકબંધ રહ્યો છે...ક્યારેક તે વકર્યો પણ છે ! આ વાત ગાંધીઆચારથી થોડી જુદી પડે છે...પણ હેતુફેર થતો નથી. હા,સાધનશુદ્ધિ બાબતે થોડી છૂટછાટ એમાં લીધી ગણાય. પણ ગાંધી રસ્તાના મુસાફર હોઈએ એ જ હરખની વાત છે ને...! ગાંધી થવાનું તો એમ ક્યાં રેઢું પડ્યું છે ...?

શિક્ષક બનવા માટેનો અભ્યાસ કરવા, ગાંધીવિચારને વરેલી જાણીતી સંસ્થા લોકભારતી-સણોસરામાં અભ્યાસ કરવાનું થયું. નાનાભાઈ ભટ્ટ અને મૂળશંકરભાઈ ભટ્ટ વિષે વાંચવા મળ્યું. સુખ્યાત કેળવણીકાર અને સાહિત્યકાર મનુભાઈ પંચોળી 'દર્શક' અને નટવરલાલ બૂચ જેવા સાદી જીવનશૈલી સાથે મૂલ્યવાન જીવન જીવતા મહાનુભાવોને સાવ નજીકથી માણવા મળ્યા. ત્યાં જુદા જુદા ગાંધી-વિચારો સાથે જીવતા કેટલાક અધ્યાપકોના સંપર્કમાં રહેવાનું બન્યું. ત્યાંના બે વર્ષના સમયગાળા દરમિયાન મારા પચાવેલા વિચારોને પુષ્ટિ મળી અને શ્રદ્ધા પણ દૃઢ બની.

પછી તો નાની ઉંમરમાં જ પ્રાથમિકશાળામાં શિક્ષકની ભૂમિકા ભજવવાની આવી.વાંચનનો નાનપણથી જ શોખ અને ગાંધીજી પ્રત્યેનું આકર્ષણ તો ગોરંભાયેલું હતું જ. એટલે ગાંધીજીનાં લખાયેલાં અને તેમના વિષે લખાયેલાં લખાણો વાંચવાનું વિશેષરૂપે થવા લાગ્યું. દરમિયાન જનકલ્યાણ સામયિકનો પરિચય થયો. ભૂતકાળ-વર્તમાન વિચારકોનાં ગાંધીજી વિશેનાં એમાંના લેખો મારા પ્રિય બની રહેતા. આજે પણ આ સામયિક મારા પ્રિય સામયિકો પૈકીનું એક બની રહ્યું છે. ઓક્ટોબર માસનો તેનો અંક તો ગાંધી અંક જ હોય છે. કથની અને કરણી વચ્ચે ઓછામાં ઓછું અંતર રહે એ જ સાચું જીવન -એ વાત જીવનમાં પણ ઉતારી શક્યો હોઉં તો એમાં મારો આદર્શ ગાંધીજી રહ્યા છે. એમણે લખ્યું છે : 'રામનું નામ લેવું ને રાવણનું કામ કરવું, એ ખરાબમાં ખરાબ વસ્તુ છે. આપણે આપણી જાતને છેતરી શકીએ, જગતને છેતરી શકીએ, પણ રામને છેતરી નહિ શકીએ.' (હરીજન બંધુ ૨૩.૦૬.૧૯૪૬) મારા પરની બાપુની અસરને નીરુપવા માટે મારે એકાદ-બે નિજી પ્રસંગો રજૂ કરવા પડશે.

શરૂઆતના વર્ષોમાં હું જે શાળામાં નોકરી કરતો હતો તે જ ગામમાં ભાડાના મકાનમાં રહેતો હતો. ત્યારે ઇલેક્ટ્રિક કનેકશનનાં મીટર ખુલ્લાં રહેતા. ગામડામાં લોકો વધારે બીલ ન આવે એટલે જાતજાતના સરળ ઉપાયો કરતાં. વાયરની અંગ્રેજીના 'યુ' આકારની એક આંકડી બનાવી તેનો ઉપયોગ કરવાથી તેના મીટરને ફરવામાં રાહત રહેતી પરિણામે માલિકને વીજબીલમાં રાહત રહેતી ! પણ મારે ઘેર આ બીલ ખાસ્સું આવે. ગામના મિત્રો વારંવાર ટકોર કરે કે- સાહેબ, લાવો હું મારા હાથે ઉપાય કરી દઉં...તમે ક્યાં તમારા હાથે ખોટું કરો છો. ગામમાં તમારા જેટલું બીલ કોઈને નથી આવતું.' પણ એમની સાથે અળખામણા થઈનેય મારો નનૈયો ચાલુ રહેતો. અરે એક વખત તો ખુદ જી.ઇ.બી. કર્મચારીએ પણ આડકતરી ટકોર કરી કે, 'શું તમે પણ સાહેબ...' મને પણ ક્યારેક એમ થઈ જતું કે લાવોને સૌની સાથે ભળી જાઉં. આમેય યુનિટના દર તો પાવરના ખરેખર વપરાશ પ્રમાણે જ નક્કી થાય છે ને. પણ મારી મુશ્કેલી એ હતી કે વિદ્યાર્થીઓ શાળાની ચાવી લેવા માટે દરરોજ આવે ત્યારે બારી ખોલે કે તરત તેને મારું મીટર જ દેખાય. મને આ બાળકોની શરમ લગતી. મને થતું- આ છોકરાઓ મારા વિષે શું વિચારશે ? હું શાળામાં તો તેને સારા- સાચા આચરણની વાત કરું છું. મારે જ તે વાતને નહિ પાળવાની...? એ તો પોથીમાંનાં રીંગણા જ ને ! અને મેં એમ કરવાનું કાયમી માંડી વાળ્યું. આ છે ગાંધીના એક વિચારનું મારું સાફલ્ય...

એવો જ એક બીજો પ્રસંગ છે : એક નિઃસંતાન દંપતીની સાથે અમારે ઘરોબો. મને એમના તરફી પૂરો કરુણાસભર સદભાવ. ડૉક્ટરોની મદદથી દવાઓ લેવાનું ચાલુ કરાવવામાં મેં સારો એવો રસ લીધેલો. 'અતિ પરિચયાત અવજ્ઞા..'-એ રીતે કોણ જાણે પણ એમણે અમારાથી થોડું અંતર રાખવાનું શરુ કર્યું. દેખીતો કોઈ પ્રશ્ન નહિ, કે નહિ

કશી જ ચર્ચા. પણ ધીરે ધીરે એ તિરાડ મોટી થઈ. છતાં મારો એકતરફી સદભાવ એમના તરફ ચાલુ રહ્યો. એ બે માંથી ત્રણ થાય એવી મારી હૃદયની લગની અને લાગણી. દવાઓ દ્વારા સારા સમાચાર આવે અને થોડા દિવસમાં નિષ્ફળતા... અને થાકી –હારી એમણે એ પ્રયત્ન આર્થિકતાનો વિચાર કરીને છોડી દીધો.

મને વિચાર સતાવે કે, 'એમની જગાએ હું હોત અને મારે પણ આવી જ આર્થિક સ્થિતિનો વિચાર કરવો પડ્યો હોત તો...! તેઓને મારી સાથે ભલે અણગમો છે, તે તો ક્યારેક દૂર થશે...પણ પછી તો સમય વહી ગયો હશે. મારા એમની સાથેના લાંબા નૈકટય અને સદભાવનો અર્થ શો...? હું એમના વિષે હવે વિચારવાનું છોડી દઉં એ વાત મારો આત્મા કબુલી શક્યો નહિ.'

પણ ઈશ્વરે રસ્તો કાઢી આપ્યો. અમારા બંને પ્રત્યે સદભાવ ધરાવનારાં એક બહેનને મેં આ વાત સમજાવી. તેમને મેં દસ હજાર રૂપિયા આપ્યા અને તેમણે ત્યાં જઈ શી વાત કરવી એ પણ કહ્યું. ''એક વ્યક્તિ દવાખાનામાં સૌને સહાય કરે છે એમના તરફથી આ રકમ છે'' એમ માની એમણે તે સ્વીકારી. ફરી દવા ચાલુ થઈ...એ બહેને બીજી વાર પોતાના રૂપિયા દસ હજાર આપ્યા. અને...આજે તેઓ ત્રણ જણ થયાં...મને અતિશય આનંદ થયો. હજી સુધી એ દંપતીને રકમ વિશેની કશી જ ખબર નથી. પણ આવા સારા કાર્યમાં જોડાઈ શકાયાનો મને પરમ સંતોષ થયો. આવાં કામો ભલે કદાચ મારો નિજી સ્વભાવ હશે...પણ તેને પુષ્ટિ તો ગાંધી-પરિચયથી જ મળી છે.

ગાંધીજીની મારા પરની અસરને નીરુપવા માટેય આખરે તો આત્મશ્લાઘાનો રસ્તો જ લેવો પડ્યો એ બહુ મને રુચ્યું નથી...પણ જો એમ ન કરું તો એની અસરનું પ્રતિબિંબ મારી દૃષ્ટિએ ઝાંખું પડે એમ હતું, એટલે છૂટકો નહોતો. બાપુનીય આ તકે માફી માગી લઉં છું.

ગુજરાતી ભાષામાં અને ચાર ભાગનાં ૨૨૦૦ પાનામાં જીવનકથા લખનારા નારાયણ દેસાઈ તેમના સૌથી અંતિમ પ્રકરણમાં લખે છે :

''ગાંધીજી આપણને કહે છે કે દુનિયામાં વધુમાં વધુ વ્યાવહારિક વાત કોઈ હોય તો તે બીજાની રાહ ન જોતાં પોતે જ શરુ કરવાની છે. પોતાથી શરુ કરવામાં પણ બહાર ભણી ન જોતાં મોં અંતર ભણી વાળવું એ જ વધુ વ્યાવહારિક છે. કારણ એ આપણા હાથની વાત છે...ગાંધીએ ભૂલ કબુલ કરવામાં કદી ઢીલ નથી કરી. સત્યને માર્ગે ચાલનાર આજે જો મન મોકળું રાખી પોતાનું સતત મૂલ્યાંકન કરી, ભૂલ થઈ હોય ત્યાં તે કબુલ કરી, તે ફરી ન કરવા સંકલ્પ કરે તો એને અવશ્ય નવા નવા રસ્તાઓ સૂઝી આવશે. એવી ખાતરી આપણને ગાંધીજીનું જીવન કરાવે છે... તેમના પુરુષાર્થમાં નિષ્ઠા અને કાર્યક્ષમતા બંનેનો સમન્વય હતો. કાર્યક્ષમતા વિનાની નિષ્ઠા લૂલી હોય છે અને નિષ્ઠા વિનાની કાર્યક્ષમતા આંધળી હોય છે...'' (મારું જીવન એ જ મારી વાણી ભાગ ૪)

આવા પવિત્ર અને મહાન યુગપુરુષનું જીવન તેના સંપર્કીઓ અને હૃદયપૂર્વક અભ્યાસકર્તાઓને હચમચાવી ન જાય તો જ નવાઈ કહેવાય. અને જો એમ ન બને તો એમાં વાંક ગાંધીનો નહિ પણ એનાં અભ્યાસુઓનો જ હોય એ સત્યને કોઈનાથી અવગણી ન શકાય. 'સાકેત' રચનામાં હિન્દી સાહિત્યકાર મૈથીલીશરણ ગુપ્ત લખે છે,

''રામ તુમ્હારા ચરિત સ્વયં હી કાવ્ય હૈ,
કોઈ કવિ બન જાય સહજ સંભાવ્ય હૈ.''

આવા પૂજ્ય ગાંધીબાપુ વિષે વાંચવું અને શક્ય એટલું આચરવું એવો મારો પ્રામાણિક પ્રયત્ન હંમેશા રહ્યો છે. મારા વર્તન –વ્યવહારમાં જયારે જયારે, જે દિવસે એ જીવતા થાય છે તે દિવસને હું મારો ધન્ય દિવસ ગણું છું. આવા દિવસો મારા જીવનમાં જેટલાં વધારે આવશે તેટલો હું મારી જાતને ભાગ્યશાળી ગણતો રહીશ.

ઉમાશંકર જોશીની પંક્તિ જ બાંયધરી આપે છે કે,

...આમાંનું કંઈક બને,ગાંધીજયંતી તે દિને...

(કલરવ-૧૦૬, જી.આઈ.ડી.સી. રેસીડન્સ ચિત્રા, ભાવનગર-૪. ફોન-૯૪૨૮૮૧૦૬૮૨ )

## ૦૯ હિંસાના માહોલમાં ગાંધીવિચારની સાર્થકતા

**ડો. મહેશ સી. વાઘેલા**

દર વર્ષે ઓક્ટોબર માસમાં પૂ.મહાત્મા ગાંધીજીનો જન્મદિવસ ઉજવવામાં આવે છે. જાન્યુઆરી માસમાં પૂ. મહાત્મા ગાંધીજીની પુણ્યતિથિને શહીદદિન તરીકે ઉજવવામાં આવે છે. આ પાવન દિવસે સરકારી રાહે, સામાજિક સ્તરે,સોશ્યલ્ મીડિયામાં ક્ષણીક ગાંધીમય વાતાવરણનો ઊભરો જોવા મળે છે. આજે વિશ્વ કક્ષાએ, ચોતરફ હિંસા જોવા મળે છે. ઘણાંકિસ્સાઓમાં હિસાનું સમર્થન કે તરફદારી થતી જોવા મળે છે. હિંસકવૃત્તિ સમાજ માટે ખૂબજ નુકસાનકારક છે. હિંસાને કારણે માનવાઅધિકારોનુ ખુલ્લેઆમ ઉલ્ઘન થતું જોવા મળે છે. સામંતવાદથી સમાજ મુક્ત થઈને પુજીવાદી આધુનિક સમાજવાદના હાથમાં સરકતો જોવા મળે છે.હિંસાના કારણે લોકતંત્ર, રચનાત્મકતા મંદ પડે છે. જાતિવાદ ફૂલે ફાલે છે. વર્તમાનમાં આધુનિકતા ને નામે ક્યારેક હિંસાનું અનુમોદન થતું મળે છે. ત્યારે દુઃખ થાય છે. વર્તમાનમાં હિંસાની સ્થિતિ જોતા તેને સંપૂણે રીતે નાબુદ કરવાની વાતો જોજન દૂર છે. પરંતુ તેમાં ક્રમિક રીતે ઘટાડો કેવી રીતે કરવો તે મોટો પ્રશ્ન છે. હિસાના વાતવરણમાં સહજ પ્રશ્ન થાય કે શ્રેષ્ઠતા કઈ રીતે જીવિત રહી શકશે આજે માનવી સફળતાને પામે છે ને ત્વરિત હિંસા તરફ ગતિ કરતો જોવા મળે છે

સફળતા માનવને અહંકાર,હિંસા તરફ દોરી જાય છે. સફળ માનવ પરસ્પરની લેણ, દેણ, સંવાદ, હમદર્દી જેવા સહજ માનવીય મૂલ્યોથી વિપરીત થતો જોવા મળે છે. શાંતિ, પ્રેમ, સંયમ,સહજતા જેવી માનવ ઉપકારક બાબતને અવગણે છે. આજે પ્રાથમિકશાળાથી લઈને યુનિવર્સિટિઓમાં વિદ્યાર્થીઓને કોઈ પણ ભોગે આગળ વધવું છે. સાચું, સારું,યોગ્યતા જાણવા,જોવાની જરૂર જ નથી. સહાધ્યાયીઓ સાથેની તદુરસ્ત હરીફાઈ, હિંસાવૃત્તિએ બટ્ટો લગાડ્યો છે. વિદ્યાર્થીઓ કોઈ પણ કાર્ય માટે ટૂંકા રસ્તો અપનાવતા થયાં છે. આજે માનવીયસંબંધો યંત્રવત બની ગયા છે. જરૂરીયાતના સમયે માનવનું વર્તન,વ્યવહાર બદલાઈ જાય છે. આજે માનવસંબંધો તકલાદી બની ગયા છે. માનવીને પોતાના સ્વજનો,મિત્રો માટે સમય જ રહ્યો નથી. આજનું માનવજીવન એક એક્સપ્રેસ હાઈવે પર પૂરપાટ દોડતી લક્ઝરીયર્સ કાર જેવું પૂરપાટ ગતિ સમાન બની ગયું છે. શહેરમાં ગગનચુંબી રહેણાંકમાં માલદારો મ્હાલી રહ્યા છે. શહેરના છેવાડે આવેલ ઝૂંપડીમાં ગંદકી,ગરીબી,હિંસા,વ્યસનો,જાતિવાદ બેફામ બનીને નગ્ન નાચ કરી રહ્યા છે.

આ સ્થિતિમાં ગાંધીવિચારના વિધાર્થી તરીકે હિંસાના માહોલમાં ગાંધીવિચારનો વિચાર કરતા સહજતાથી ગાંધીજીએ વ્યકિત વિકાસ અર્થે આઝાદીના સમયે આપેલ એકાદશવ્રતોનું સહજ સ્મરણ થાય છે.ગાંધી વ્યકિતવિકાસની અર્થે જે એકાદશવ્રતો આપેલ સત્ય, અહિંસા, અભય, સ્વદેશી, અસ્વાદ, અસ્તેય, અપરિગ્રહ,જાત મહેનત આ દિશામાં ગયા વિના છૂટકો જ નથી.ભારતીય પરંપરા કહેવત અનુસાર, જેવો વ્યકિત તેવો સમાજ. જ્યાં સુધી વ્યકિત પોતાનાથી જ વિચાર પરિવર્તનની બાબત સહજતાથી, સમજણથી સ્વીકારે નહિ ત્યાં સુધી કોઈ પણ પ્રકારનો ફેરફાર કે પરિવર્તન આવવું શક્ય જ નથી. હિંસાનો એક માત્ર ઉકેલ અહિંસા છે. અહિંસા એ ક્યારેય કાયરો માટે નહિ ,પરંતુ વીરોનું આભુષણ છે. સમજણપૂર્વકની અહિંસા આવનાર ભવિષ્ય માટે ઉપકારક છે. હિંસા ક્ષણિક છે. જયારે અહિંસા ચિરકાળ સુધી ટકી રહે છે. અહિંસા એ સત્યને પામવા માટેનું એક માત્ર યોગ્ય સાધન છે. હિંસાથકી આવેલા પરિણામો, પરીવર્તનનું ભવિષ્ય ટૂંકા ગાળા માટેનું હોય છે. હિંસાનું પરિણામ લોકોને માટે લાભદાયક હોતું નથી. જયારે અહિંસાનું પરિણામ બહોળા સમુદાયને અસર કરનાર હોય છે. આમ હિંસાનો એક માત્ર ઉકેલ માત્રને માત્ર અહિંસા જ છે.

(મંગલભારતી ગ્રામવિધાપીઠ,મુ.પો.ગોલા ગામડી, મો. ૯૪૨૭૬૬૫૦૨૧)

## ૧૦ સકારાત્મકતાનો સિલેબસ : પૉઝિટિવ સ્ટોરીઝનો ખજાનો...

**ભૂષણ ઓઝા**

---

પ્રવર્તમાન સમયમાં સમાજ અથવા તો આપણી આસપાસ જો વ્યગ્રતા, ઉચાટ, કોલાહલ, નકારાત્મકતા આ બધું શોધવા જાઓ તો બહુ તરત મળી જાય. કારણ કે કમનસીબે એનો વ્યાપ ઘણો વધારે છે. એનો ફાલ પણ વધારે છે. જોકે જેનામાં દ્રષ્ટિ છે જેના વિચારો અત્યંત સકારાત્મક છે અને જેને સાચું અને સારું શોધવું છે એને માટે પૉઝિટિવિટી એટલે કે સકારાત્મકતા સત્કાર્ય, સાચા માણસો, મૂલ્યનિષ્ઠ અને મૂલ્યવાન માણસો શોધવા સહેલા છે. જેમ અફાટ સાગરમાંથી મોતી મળે છે. હકારાત્મક દૃષ્ટિ ધરાવનારી વ્યક્તિને સકારાત્મકતા હાથવગી હોય છે.

આવી જ કંઈક પૉઝિટિવિટીનો ભંડાર ભેગો કરી રહ્યા છે એક પ્રતિબદ્ધ અને સંનિષ્ઠ લેખક રમેશભાઈ તન્ના.

શ્રી રમેશભાઈ સમાજમાંથી પૉઝિટિવિટી શોધવાનો જાણે કે ભેખ લઈને સમાજના ખૂણે ખૂણે ફરી રહ્યા છે. સને ૨૦૧૪થી આજ સુધીમાં સમાજ વચ્ચે જઈ સમાજ નાયકો, લોકનાયકો, સમાજને વરેલી સંસ્થાઓ પાસે જઈ એ સૌમાં રહેલી સકારાત્મકતાને તેમણે જોઈ-જાણી અને પ્રમાણી. એ પછી તેનો અર્ક બનાવ્યો. સમગ્ર સમાજને ઉપયોગી એવો જીવનરસ ભેગો કર્યો. અને સમાજ સમક્ષ જોતજોતામાં 'સમાજનું અજવાળું' થી શરૂ કરી 'સમાજનો છાંયડો' સુધી દસ પુસ્તકો ચરણે ધર્યાં.

લેખક પોતાના પ્રથમ પુસ્તક 'સમાજનું અજવાળું' માં નોંધે છે એ બહુ સરસ વાત છે. તેમણે લખ્યું છે કે એમના ડાંગ જિલ્લાના ભ્રમણ દરમિયાન સુબિરમાં શબરી માતાના મંદિરમાં જવાનું થયું. આ મંદિરમાં પ્રસાદી તરીકે સૂકાં બોરની નાની નાની કાગળની થેલીઓ હતી. આ થેલીઓ એમ જ પડી હતી અને મંદિરમાં આવનાર ભક્ત પોતાની જાતે, ત્યાં પડેલી નાની પેટીમાં પૈસા જાતે જ મૂકીને બોર લઈ શકે. આ વાત એમને બહુ સ્પર્શી ગઈ. તેમણે સોશિયલ મીડિયામાં લખી. લોકોને ગમી. એમાંથી પ્રેરણા લઈને સમાજની આવી પૉઝિટિવિટી વીણવાની યાત્રા તેમણે શરૂ કરી. જેમ શબરી એ બોર વીણીવીણીને ભગવાન શ્રીરામને ખવડાવેલાં કંઈક એવી જ રીતે રમેશભાઈ તન્ના એક જાગૃત સર્જક તરીકે અને સંપૂર્ણ પૉઝિટિવિટીથી ભરેલા પત્રકારત્વના ભાગરૂપે પૉઝિટિવ સ્ટોરીઝ વીણતા ગયા. આપણી સામે આજ સુધી ૬૦૦ થી વધારે સ્ટોરી તેમણે ઉપલબ્ધ કરી આપી છે.

આ પૉઝિટિવ સ્ટોરીઝનું વધુ એક જમા પાસું એમાં રહેલી અપાર વિવિધતા છે. દરેક સ્ટોરી જાણે કે દીવાદાંડી છે જે આપણને રાહ ચીંધે છે. તો કોઈ સ્ટોરી એવી છે દીવો અથવા તો મીણબત્તી કહી શકાય કે જે ઘોર અંધારામાં પ્રકાશ ફેલાવે છે. દેશ-વિદેશમાં પ્રસરેલી આ પૉઝિટિવ સ્ટોરીઝ જાણે કે દવા છે. ઘણા વાચકોએ એવું નોંધ્યું છે કે પોતે ઊંડા ડિપ્રેશનમાં હોય, શારીરિક વ્યાધિ બહુ જ સતાવતો હોય, મનમાં અને સમાજમાં અનેક મૂંઝવણ હોય ત્યારે કોઈ પણ પ્રકારની દવા કરતાં આ પૉઝિટિવ સ્ટોરીઝનાં પુસ્તકો વાંચી જાણે કે તંદુરસ્તી અને માનસિક શાતાનો પ્રવાહ ખળખળ વહેવા લાગે છે. કોઈ પણ સર્જક અથવા લેખકની આ સૌથી મોટી સફળતા જ ગણી શકાય કે તે સમાજમાં જઈ એવી અક્સિર જડીબુટ્ટી લઈને આવે છે કે જે સમાજના બીજા લોકો માટે ઔષધિ બને છે.

મને પણ આ સ્ટોરી જ વાંચતાં વાંચતાં હંમેશા એવો અનુભવ થયો છે કે એક તો લેખનની શૈલી રસાળ અને રસપ્રદ છે. કોઈ પણ સ્ટોરી તમે વાંચવાની શરૂ કરો પછી તમારે એના છેલ્લા વાક્ય સુધી જવું જ પડે. ઉપરાંત તેની એક વિશેષતા એ પણ છે કે દરેક સ્ટોરી વાંચીને એમ થાય કે

આ તો આપણી આસપાસ જ ક્યાંક છે. રમેશભાઈએ આપણને એ તરફ અભિમુખ કર્યા છે.

આપણે સૌ કે જે સમાજનો જ એક હિસ્સો છીએ એને માટે આ પૉઝિટિવ સ્ટોરીઝ સતત એવી પ્રેરણા આપે છે કે સત્વ અને તત્ત્વ આપણા સમાજમાં વસતી સાવ નાનીથી લઈને મોટી વ્યક્તિઓમાં આજે પણ બરકરાર અને જીવંત છે. આપણે માત્ર એટલું જ કરવાનું છે કે એ સત્વ અને તત્ત્વ દેખાઈ શકે. એવી દ્રષ્ટિ કેળવવાની છે. આ પૉઝિટિવનાં પુસ્તકો આ પ્રકારની દ્રષ્ટિ કેળવવા માટેનો બહુ જ ઉપયોગી એવો સિલેબસ છે. સ્ટોરી વાંચતાં વાંચતાં જ જાણે કે સકારાત્મકતા કેળવવાનો રિયાઝ થઈ શકે એવી ઉત્તમ આ તમામ સ્ટોરીઝ્ છે.

જેમ મહેન્દ્ર મેઘાણી આગોતરા ગ્રાહક યોજના કરીને કિફાયતી દરે પુસ્તકો સીધાં વાચક સુધી પહોંચાડતા હતા એ જ રીતે લેખક પૉઝિટિવ સ્ટોરીઝ્નાં પુસ્તકોઃ

૧. 'સમાજનું અજવાળું' ૨. 'સમાજની સુગંધ' ૩. 'સમાજની સંવેદના' ૪. 'સમાજની કરુણા' ૫. 'સમાજની નિસબત' ૬. 'સમાજની સુંદરતા' ૭. 'સમાજની સારપ' ૮. 'સમાજની મિત્રતા' ૯. 'સમાજની શ્રદ્ધા' અને ૧૦ 'સમાજનો છાંયડો'. ૨૬૦૦ પાનામાં પથરાયેલાં દસ પુસ્તકોમાં ૬૦૦ પૉઝિટિવ સ્ટોરી જ છે. ૩૬૦૦ રૂપિયાને બદલે આગોતરા ગ્રાહક થનારને ૧૮૦૦ રૂપિયામાં દસ પુસ્તકો ઘેરબેઠાં પહોંચાડાશે. આપ ૯૮૨૪૦૩૪૪૭૫ અથવા ૮૮૪૯૬૦૯૦૮૩ પર વોટેસ-એપ કરીને સંપૂટ નોંધાવી શકશો. છેવાડાનાં ગામોની શાળા-કૉલેજોમાં સંપૂટ ભેટ આપવાની યોજના પણ છે.

સંપર્કઃ રમેશ તન્ના, પૉઝિટિવ મીડિયા, ૩૦૨, યશ એક્વા કોમ્પ્લેક્સ, મેકડોનાલ્ડ્સના માથા પર, વિજય ચાર રસ્તા, નવરંગપુરા, અમદાવાદ ૩૮૦૦૦૯,

positivemedia2015@gmail.com,rameshtanna.com

ચાલો આપણે સૌ એવો સંકલ્પ કરીએ સતત વાંચતાં રહીએ, આપણી આસપાસ રહેલા લોકોને વંચાવતાં રહીએ અને આપણામાં અને સહુનામાં સકારાત્મકતા ભરતાં રહીએ.

(ફોન નંબર ૮૧૨૮૬૫૫૮૫૦)

**વસ્ત્રોની વાત**

બાપુને શરીર પર એક પોતડી પહેરી બેસેલા જોઈ આશ્રમની મુલાકાતે આવેલ એક વિદ્યાર્થીએ પૂછ્યું હતુંઃ

'બાપુ, તમે તમારા શરીર પર પૂરતા વસ્ત્રો કેમ નથી પહેરતા ?'

ગાંધીજીઃ 'બેટા, મારી પાસે પહેરણ ખરીદવાના પૈસા નથી.'

વિદ્યાર્થીઃ 'બાપુ, હું મારી માને કહીશ તમને પહેરણ સીવી આપશે પછી તો તમે પહેરશોને ?'

ગાંધીજીઃ 'બેટા, તારી મા કેટલા પહેરણ સિલાઈ કરી આપશે.'

વિદ્યાર્થીઃ 'બાપુ, તમારે જોઈએ કેટલા એક,બે,ત્રણ,ચાર ? '

ગાંધીજીઃ 'બેટા, હું એકલો નથી,મારા એકલાથી પહેરણ પહેરાય ?'

વિદ્યાર્થીઃ 'બાપુ, કહોને તમારે કેટલા પહેરણ જોઈએ ?'

ગાંધીજીઃ 'બેટા, મારું કુટુંબ વિશાળ છે. મારા ચાલીસ કરોડ ભાઈ-ભાંડુ છે, એ બધાને મા જો પહેરણ સીવી આપે, એ વસ્ત્રો વિનાના લોકો પહેરણ પહેરી લે પછી જ હું બધા વસ્ત્રો પહેરું'

વિદ્યાર્થીઃ ' બાપુ, એમ કેમ ?'

ગાંધીજીઃ 'બેટા, વિશ્વ એક પરિવાર છે. જે લોકો પાસે પહેરણ નથી, વસ્ત્રો નથી એ બધાને પૂરતા વસ્ત્રો મળે તો મને મારા શરીર પર બધા પહેરણ પહેરવાનો આનંદ મળે..મારા ભાઈ-બહેનોને બધા જ વસ્ત્રો મળે પછી જ મને શરીર પર બધા કપડાં પહેરવાનો અધિકાર છે. ત્યાં સુધી આ પોતડી જ મારા અંગો પર રહેશે. '

## ૧૧ સાચા દિલથી કરેલી સમાજસેવા પણ 'ઝેરી' હોય તો...?

**વિશાલ ભાદાણી**

(The Toxic Charity by Robert Lupton - GO, જાહેર સેવાકીય સંસ્થાઓ, ટ્રસ્ટ, અનૌપચારિક સમાજસેવકો વગેરે માટે ઉપયોગી પુસ્તક.)

આ પુસ્તક કહે છે, "જરૂરીયાતમંદ લોકોનો નાશ કરવાનો સૌથી કરુણામયી માર્ગ એ છે કે જે વસ્તુઓ તેઓ જાતે પ્રાપ્ત કરી શકે છે એ એમને તૈયાર આપી દેવી."

છેલ્લાં વર્ષોમાં ભારતમા NGO અને CSR પ્રવૃત્તિઓએ જે "પ્રગતિ" કરી છે એ બધાનાં વાર્ષિક અહેવાલો જોતા એવી છાપ ઉપસે છે કે બસ હવે ભારતમાંથી ગરીબી દૂર થઈ રહી છે અને લોકો ખૂબ જ શિક્ષિત થઈ રહ્યાં છે! પણ જમીની હકીકત આપણે જાણીએ છીએ. આ પરિસ્થિતિમાં જે સારી NGO સેવાભાવી સંસ્થાઓએ ખરા દિલથી સેવા કરવી છે, દાન આપવું છે એમણે આ પુસ્તક ખરેખર વાંચવું જોઈએ.

રોબર્ટ લ્યુપ્ટન કે જેણે ૪૦ વર્ષ સુધી એક્ટીવીસ્ટ તરીકે કામ કર્યું છે તેનાં સમૃદ્ધ અનુભવનો નીચોડ આ પુસ્તકમાં આપવામાં આવ્યો છે. આ પુસ્તકનો આખો સંદર્ભ ખ્રિસ્તી સેવાભાવી સંસ્થાઓ છે એટલે જ પુસ્તકનું સબટાઈટલ How the Church Hurts Those They Help and How to Reverse It ઼છે. એક કડવી વાત કરતાં લેખક લખે છે, "And religiously motivate charity is often the most irresponsible." આમ છતાં, આમાંની ઘણીબધી બાબતો કોઈ પણ સેવાકીય સંસ્થાને લાગુ પડે તેવી તો છે જ. મૂળ દલીલ એવી છે કે જેને મદદ કરવાની ભાવનાથી સેવાકીય કાર્યો કરવામાં આવે છે એ લોકોને જ આ સેવા નુકશાન કરે છે – એટલે એ ઝેરી સેવા છે. આ અવતરણ જુઓ, "કરુણાની પ્રવૃત્તિઓને (ઉદ્યોગ) વિશ્વમાં બધે જ સદગુણ અને રચનાત્મક માનવામાં આવે છે. પણ નવાઈની વાત એ છે કે એ પ્રવૃત્તિઓના પરિણામોને આપણે ચકાસતા નથી." સેવા કરનાર પોતાને પુણ્ય મળી ગયું એવો સંતોષ લઈને આગળ નીકળી જાય છે પણ શું મૂળ પ્રશ્ન ઉકેલાય છે? સેવા કરનારને આનંદ કે સંતોષ મળે છે પણ શું સેવા લેનારને ખરેખરો ફાયદો થાય છે? આ પ્રશ્ન આ પુસ્તકનો પ્રાણ છે. ગરીબી દૂર કરવા અને ગરીબોને મદદ કરવા માટે આપણી આસપાસ જે પણ સેવાકીય કાર્યો થઈ રહ્યાં છે તેમાં વપરાતી પદ્ધતિઓની સમીક્ષા કરવાનો સમય આવ્યો છે. આ સમીક્ષા સેવાકીય કાર્યોને વધુ અસરકારક બનાવવા માટે અનિવાર્ય છે.

પુસ્તક કહે છે કે આપણે સેવાકીય પ્રવૃત્તિઓમાં મોટે ભાગે એક પક્ષીય મદદ (મોટે ભાગે વસ્તુઓ) પહોંચાડીએ છીએ જેમ કે ખાવાનું કે કપડાં આપવા કારણકે આપણને એવું લાગે છે કે સંસાધનોની અયોગ્ય વહેંચણીને લીધે ગરીબી છે. પણ અસમાનતાના મૂળભૂત કારણોને સમજતા નથી અને એટલે જ સેવા આપનાર સેવા લેનારને દયામણી નજરે જુએ છે. આને લેખક 'ઝેરી સેવા' કહે છે. ઝેરી સેવા કરનાર લોકો મોટે ભાગે ગરીબોને વસ્તુઓ આપે છે પણ સત્તા આપતા નથી એટલે જે હેતુ માટે વસ્તુઓ અપાય છે એ હેતુ જ લાંબાગાળે સર થતો નથી. ઉદાહરણ તરીકે, મફત અનાજ કે ખાવાનું આપવાથી ખોરાકની અછતનો કે અસામાન તકોનો મુદ્દો ઉકેલતો નથી. મફતમાં વસ્તુઓ આપવાથી આર્થિક અસમાનતા દૂર થતી નથી, ઉલટાની વધે છે.

એક તરફી મદદ પહોંચાડવાથી પાંચ બાબતો થાય છેઃ

૧. એક વખત આપો એટલે તમારા વખાણ થાય (આશીર્વાદ મળે)

૨. બીજી વખત આપો એટલે આશા બંધાય (હજુ

આપશે)

૩. ત્રીજી વખત આપો એટલે અપેક્ષા જન્મે (આપશે જ)

૪. ચોથી વખત આપો એટલે અધિકાર જન્મે (આપણને મળવું જ જોઈએ)

૫. પાંચમી વખત આપો એટલે નિર્ભરતા આવે (આપણે બીજું શું કરીએ!)

આ પુસ્તક ક્યાંય પણ સેવા કરવાનું બંધ કરવું જોઈએ એવું કહેતું નથી પણ વધુ પરિણામલક્ષી સેવા કેમ થઈ શકે તેનું શાસ્ત્ર શોધે છે. જેમકે લેખક કહે છે કે ભૂકંપ, પૂર કે દુષ્કાળ જેવી ઈમરજન્સી પરિસ્થિતિમાં એક તરફી મદદ પહોંચાડવી જ જોઈએ. પરંતુ કાયમ મફતમાં ખાવાનું કે કપડાં આપવાથી આપણે ધીમે ધીમે કરતાં ગરીબોનું આત્મસન્માન છીનવી લઈએ છીએ. એનાં બદલે તેઓ જાતે કમાઈ શકે એ માટે એમને તૈયાર કરવા માટે જે સંસાધનો જોઈએ તેની મદદ કરવી જોઈએ. બંને સાથે પણ થઈ શકે; જ્યાં સુધી તેઓ સશક્ત થતાં નથી ત્યાં સુધી તેમને રોટી-કપડા આપીએ. રોજ કોઈને ખાવા માટે માછલી આપવાને બદલે એને માછલી પકડતા શીખવાડવામાં મોટી સેવા છે. લેખક આનાથી એક ડગલું આગળ જઈને કહે છે કે જો તળાવમાંથી માછલીઓ જ ખાલી થઈ જાય તો? ભૂખ્યાંને ખાવા માટે માછલી આપવી એ માનવ સેવા છે પણ આખા તળાવ વિષે વિચારવું એ સમુદાય-ઉત્થાનનું કામ છે. આવું લોકોદ્ધારનું કામ કરવા માટે તજજ્ઞોનું માર્ગદર્શન અને લાંબાગાળાની પ્રતિબદ્ધતા જોઈએ; નહીં કે ટૂંકાગાળાના સ્વયંસેવકો!

લેખક પોતાના અનુભવને આધારે કહે છે કે કોઈ પણ સેવાકીય પ્રવૃત્તિ આરંભ કરતાં પહેલાં જે તે સમુદાય સાથે ઓછામાં ઓછા ૬ મહિના ગાળો, એમને સાંભળો અને આરંભે શૂરા બનવાને બદલે એક સારો પડોશી જેટલી મદદ કરે એટલી જ કરો. ત્યાર બાદ લેખક ૬ મુદ્દાનો એક કાર્યક્રમ સૂચવે છે જે લોક-સેવાની પ્રવૃત્તિમાં રસ ધરાવનાર સૌ માટે ઉપયોગી સાબિત થઈ શકે:

૧. સમુદાયનું સ્વરૂપ સમજો; સમાજ, સંસ્કૃતિ, આર્થિક વ્યવહારો, સ્થળ અને માનવીય સંબધો

૨. નવા સંસાધનોના નિર્માણમાં ધ્યાન કેન્દ્રિત કરો નહિ કે અનંત જરૂરિયાતો ઉપર

૩. લોકો માટે સૌથી મોટો સળગતો પ્રશ્ન કયો છે એ એમને સંભાળીને નક્કી કરો અને તેનાથી શરૂઆત કરો

૪. આવકના સ્થાનિક સંસાધનો/પદ્ધતિઓ વિકસાવો અને એમાં રોકાણ કરો. સીધા પૈસા/વસ્તુઓ આપવાને બદલે કામના બદલે પ્રોત્સાહન સ્વરૂપે મદદ કરો

૫. સ્થાનિક નેતૃત્વ નિર્માણ કરો; એમની ક્ષમતા વધશે તો સમસ્યાઓ ઝડપથી ઉકેલાશે

૬. ધીમે ધીમે કામ કરો, જેમની મદદ કરવાની છે એમનાથી આગળ જવું નથી કારણકે જેમના પ્રશ્નો ઉકેલવાના છે એ એમનાં દ્વારા જ ઉકેલવા જોઈએ.

એકંદરે જે સૂર નીકળે છે એ એવો છે કે "લોકો માટે" નહીં "લોકો સાથે" સેવા કરવાની છે. લેખક સેવાના સારા મોડેલ્સ પણ દેખાડે છે જેમ કે Opportunity International. આપણે ત્યાં પણ વિદ્યાર્થીઓને કોઈ સંસ્થા માઈક્રો-સ્કોલરશીપ દ્વારા વધુ સારા વિદ્યાર્થી બનવામાં મદદ કરે છે. લોકો ભલે ગમે તેટલા ગરીબ હોય પણ એમની અંદર અપાર શક્તિ પડી છે એમને બહાર લાવવી એ જ મોટી સેવા છે. કદાચ સેવા દયાથી શરુ થાય પણ પૂરી તો ન્યાયથી થાય એ આ પુસ્તકની પુકાર છે.

આ પુસ્તક વાંચતી વખતે બે બાબતો યાદ આવી:

(૧)૨૦૧૮માં એક વખત ઝૂપડપટ્ટીના બાળકોના શિક્ષણ માટે કામ કરતા એક સજ્જનને મળવાનું થયું ત્યારે એણે એક ઘટના વર્ણવી: "એક વાર હું કોઈ ઝૂપડપટ્ટીમાં કેટલા બાળકો શાળાએ જતા નથી તેનો સર્વે કરવા ગયો તો એક પહેલવાન જેવો માણસ ઝાડ નીચે સૂતો બધું જોયા કરતો

હતો. થોડીવારે એણે મને બોલાવીને પૂછ્યું, "શું કરો છો માસ્તર?" કદાચ માસ્તર એટલા માટે કહ્યો હશે કેમ કે મેં ખાદીનો ઝભ્ભો પહેરેલો હતો! મે ઉત્તર આપતાં કહ્યું કે, "શાળાએ ન જતા બાળકોનો સર્વે કરું છું અને જેઓ જતા ન હોય એમના શિક્ષણ માટે અહિ જ કોઈ શૈક્ષણિક પ્રવૃત્તિ શરુ કરવાનો વિચાર છે." તો એણે કહ્યું, "સરસ. એવા કેટલા બાળકો થયા?" મેં કહ્યું, " હજુ સુધી તો ૧૪ થયા છે." તો એણે કહ્યું, "બીજા ૧૦ના નામ લખો." મેં એને પૂછ્યું કે તમારા અડોશ-પડોશના બાળકો છે?" એણે સહેજ સ્મિત સાથે કહ્યું, "ના ના, મારાં પોતાના જ ૧૦ છે!" થોડી ક્ષણો માટે હું એની સામે જોઈ રહ્યો અને પછી પૂછ્યું, "આટલી મોંઘવારીમાં આટલા બધાં બાળકોનું ભરણ-પોષણ કરવું પરવડે?" એણે બેફિકરાઈથી જવાબ આપતાં કહ્યું, "જુઓ દિવસમાં બે ટાઈમ અમને ભરપેટ જમાડવા માટે એક સંસ્થા નિયમિત આવે છે. ૧૦માંથી ૫ બાળકો મંદિરે બેસે છે. એટલે સાંજે ૧૫૦૦-૨૦૦૦ લાવે છે!"

(૨) કાકાસાહેબ કાલેલકરના 'હિમાલયનો પ્રવાસ' પુસ્તકમાં તેઓ લખે છે, "સમાજસેવા કરવાને પણ અધિકાર જોઈએ. આજે અનધિકારી લોકો સેવાનું કાર્ય હાથ ધરીને સમાજમાં જે ગોટાળો ઊભો કરે છે તે છોડી દે, તો પણ ભારેમાં ભારે સમાજસેવા થઈ શકે. યુરોપની જેમ અહીંયા પણ સમાજસેવા ધંધાનું રૂપ પકડશે કે શું એવી બીક છે...સમાજસેવામાં બહુ જ કુશળતા જોઈએ છે. તે એક જાતની કસરત છે. પોતાનું પણ પતન ન થાય અને સમાજ પણ પરાવલંબી અને નિષ્પ્રાણ ન બને, એ આદર્શને જાળવીને જ સમાજસેવા કરવી ઘટે, નહીં તો ધર્મ કરવા જતા અધર્મને જ પોષણ મળે" (એક યાત્રાઃ બે વૃત્તાંત; ૧૫૪).

ટૂંકમાં આ પુસ્તક સેવાકીય પ્રવૃત્તિઓ કરવા ઈચ્છુક કોઈ પણને સાચી રાહ દેખાડનાર છે. માત્ર પવિત્ર ઉદ્દેશ્ય હોવાથી કામ પૂરું થઈ જતું નથી; સાથોસાથ સેવાની પદ્ધતિ પણ વૈજ્ઞાનિક હોય તો આપણે જે સમરસ સમાજ કે સુરાજ્યનું સપનું સેવીએ છીએ એ ઝડપથી સાકાર થશે. "અમે વેર્યા બી છૂટ્ટા હાથે, હવે તો વાદળ જાણે ને વસુંધરા" એ કવિતામાં બરાબર લાગે છે પણ સેવાકીય ક્ષેત્રે સેવકે હવે એ પણ જોવું પડશે કે વાદળે પોતાનું કામ કર્યું? વસુંધરાની ફળદ્રુપતા કેટલી? અને બીજ યોગ્ય ઊંડાઈએ વવાયા છે કે કેમ?

### દુર્લભ રત્ન

વિનોબાએ ગાંધીજીના આશ્રમમાં આવતા પૂર્વે ગાંધીજીને પત્રમાં લખેલું: ''ઈશ્વર મારી પાસેથી સેવા લેશે કે ? આ દુનિયામાં તમારા આશીર્વાદ વિના બધું શૂન્ય છે. આપના મહાયજ્ઞની આહુતિ બની જવાની યોગ્યતા ઈશ્વર પાસે આ સેવકને અપાવજો.''

જવાબમાં ગાંધીજીએ લખ્યું: '' વિનોબા, તમારો પ્રેમ અને ચારિત્ર મોહમાં ડુબાડી દે છે.તમારી ભક્તિ અને શ્રદ્ધા આંખમાં હર્ષના આંસુ આણે છે. હું તેને લાયક હોઉં કે ન હોઉં, પણ તમને તો તે ફળશે જ. તમે મોટી સેવાનું નિમિત્ત બનશો, તમને ઈશ્વર દીર્ઘાયુષી બનાવો અને તમારો ઉપયોગ હિંદની ઉન્નતિને સારુ થાઓ.''

ગાંધીજીના આ આશીર્વાદ ફળ્યા..વિનોબાએ પોતાના યજ્ઞકાર્યથી વૈશ્વિક થયા.વિનોબાનું નૂર કળી ગયેલા ગાંધીજીએ ઇ.સ.૧૯૧૭માં દીનબંધુ એન્ડ્રુઝને વાતવાતમાં વિનોબા વિશે કહ્યું હતું:

''આશ્રમના દુર્લભ રત્નોમાંના આ એક છે. તેઓ આશ્રમને પોતાના પુણ્યથી સીંચવા આવ્યા છે. પામવા નથી આવ્યા, આપવા આવ્યા છે.''

## ૧૨ શિક્ષણ : દરેક વ્યક્તિ માટે વાસ્તવિક કઈ રીતે બની શકે?

**રેખાબા સરવૈયા**

---

ભાગ : ૧ (વાસ્તવિક શિક્ષણ)

સામાન્યતઃ આપણી સંકુચિત મનોવૃત્તિથી પ્રેરિત થઈને આપણે શિક્ષણનો અર્થ કરીએ છીએ કે 'મગજમાં જેટલી માહિતી ઠાંસી શકાય એટલી ઠાંસવી.'- અને પરિણામ સ્વરૂપ આ માહિતી સહિત સ્મૃતિવાળા માણસને આપણે 'સાક્ષર' કહીએ છીએ. જે કોઈ પણ રસનાં ક્ષેત્રે સુદીર્ઘ કારકિર્દી બનાવીને સંતુષ્ટ મનોભાવથી વધુને વધુ માહિતીના આદન-પ્રદાનથી રૂપિયા એકત્ર કરતાં હોય છે. આ વાત બહુ સમજી શકાય એવી છે કે... યોગ્ય આવક મેળવવાના સાધન તરીકે શિક્ષણનો ઉપયોગ થવો એ વ્યાજબી છે, પરંતુ માત્ર એ જ શિક્ષણનો અર્થ ન હોય શકે. શિક્ષણ તો એ કરતા કંઈક વધુ અર્થનો ગર્ભિત સંકેત કરે છે કે જે આપણાં સૌનાં વાસ્તવિક જીવનનાં પાસાને સ્પર્શતું હોય, એવા શિક્ષણને મૌલિક/વાસ્તવિક શિક્ષણ કહી શકાય.

આપણાં વિચારકોએ વાસ્તવિક શિક્ષણ માટે કહ્યું છે : ''જિવાતા જીવનની સમસ્યાઓને સમજી અને એના ઉકેલ માટે ઉપયોગી બને, રાગદ્વેષ અને મિથ્યાભિમાનને મિટાવી સમભાવનું પ્રાગટય કરે અને જ્ઞાનની પિપાસા જગાડે એ વાસ્તવિક અર્થમાં શિક્ષણ''— ટોલ્સટોય

'વાસ્તવિક/મૌલિક શિક્ષણ એટલે એવું શિક્ષણ જે જૂની ધાર્મિક અને આધ્યાત્મિક ગણાતી સંકલ્પનાઓને બાજુ પર મૂકી અને એ જીવનનાં મૂળને સમજવા અને પામવાનું ચાવીરૂપતત્ત્વ.'

ઉપરોકત વ્યાખ્યાઓનું વિશ્લેષણ કરીએ તો આપણાં મનમાં વાસ્તવિક શિક્ષણની એક સુસ્પષ્ટ વિભાવનાનું ચિત્ર ઊભરી આવશે.

જિવાતું જીવન અને વાસ્તવિક શિક્ષણ

અહીં બન્ને વિચારકોની એક વાત સામાન્ય છે અને એ છે આપણાં જીવનને શિક્ષણ સાથે સાંકળવાની વાત. જીવનને શિક્ષણ સાથે અવિભાજય રીતે જોડી દઈને આપણે વાસ્તવિક શિક્ષણને સમજવું પડશે. અને એટલે શિક્ષણનો પેલો સંકુચિત અન્ય 'માહિતીનો સંગ્રહવાળો' બાજુ પર રાખી દેવો પડશે. અને એ પણ સમજી લેવું પડશે કે ચોકકસ ખંડની ચાર દીવાલો કે સુનિશ્ચિત ચોપડીઓનાં પાનામાં સમાવિષ્ટ માહિતીનાં જોરદાર પ્રવચનોને પણ શિક્ષણ ન કહી શકાય. કેમકે Not all classrooms have four walls અહીં જે વાત કરવાની છે એ સમગ્ર જીવનને સ્પર્શતા શિક્ષણની કરવાની છે જેને આપણે કેળવણી પણ કહી શકીએ. અને કેળવણીનો અર્થ થાય ' ''એક ખરબચડાં પથ્થરમાં અદ્રશ્ય શિલ્પની જેમ માણસમાં રહેલ ભાવના, કરૂણા, દયા, સર્જનાત્મકતા, અને મૌલિક વિચારપ્રક્રિયા જેવા સારા મનુષ્યત્વ તરીકેનાં ગુણોને યોગ્ય આકારમાં સંવર્ધિત કરી મૂકવો.'' આવા શિક્ષણની શરૂઆત બાળકનાં જન્મથી જ થઈ જાય છે. સમજનાં બીજ બાળમાનસમાં અંકુરિત થાય છે, ત્યારે તે ઘરમાં કે આસપાસનાં વાતાવરણમાં જે કંઈ પ્રત્યક્ષ વ્યવહાર જુએ છે ત્યાંથી જ શિક્ષણની યાત્રા અનૌપચારિક રૂપથી શરૂ થઈ જતી હોય છે, અને પછી જીવનભર એ યાત્રામાં અવનવા મુકામ આવતાં જ રહે છે. એ રીતે જોઈએ તો આપણે સૌ જીવનભર કંઈને કંઈ શીખતા રહીએ છીએ-આજીવન વિદ્યાર્થી !

શિક્ષણનાં ફળદ્રુપપણાનું પહેલું સોપાન બાળક કે વિદ્યાર્થીનાં મનની શાંત પરિસ્થિતિ છે. અને એ પરિસ્થિતિને સમજતાં પહેલા બાળકમાંની કુદરતી સંભાવનાઓને મનોવૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી શોધી કાઢવી એ પણ જરૂરી ગણાશે. કારણ કે દરેક મનુષ્યની સંભાવનાં પ્રકૃતિએ અલગ અલગ પ્રદાન કરી છે અને એ સંભાવનાને ઓળખી જઈ મનુષ્યનાં વ્યક્તિત્વને નિખાર આપવો એ વાસ્તવિક શિક્ષણની જવાબદારી બની રહે છે. બીજા સજીવો પાસે વિચારશકિત ન હોવાથી માત્ર પ્રશિક્ષણથી ખપ પૂરતું શીખી લે છે કે પછી અનુકરણ કરીને જાણી લે છે, પણ મનુષ્યને તો નિત્યનૂતન જ્ઞાનની ક્ષિતિજો પાર કરવાની હોવાથી એની વૈચારિક શકિતને હંમેશાં માંજતી રાખવી પડે છે.

અનૌપચારિક રીતે બાળક જે કંઈ શીખે છે એનાંથી એની વૈચારિક શકિતને એક દિશા મળે છે. અને એ દિશામાં આગળ જતા તે દરેક પાસા જેવાં કે... માનવસંબંધ, લાગણી, જીવનમૂલ્યો, ધર્મ, વ્યક્તિ, સમાજ અને દેશ વિશે પોતાની સમજ અનુસાર એક છાપ ઊભી કરે છે. અને એ છાપનું પછીથી વિધિવત શિક્ષણ અર્થાત ઔપચારિક શિક્ષણની સાથે સાથે રૂઢિકરણ થતું રહે છે અને અહીંથી શિક્ષણની વાસ્તવિક ભૂમિકા પણ સ્પષ્ટ બની જાય છે એટલે કે મનુષ્ય ધારી લીધેલી ધારણાઓ, માન્યતાઓ કે પૂર્વગ્રહોને ઓગાળીને જે તે પાસા અંગે યોગ્ય અને સાચી સમજ આપે તે જ વાસ્તવિક શિક્ષણ.

વ્યકિતનાં અંગત રાગદ્વેષ - મિથ્યાભિમાન આદિનું ખંડન કરીને મનુષ્યત્વનું સુપેરે ઉદ્દઘાટન કરવાનું કાર્ય તથા પાશવિક વૃત્તિઓનું દમન કરીને ખરા અર્થમાં જે જ્ઞાન છે એની સન્મુખ કરવાનું કામ આ વાસ્તવિક શિક્ષણનું છે અને જયારે આ વિષય ચર્ચાની એરણ પર ચડયો છે ત્યારે દરેક સહૃદયી શિક્ષણપ્રેમી કે વિચારકને પ્રશ્ન થવો ઘટે કે શું આજનું શિક્ષણ વાસ્તવિક રહ્યું છે ખરું ? અને જો નથી રહ્યું તો એના કારણો શું છે? એના ઉપાયો આપણે કરી શકીએ એટલો સમય બચ્યો છે આપણી પાસે? ને એ ઉપાયો ક્યાં છે જે શિક્ષણને ખરા અર્થમાં તમામ માટે વાસ્તવિક બનાવે? આવો. ક્રમશ ચર્ચા કરીએ....

**શિક્ષણને વાસ્તવિક બનાવનારા ઘટકો**

આજની શિક્ષણપ્રણાલી ખરેખર અવાસ્તવિક બની હોય તો એના મૂળ ક્યાં છે એ શોધવું પડશે કેમ કે આજે આપણે જગતના શિક્ષણધામોને જોઈશું તો ખ્યાલ આવશે કે એના ઉચ્ચતમ ઉત્કૃષ્ટ ઉદ્દેશ્યો આજે કઈ દશામાં ભોંય પર પટકાઈ પડ્યા છે? પશ્ચિમનાં દેશોમાં આશરે ૨૦ લાખ જેટલા વિદ્યાર્થીઓએ શિક્ષણપદ્ધતિના ખોખલા, રૂઢિગત માળખાથી ઉબકી જઈને સમગ્ર શિક્ષણપદ્ધતિનો બહિષ્કાર કરીને શિક્ષણજગતનાં માંધાતાઓના મોં પર સણસણતો તમાચો મારીને દુનિયાને વિચારતી કરી મૂકી છે. તેમના સવાલો છે શિક્ષકોને, સમાજને અને ખુદનાં મા-બાપની સામે કે વરસોથી ચાલી આવતી આ શિક્ષણ પદ્ધતિથી હાંસલ શું થયું? કઈ નવી ઉપલબ્ધિ મેળવી આપણે શિક્ષણથી? કારકિર્દી જ જો એનું ધ્યેય હોય તો અમારે અમારા કિંમતી પંદર-સતર વર્ષો નથી વેડફવા. કારણ કે ભણ્યા વિના પણ પૈસા કમાઈ શકાશે. હળ ચલાવતો ખેડૂત કે જોડા સીવનાર મોચી કહેવાતા સાક્ષર કરતાં સુખચેનથી જીવન નિર્વાહ કરે જ છે. સમાજ જે રૂઢિઓ, માન્યતાઓ, અંધશ્રધ્ધાઓથી પીડિત ગઈકાલે હતો એવો જ આજેય છે. અણુબોમ્બ બનાવવાથી કે ચંદ્ર ઉપર જઈ આવવાથી માણસ આગળ નથી વધી ગયો. એના મનની સંકુચિતતા, રાગદ્રેષ, હિંસા ભાવના એ અધુ તો હજુ ઠેરનું ઠેર રહ્યું છે.

- તો? તો આપણાં શિક્ષણની વાસ્તવિક નિપજ શું આટલી જ???

પંદર- સત્તર વરસની તપસ્યા બાદ મળે છે શું? પ્રશ્નોથી પીડિત અસ્પષ્ટ વિચારોથી ત્રસ્ત, સંદિગ્ધ અને અસંતુલિત મન? માત્ર સ્મૃતિ અને માહિતીની ધ્વજાપતાકા સમું શૈક્ષણિક પરીક્ષાનું પ્રમાણપત્ર જ પ્રાપ્ત કરવાનું હોય તો ન ખપે એ શિક્ષણપ્રણાલી. આ વિદ્રોહની સાથે સાથે આપણને ખ્યાલ આવે છે શિક્ષણદરનાં ઘટાડાનો. શિક્ષણ પ્રત્યે ઉદાસીન વિદ્યાર્થીઓ બહુ ઝડપથી અસામાજિક પ્રવૃત્તિઓ તથા ગુનાખોરીની દુનિયામાં પ્રવેશ પામી જતા જોવા મળે છે. આજે આપણાં સમાજનો એક ખાસ વર્ગ પોતાના બાળકોને શાળાએથી ઉઠાડીને નાની-મોટી મજૂરી કરાવવા મોકલાવી દેતો જોવા મળે છે. જે બાળકોને જીવનોપયોગી શિક્ષણ મળવું જોઈએ તે ઉંમરે બાળક પાસેથી કમાણીની આશા કરતાં મા-બાપ અને સમગ્ર સમાજે એ જાણી લેવું જોઈએ કે આઝાદી બાદના વર્ષોમાં બાળ મજૂરીનું પ્રમાણ કેટલી હદે વધ્યું છે? એક સર્વેક્ષણ અનુસાર બાળમજૂરોની સંખ્યા ૯૦ લાખમાંથી ૮ કરોડ થઈ છે....!

આ માટે શિક્ષણ જ જવાબદાર છે એમ કહીને શિક્ષણજગત પર ખુલ્લો આક્ષેપ કરવાનો ઈરાદો નથી. આ તો એક વિષચક્ર છે જે ગોળ-ગોળ ફરતું રહે છે. મજૂરી કરાવનાર મા-બાપ લાચારીપૂર્વક બાળકને આ ગર્તામાં ધકેલે છે કારણ કે ગરીબી છે, ગરીબી પણ એટલા માટે છે કે વસ્તીવધારાનાં વિસ્ફોટને આપણે ખાળી નથી શકયા.

ક્રમશઃ

ગાંધીનો ધબકાર

## નોખી માટી, નોખા માનવી...

'આજ હૈ દો અક્તૂબર કા દિન, આજ કા દિન હૈ બડા મહાન, આજ કે દિન દો ફૂલ ખિલે, જિનસે મહકા હિંદુસ્તાન, એક કા નામ થા બાપુ ગાંધી, ઔર એક લાલબહાદુર હૈ, એક કા નારા અમન, એક કા જય જવાન જય કિસાન' ૧૯૬૭ની ફિલ્મ 'પરિવાર' માટે ગુલશન બાવરાએ લખેલું અને કલ્યાણજી-આણંદજીએ સંગીતબદ્ધ કરેલું આ ગીત ૨ ઑક્ટોબરે જન્મેલા દીકરા માટે મા ગાય છે. કહે છે, 'મેરે મુન્ને દો અક્તૂબર કે શુભ દિન હી તૂ જન્મા, મેરી યહી દુઆએં હૈં કિ ઉન જૈસા હી તૂ બનના, ઔર જો ઉન જૈસા ના બન પાયે તો ફિર ઈતના કરના, કમ સે કમ ઉનકે બતલાયે રાસ્તે પર હી તૂ ચલના, વિશ્વશાંતિ કે હિત મેં દેખોં ઉન વીરોં ને દિયે હૈં પ્રાણ...'

આ ગીત રચાયાને અડધી સદી જેટલો સમય થઈ ગયો છે, પણ આજે પણ શાળાઓમાં ગાંધીજયંતીના કાર્યક્રમમાં કોઈ શિક્ષક ગાંધીજી સાથે શાસ્ત્રીજીને યાદ કરતાં આ ગીત ગાય અને નાનાં નાનાં બાળકો તેને ઝીલે ત્યારે વાતાવરણમાં એક ઊર્જા પ્રસરી જાય છે.

મહાત્મા ગાંધીનો જન્મદિન ૧૮૬૯માં અને અને શાસ્ત્રીજીનો ૧૯૦૪માં. બંનેની ઉંમરમાં અડધી સદી જેટલું અંતર. મહાત્મા ગાંધી દક્ષિણ આફ્રિકાથી ભારત આવ્યા ત્યારે શાસ્ત્રીજી શાળામાં ભણતા વિદ્યાર્થી હતા. લોકમાન્ય તિલકને સાંભળી તેમની નસોમાં એ કૂણી ઉંમરે પણ દેશભક્તિ વહેવા લાગી. ૧૯૧૫માં ૧૧-૧૨ વર્ષની ઉંમરે તેમણે મહાત્મા ગાંધીનું પ્રવચન સાંભળ્યું. ત્યારથી તેઓ ગાંધીજીના ભક્ત બની ગયા. કાશીથી થોડાં જ કિલોમીટર દૂર આવેલા મુગલસરાઈમાં જન્મેલા લાલબહાદુરની અટક શ્રીવાસ્તવ હતી, પણ એ કાયસ્થ જ્ઞાતિ સૂચવતી હતી તેથી તેમણે એ અટક ત્યાગી દીધી હતી.

૧૯૨૧માં ગાંધીએ ઉપાડેલી અસહકારની લડત પૂરજોશમાં હતી. એમાં ભાગ લઈ શાસ્ત્રીજી જેલમાં ગયા. તેમણે વિવિધ સત્યાગ્રહોમાં ભાગ લઈ કુલ નવ વર્ષનો જેલવાસ ભોગવ્યો હતો, જ્યારે ગાંધીજીએ કુલ અગિયાર વર્ષ જેલમાં ગાળ્યા હતા. ગાંધીજીએ ભારતમાં આવી પહેલા સત્યાગ્રહો ચંપારણ અને ખેડાના ખેડૂતો માટે કર્યા હતા. શાસ્ત્રીજીએ સૂત્ર આપ્યું હતું, 'જય જવાન, જય કિસાન'.

૧૯૨૬માં બનારસમાં સ્થપાયેલી કાશી વિદ્યાપીઠમાં ફિલોસોફી અને નીતિશાસ્ત્ર લઈ તેઓ સ્નાતક થયા અને ત્યારથી શાસ્ત્રી કહેવાયા. આ કાશી વિદ્યાપીઠનું ઉદઘાટન ૧૯૧૬માં તાજા તાજા દક્ષિણ આફ્રિકાથી આવેલા મહાત્મા ગાંધીએ કર્યું હતું. ૧૯૨૭માં લલિતાદેવી સાથે લગ્ન થયાં ત્યારે લાલબહાદુર ગાંધીરંગે પૂરા રંગાઈ ચૂક્યા હતા. તેમણે સસરા પાસેથી રેંટિયો અને થોડી ખાદી એટલી જ ભેટ સ્વીકારી હતી. ગાંધીજીના આશ્રમમાં લગ્ન થતાં ત્યારે ગાંધીજી શરત મૂકતા કે વિધિ, ફૂલ વગેરેનું ખર્ચ ચાર આનાથી વધારે ન થવું જોઈએ. વરવધૂ હાથે કાંતેલી ખાદીની આંટી વરમાળા તરીકે એકબીજાને પહેરાવે. આશ્રમના જ કોઈ વરવધૂને પ્રતિજ્ઞાઓ લેવડાવી દે.

ગાંધીજી અને શાસ્ત્રીજી બંનેએ કોઈ અંગત લાભ લીધા વિના દેશસેવા કરી. દેશસેવાનો તેમનો માપદંડ હતો દૃઢ નિષ્ઠા અને સખત પરિશ્રમ. પદ કે પ્રતિષ્ઠાનો કોઈ ફાયદો ન પોતે લીધો, ન સંતાનોને આપ્યો. દેશના અદના સેવકો તરીકે બંને જીવ્યા અને મર્યા. ૧૯૪૮માં ગાંધીજીનું મૃત્યુ થયું ત્યારે તેમની સંપત્તિમાં ચંપલ, ચશ્મા, ઘડિયાળ વગેરે

દસબાર વસ્તુઓ જ હતી. શાસ્ત્રીજી મૃત્યુ પામ્યા ત્યારે તેઓ જે જૂની કાર વાપરતા હતા તેના હપ્તા ભરવાના બાકી હતા. બેમાંથી કોઈ પાસે કોઈ મિલકત ન હતી. બેંકમાં ખાતું પણ નહોતું. પોતાનાં જીવન અને કાર્યોથી બંનેએ બતાવ્યું કે રાજકારણ જેવા વગોવાયેલા ક્ષેત્રમાં પણ સિદ્ધાંત, સાદગી અને સજ્જનતાને સ્થાન છે.

સત્યાગ્રહની લડતમાં કંઈક પણ ચૂક થાય તો ગાંધીજી એની જવાબદારી પોતે લેતા. શાસ્ત્રીજી રેલવે પ્રધાન હતા એ વખતે એક મોટો અકસ્માત થયો ત્યારે શાસ્ત્રીજીએ તેની જવાબદારી પોતે લઈને રાજીનામું આપ્યું હતું. એક પ્રધાને આવો નિર્ણય લીધો હોય તેવું દેશમાં કદી બન્યું નથી. મરણોપરાંત ભારતરત્ન મેળવનારા શાસ્ત્રીજી પહેલા હતા.

ગાંધીજી પશ્ચિમના વિરોધી હતા એવી છાપ છે. પણ ગાંધીજીના ઘડતરમાં પશ્ચિમના અમુક મૂલ્યોનો બહુ મોટો ફાળો હતો. ચોકસાઈ, નિયમિતતા, સ્વચ્છતા, કરુણા, સમાનતા, બંધુત્વ - આ બધું જે રીતે એમના અસ્તિત્વમાં વણાઈ ગયું હતું તે આપણી આધ્યાત્મિક પરંપરા કરતાં પશ્ચિમની વિભાવનાઓને વધારે મળતું આવતું હતું. શાસ્ત્રીજીમાં આ ગુણો ભરપૂર પ્રમાણમાં હતા. શાસ્ત્રીજી નરમ હતા, પણ વખત આવે સિંહની જેમ ગર્જી ઊઠતા. ગાંધીજીની જેમ તેમની અહિંસા પણ વીરની અહિંસા હતી. મહાત્મા ગાંધીએ સવિનય કાનૂનભંગ અને સત્યાગ્રહ દ્વારા ગુલામ અને કચડાયેલી પ્રજામાં આત્મવિશ્વાસ અને નિર્ભયતાનો પ્રાણ પૂર્યો. શાસ્ત્રીજી વડાપ્રધાન થયા ત્યારે એક ક્ષિતિજ પર તાજી પૂરી થયેલી ચીનની લડાઈના ધુમાડા ઊઠતા હતા, બીજી ક્ષિતિજ પર પાકિસ્તાનની લડાઈ ગાજતી હતી. અદભુત કાબેલિયત અને હિંમતથી તેમણે પરિસ્થિતિ સંભાળી. લડાઈ રોકવાના પૂરા પ્રયત્ન કર્યા, પણ લડવાનું આવ્યું ત્યારે હાકલ કરી, 'માતૃભૂમિની સ્વતંત્રતાનો સોદો નહીં થવા દઈએ.' અને દેશ પોતાનાં દુઃખો ભૂલીને જુસ્સામાં આવી ગયો.

ગાંધીજી અને શાસ્ત્રીજી બંને કોઈ વાત કહેતા પહેલા પોતે તેને અમલમાં મૂકતા. ગાંધીજીને સાંભળી લોકો ખાદીધારી બનતા, ગામડામાં જઈ સેવાના ભેખધારી બનતા કારણકે ગાંધીજીએ પોતાનો દરેક શબ્દ ઉચ્ચારમાં મૂકતા પહેલા આચારમાં મૂક્યો હતો. શાસ્ત્રીજી વડાપ્રધાન હતા તે વખતે દેશમાં અનાજની તંગી હતી. અમેરિકાએ સડેલા ઘઉં મોકલ્યા ત્યારે શાસ્ત્રીજીએ કહ્યું કે આવું સડેલું અનાજ ખાવા કરતા દરેક નાગરિક અઠવાડિયામાં એક ટંક ન ખાય તો અનાજની તંગીનો પ્રશ્ન ઉકલી જાય. કરોડો લોકોએ આ 'શાસ્ત્રીવ્રત' પાળવા માંડ્યું કારણકે આ વાત કહેતા પહેલા શાસ્ત્રીજીએ પોતાના ઘરનું રસોડું પણ એક ટંક માટે બંધ કરાવ્યું હતું.

ગાંધીજી અને શાસ્ત્રીજી બંને દેખાવમાં સાવ સામાન્ય. પ્રભાવશાળી બિલકુલ નહીં. બંને સ્વેચ્છાએ અપનાવેલી ગરીબીમાં જીવ્યા. તેમના કુટુંબોએ તેમના આદર્શો અપનાવ્યા અને મૂંગા મોઢે બલિદાનો આપ્યાં. કસ્તૂરબાનું મૃત્યુ જેલમાં થયું, શાસ્ત્રીજી જેલમાં હતા ત્યારે તેમની પુત્રી સરવારના અભાવે મૃત્યુ પામી.

એવી નોખી માટી, એવા નોખા માનવીઓ હવે આ દેશ ઉત્પન્ન નહીં કરતો હોય શું?

ગાંધીભારતી - આંતરરાષ્ટ્રીય ગાંધીવિચાર અનુશીલન કેન્દ્ર, લોકભારતી
સંપર્ક: ૯૯૭૯૧ ૮૭૫૮૭, ૯૮૩૩૭૦૮૪૯૪, ૮૩૬૯૭૭૭૦૮૬
email: appliedgandhi150@gmail.com

## ૧૩. સંસ્થા સમાચાર (સપ્ટેમ્બર, ૨૦૨૩)

**સંકલન : પ્રશાંત મહેતા**

---

**લોકભારતી સમાચાર**

- તા.૦૧ના રોજ લોકભારતી વિદ્યાર્થી મંત્રીમંડળની આમસભા યોજાણી, જેમાં વિદ્યાર્થીઓ તરફથી જુદા જુદા મંત્રીઓને લેખિતમાં પ્રશ્નો પૂછવામાં આવ્યા, મંત્રીઓએ પ્રશ્નોના જવાબ ધીરજપૂર્વક આપ્યા. આ આમસભાની વિશેષતા એ રહી કે વિદ્યાર્થીઓએ સવાલ પેટીમાં બહુ બધા સવાલોની ચિઠ્ઠીઓ લખીને નાંખી હતી, પણ તે પૈકી ૮૦% જેટલી ચિઠ્ઠીઓમાં મંત્રીઓના કાર્યની પ્રસંશા અને અભિનંદનને લગતી ચિઠ્ઠીઓ હતી! મુખ્ય ગૃહપતિશ્રી જયવંતસિંહ ગોહિલે પણ કેળવણીના હેતુસર શૈક્ષણિક અભિગમથી સમગ્ર આમસભાનું સંચાલન કર્યું. વિભાગીય હોદ્દેદારશ્રીઓ, ગૃહપતિશ્રીઓ અને ગૃહમાતાશ્રીઓ પણ ઉપસ્થિત રહ્યાં. નવા મંત્રીમંડળની શપથવિધિ કરવામાં આવી. અને શ્રી કાંતિભાઈ ગોઠીએ વિદાય થતાં મંત્રીમંડળની કામગીરીની પ્રશંસા કરીને નવનિયુક્ત મંત્રીમંડળને શુભેચ્છાઓ આપી.
- પંચાયતરાજ તાલીમ કેન્દ્રમાં તા.૦૧ના રોજ ગ્રામ પંચાયત મંત્રી ઓપવર્ગ – ૨૫૦નો પ્રારંભ શ્રી હસમુખભાઈ દેવમુરારિએ કરાવ્યો.
- તા.૦૨ના રોજ લોકભારતી યુનિવર્સિટી ફોર રુરલ ઈનોવેશનના કુલપતિ તરીકે ડૉ. રાજેન્દ્રભાઈ ખીમાણી લોકભારતીમાં આવ્યા અને ચાર્જ સંભાળી લીધો યુનિવર્સિટી કાર્યાલયે તેમને આવકારવા યુનિવર્સિટીના સૌ વિદ્યાર્થીઓ અને લોકભારતીના કાર્યકરો ઉપસ્થિત રહી પુસ્તક અને પ્રતીકાત્મક રીતે ખાદીનો રૂમાલ અર્પણ કરીને સ્વાગત કર્યું.
- તા.૦૪ના રોજ શ્રી અરુણભાઈ દવે અને શ્રી કાંતિભાઈ ગોઠી માઈધારની મુલાકાતે જઈ આવ્યા.
- તા. ૦૪ના રોજ શ્રી નિગમભાઈ શુકલએ ભાવનગર ખાતે યોજાયેલ પ્રાકૃતિક કૃષિની સમીક્ષા બેઠકમાં જઈ આવ્યા.
- તા. ૦૫ના રોજ શ્રી નિગમભાઈ શુકલ ગારીયાધાર સ્થિત એફ.પી.ઓ.ની સમીક્ષા બેઠકમાં ભાગ લીધો.
- સમગ્ર માસ દરમિયાન ભાવનગર જિલ્લાના વિવિધ સ્થળોએ યોજાયેલ કુલ ૧૫ જેટલા કાર્યક્રમોમાં કૃષિવિજ્ઞાન કેન્દ્રના કાર્યકરો દ્વારા વ્યાખ્યાન આપવામાં આવેલ જેમાં ૧૨૯૧ જેટલા ખેડૂત ભાઈ-બહેનોએ ભાગ લીધો.
- SBI RSETI BHAVNAGARમાં તાલીમ માટે આવેલા ઓફિસર્સ માટેની લોકભારતીની એક્સ્પોઝર વિઝિટ તા.૦૨ અને તા.૦૫ એમ બે વખત ગોઠવાઈ ગઈ. તેઓને કૃષિવિજ્ઞાન-કેંદ્રના વૈજ્ઞાનિકોએ માર્ગદર્શન આપ્યું.
- તા.૦૯ના રોજ સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ, રાજકોટના પ્રમુખશ્રી હિંમતભાઈ ગોડા, ઉપપ્રમુખશ્રી વલ્લભભાઈ લાખાણી અને મંત્રી શ્રી પરાગભાઈ ત્રિવેદી લોકભારતીની શુભેચ્છા મુલાકાતે આવ્યા અને તેઓએ લોકભારતી યુનિવર્સિટીની સ્થાપના અને તેની પ્રગતિ અંગે શ્રી અરુણભાઈ દવે, શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણી અને શ્રી હસમુખભાઈ દેવમુરારિ સાથે ચર્ચા-વિચારણાઓ કરી, શુભેચ્છાઓ આપી.

- કૃષિસંશોધન અને ખેતીવિભાગમાં તા.૧૦મીના રોજ ૩૫૦ કેસર આંબાની કલમોની રોપણીનું કામ કરવામાં આવ્યું. પૂર્વ વિદ્યાર્થીઓ શ્રી મનજીભાઈ દિહોરા, શ્રી ગજુભાઈ ડાભી અને શ્રી પાતુભાઈ-માઈધારના પ્રયત્નથી બજાર કિંમત કરતાં ઘણા સસ્તા ભાવે કલમ મેળવી શક્યા.
- ભાવનગર કલેકટરશ્રી દ્વારા રચાયેલ જમીન સંપાદન અર્થેની સમિતિના સભ્ય તરીકે શ્રી નિગમભાઈ શુકલ તા. ૧૧, ૨૧ અને ૨૫ના રોજ વિવિધ સ્થળ ચકાસણી અર્થે જઈ આવ્યા.
- જન્માષ્ટમીની રજાઓને કારણે આ વખતની શ્રી મૂ.મો. ભટ્ટ વ્યાખ્યાનમાળાનો કાર્યક્રમ તા.૦૫મીને બદલે તા.૧૧મીના રોજ યોજાયો. કોઈ એક વક્તાને વક્તવ્ય માટે બોલાવવાને બદલે આ સત્તરમાં મણકાના વ્યાખ્યાનને એક વિશિષ્ટ રીતે ઊજવવાનું નક્કી કરવામાં આવેલ. શ્રી મૂ.મો. ભટ્ટના સાહિત્યનું કેટલાક વિદ્યાર્થીઓએ વાચન કર્યું, અભ્યાસ કર્યો અને પોતાની રીતે તે અંગે અભિવ્યક્તિની એક બહુ જ ટૂંકી વીડિયો ક્લિપ તૈયાર કરી. આ કારણે વિદ્યાર્થીઓ મૂ.મો.ભટ્ટની સાહસકથાઓ તથા શિક્ષણ-ચિંતન વિષયક સાહિત્યમાંથી પસાર થયા, આચમન કર્યું અને અભિવ્યક્તિ અને રજૂઆતનું કૌશલ્ય વધ્યું. વિદ્યાર્થીઓએ પોતે તૈયાર કરેલી આવી વીશેક જેટલી વીડિયો ક્લિપની મોટા પરદા પર રજૂઆત કરવાનો એક કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમની ભૂમિકા શ્રી વિશાલભાઈ જોશીએ અને સમાપન શ્રી વિશાલભાઈ ભાદાણીએ કર્યું. શ્રી અરુણભાઈ દવેએ પણ પોતાનો રાજીપો વ્યક્ત કર્યો અને રજૂઆત કરનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા. આભારદર્શન શ્રી વિક્રમભાઈ ભટ્ટે કર્યું. અંતમાં શ્રી દર્શનાબહેન ભટ્ટે સુમધુર કંઠે ભજન રજૂ કર્યું.
- તા.૧૨થી ૧૫ લોકસેવા મહાવિદ્યાલય બી.આર.એસ. પ્રોગ્રામના NEP અન્વયે સેમ.૭ અને ૮ ના અભ્યાસક્રમ માળખું અને તે અંતર્ગત આવતા મુદ્દાઓ વિશે તૈયાર કરી યુનિવર્સિટીમાં જમા કરવામાં આવ્યો. આ માટે તમામ અધ્યાપકો અને શ્રી હસમુખભાઈ સુથારે ખૂબ જહેમત કરીને ટીમવર્કથી કાર્ય સંપન્ન કર્યું.
- પિડિલાઈટ ઈન્ડસ્ટ્રીઝ-મુંબઈના દસેક ચિફ એક્ઝીક્યૂટીવ્ઝની એક ટીમ શ્રી લવીનાજી ફર્નાન્ડીઝના નેતૃત્વ તળે તા.૧૩ અને ૧૪મીના રોજ લોકભારતીની પરિચય મુલાકાતે આવી ગઈ. તેઓ સૌ લોકભારતીના ભાવાવરણથી અત્યંત પ્રસન્ન થયાં. તેઓ સાયંપ્રાર્થનામાં પણ ઉપસ્થિત રહ્યા અને રાત્રે રાજેન્દ્ર ટેકરીએ જઈને આકાશદર્શન પણ કર્યું.
- પંચાયતરાજ તાલીમ કેન્દ્રમાં તા.૧૩ના રોજ ગ્રામ પંચાયત મંત્રી ઓપવર્ગ – ૨૫૦ ના સમાપન કાર્યક્રમમાં શ્રી રામચંદ્રભાઈ પંચોલીએ શુભેચ્છા પ્રવચન આપી પ્રમાણપત્ર તેમજ પુસ્તક વિતરણ કરેલ.
- તા.૧૪ના રોજ અધ્યાપનમંદિરના ૧૯૭૩ની બેચના તાલીમાર્થી શ્રી ભરતસિંહ રાણા તેમના સાથી મિત્રો સાથે લોકભારતીની શુભેચ્છા મુલાકાતે આવી ગયા.
- તા.૧૫મીના રોજ શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણી, શ્રી કાંતિભાઈ ગોઠી, શ્રી વિશાલભાઈ ભાદાણી અને શ્રી ભૌતિકભાઈ લીંબાણી માઈધાર, કળસાર અને મહુવા શૈક્ષણિક પ્રવૃત્તિઓ જોવા-સમજવા મુલાકાતે જઈ આવ્યા.
- તા.૧૬મીના રોજ મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીના ગુજરાતી ભાષાભવનના વિદ્યાર્થીઓને લઈને ભાષાભવનના વડા શ્રી મહેન્દ્રસિંહ પરમાર લોકભારતીની પરિચય મુલાકાતે આવી ગયા. ભાષાભવનના વિદ્યાર્થીઓએ મેઘાણીની લોકકથા 'જટો હલકારો'નું નાટ્યમંચન પણ રજૂ કર્યું.

- તા. ૧૬ના રોજ લોકસેવા મહાવિદ્યાલયના પ્રથમ અને ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓને ગાંધીનગર એગ્રી એશિયા International Agriculture Fare ભાગ લેવા માટે જઈ આવ્યા. વિદ્યાર્થીઓ સાથે શ્રી યોગેશભાઈ ત્રિવેદી, શ્રી મુકુંદભાઈ શ્રીમાળી, શ્રી મનોજભાઈ અગ્રાવત અને શ્રી ધીરુભાઈ રાઠોડ જોડાયા.
- તા.૧૭ના રોજ અધ્યાપનમંદિરનો દ્વારકા અને તેની આસપાસના સ્થળોનો ત્રિદિવસીય ટ્રેઈન પ્રવાસ યોજાયો. ૧૨૫ તાલીમાર્થીઓ સાથે શ્રી જગદીશભાઈ, શ્રી અજયભાઈ, શ્રી અમિતભાઈ અને શ્રી કવિતાબહેન જોડાયા.
- તા.૨૦ના રોજ લોકસેવા મહાવિદ્યાલયના તમામ વર્ષનો પ્રકૃતિદર્શનનો કાર્યક્રમ આસપાસના ડુંગરાઓમાં યોજાઈ ગયો. આ કાર્યક્રમનું સમાપન શ્રદ્ધા અને આસ્થાના સ્થાનક મેલડીમાંના સાનિધ્યમાં યોજાયું. આ કાર્યક્રમમાં સૌ કાર્યકરોએ અને વિદ્યાર્થીઓએ પોતાના ભાગે આવેલી કામગીરી ઉત્સાહ અને આનંદથી ઉત્તમ રીતે નિભાવી.
- પંચાયતરાજ તાલીમ કેન્દ્રમાં તા.૨૧ના રોજ ગ્રામ પંચાયત મંત્રી મહિલા ઓપવર્ગ – ૨૫૧ના વર્ગ પ્રારંભ શ્રી હસમુખભાઈ દેવમુરારિએ કરાવ્યો.
- તા.૨૨મીના રોજ શ્રી પાર્થેશભાઈ પંડ્યા મૂળ મહારાષ્ટ્રના અને પૂર્વે સેલ્વાસમાં શિક્ષણ નિયામક ( એજ્યુકેશન ડાયરેક્ટર હતા) અને હાલમાં દિલ્હીમાં એડિશનલ જિલ્લા મેજિસ્ટ્રેટ છે, તેવા શ્રી નિલેશ ગુરવજીને લઈને લોકભારતીની પરિચય મુલાકાતે આવી ગયા.
- તા.૨૨ના રોજ કૃષિવિજ્ઞાન કેન્દ્ર અને બાગાયત વિભાગ ભાવનગરના સહયોગથી ૨૪૮ જેટલા ખેડૂતોનો એક દિવસીય ખેડૂત સેમિનારનું આયોજન કરવામાં આવેલ.
- તા.૨૩ના રોજ લોકસેવા મહાવિદ્યાલયના ત્રીજા વર્ષના કેન્દ્રનિવાસ પૂર્વતૈયારી માટે અભિમુખતા કાર્યક્રમ રાખવામાં આવ્યો. વિદ્યાર્થીઓ અને સૌ મુખ્ય વિષયના અધ્યાપકોને શ્રી હસમુખભાઈ સુથારે અને શ્રી કાંતિભાઈ ગોઠીએ માર્ગદર્શન આપ્યું. કાર્યક્રમનું સંકલન શ્રી અલ્કેશભાઈ ચૌહાણ અને શ્રી યોગેશભાઈ ત્રિવેદી એ કર્યું.
- તા.૨૪મીના રોજ ટ્રસ્ટી શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ તેમના મિત્રવર્તુળને લોકભારતીની પરિચય મુલાકાતે આવી ગયા.
- લોકભારતીમાં યોજાનારી પૂ. મોરારિબાપુની કથાના આયોજન સંદર્ભે તા.૨૬મીના રોજ શ્રી અરુણભાઈ દવે બાપુને મળવા તલગાજરડા જઈ આવ્યા. તા.૨૭મીના રોજ લોકભારતીના સૌ હોદ્દેદારો સાથે એક પ્રાથમિક બેઠક યોજીને આયોજન વિચાર્યું. તા.૨૮મીના રોજ શ્રી જયદેવભાઈ માંકડ, શ્રી ભરતભાઈ ચંદ્રાણી અને શ્રી ચીમનભાઈ વાઘેલા સ્થળ મુલાકાત અર્થે લોકભારતી આવી ગયા. લોકભારતીના સૌ સંબંધિત કાર્યકરો આ મુલાકાત વેળા સાથે રહ્યા.
- લોકસેવા મહાવિદ્યાલયના બીજા વર્ષના વિદ્યાર્થીઓને માટે જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીનો પ્રવાસ તારીખ ૨૯ અને ૩૦ના રોજ યોજવામાં આવ્યો હતો. જેમાં સરદાર સ્મૃતિ કેન્દ્ર, કૃષિ દર્શનાલય, હાઈ ટેક ગ્રીન હાઉસ, Nusery, Biocontrol lab., National Research Centre for Groundnut, કીટકશાસ્ત્ર વિભાગ વગેરેની મુલાકાત લેવામાં આવી. વિદ્યાર્થીઓ સાથે અધ્યાપકો શ્રી યોગેશભાઈ, શ્રી અલ્કેશભાઈ ચૌહાણ અને શ્રી ધીરુભાઈ રાઠોડ જોડાયા.
- આધુનિક ભારતીય કૃષિના પ્રણેતા અને સુપ્રસિદ્ધ કૃષિ વૈજ્ઞાનિક શ્રી એમ.એસ. સ્વામીનાથનના નિધન અનુસંધાને તેના જીવન-કર્મ અંગેની એક માહિતીસભર વીડિયો ક્લિપ સાયંપ્રાર્થનાના અનુસંધાને તા.૨૯ના રોજ દર્શાવવામાં આવી

અને શ્રી અરુણભાઈ દવેએ પણ તે અનુસંધાને થોડી વાત કરીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી.

- પંચાયતરાજ તાલીમ કેન્દ્રના તાલીમાર્થીઓ તા.૨૯ના રોજ શ્રી જીવનભાઇ જોગરાણા સાથે શૈક્ષણિક પ્રવાસે જઇ આવ્યા.
- પંચાયતરાજ તાલીમ કેન્દ્રમાં તા.૩૦ના રોજ ગ્રામ પંચાયત મંત્રી ઓપવર્ગ – ૨૫૧ માં તાલીમાર્થીઓ સણોસરા ગ્રામ પંચાયતની મુલાકાત યોજી અને પ્રત્યક્ષ તાલીમ યોજી.

**આંબલા સમાચાર**

- તા.૦૨ના રોજ સોનગઢ પી.એસ.આઈ શ્રી ડી.વી. ડાંગરમેડમ સંસ્થામાં જાતિય શિક્ષણ અંગે વ્યાખ્યાન આપવા આવી
- તા.૧૨ના રોજ (CEE) પર્યાવરણ શિક્ષણ કેન્દ્રમાંથી શ્રી જાગૃતિબહેન દવે યુનેસ્કોના પ્રોજેક્ટ માટે માર્ગદર્શન આપવા સંસ્થા મુલાકાતે આવી ગયેલ.
- તા.૧૪ના રોજ વિદ્યાર્થીઓ દ્વારા સ્વયં શિક્ષણદિન ધામધુમથી ઉજવવામાં આવ્યો.
- તા.૧૪ના ભાદરવી અમાસના મેળામાં વિદ્યાર્થીઓ આંબલા ગામના તિરુપતિ મંદિરે મોજ કરી આવ્યા.
- તા.૧૩/૧૪/૧૫ના રોજ જિલ્લા શિક્ષણ તાલીમભવન ભાવનગર દ્વારા પર્યાવરણ પાઠય પુસ્તક સમીક્ષા તથા પર્યાવરણ સામાયિક મૂલ્યાંકન અંગે સંસ્થામાં ત્રણ દિવસનો કાર્યક્રમ યોજાઈ ગયો.
- તા.૧૩ રોજ ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટના મુખ્યદાતા પિડિલાઇટ ઈન્ડસ્ટ્રીજ મુંબઈના ચીફ એક્ઝીક્યૂટીઝની એક ટીમ સંસ્થા મુલાકાતે આવી ગઈ.
- તા.૨૦ રોજ ભાવનગર શિશુવિહાર સંસ્થાના સહયોગથી દાતાશ્રી દિનેશભાઈ એ.શાહ-અમદાવાદ, શ્રી ભરતભાઈ જે કોઠારી – મુંબઈ, સ્વ.વિજયાબહેન બળદેવભાઈ પરમાર-ગાંધીનગર, શ્રી વી.એમ.શાહ અને શાંતાબહેન વી.શાહ-અમદાવાદ, શ્રીમતી ભાગ્યવંતીબહેન પુખરાજજી મહેતા-અમદાવાદ તરફથી મોજીલી પ્રાથમિકશાળાના વિધાર્થીઓને સ્કૂલ બેગ તથા અભ્યાસ માટે જરૂરી વસ્તુઓની કીટ આપવામાં આવેલ.
- તા.૨૩ના રોજ શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ મહેમાનો સાથે સંસ્થા શુભેચ્છા મુલાકાતે આવી ગયા.
- તા.૨૮ ના રોજ ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા આંબલા અને મોજીલી પ્રાથમિકશાળાના સયુંકત ઉપક્રમે શ્રી અરુણભાઈ દવેના અધ્યક્ષસ્થાને તેમજ શ્રી લાલજીભાઈ નાકરાણી, શ્રી સુરસંગભાઈ ચોહાણના અતિથિવિશેષ પદે વાલી મિટિંગ યોજાઈ ગઈ. વિદ્યાર્થીઓએ સંસ્થામાં પ્રાપ્ત કરેલ જીવનભાથું વિષે વાત કરી હતી. જયારે વાલીઓએ પોતાના સંતાનોને અહી ભણાવવાનો સંતોષ વ્યક્ત કર્યો હતો. મોજીલીશાળાના બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમ દ્વારા સૌને મોજ કરાવી.

**મણાર સમાચાર**

- તા. ૦૧ના રોજ અંધ ઉદ્યોગશાળા ભાવનગર ખાતે રાષ્ટ્રીય અંધજન મંડળ ભાવનગર શાખા, જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરી ભાવનગર તેમજ ભાવનગર જિલ્લા આચાર્ય સંઘના સંયુક્ત ઉપક્રમે એક કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં અંધજનમંડળ ભાવનગર માટે રૂપિયા- ૧,૧૪,૦૦૦ ( એક લાખ ચૌદ હજાર ) જેવી માતબર રકમ એકત્રિત કરવા બદલ ગ્રામ દક્ષિણામૂર્તિ લોકશાળા મણારના આચાર્ય શ્રી ડાહ્યાભાઈ ડાંગર તેમજ એન.એસ.એસ પ્રોગ્રામ

ઓફિસર શ્રીમતી કંચનબહેન થડોદાનું ભાવનગર અંધજનમંડળ વતી ભાવનગરના નેક નામદાર યુવરાજ સાહેબના હસ્તે શીલ્ડ તેમજ પ્રમાણપત્ર અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું, તેમજ ડી.ઈ.ઓ શ્રી સાગરભાઈ પંડયા સાહેબ અને અંધ ઉદ્યોગશાળાના પ્રમુખશ્રી લાભુભાઈ સોનાણી દ્વારા માર્ચ-૨૦૨૩ માં એચ.એસ.એસનું ૧૦૦ % પરિણામ લાવવા બદલ ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા મણારના આચાર્યશ્રી ડાહ્યાભાઈ ડાંગરનું પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવ્યું, તેમજ ભાવનગર જિલ્લામાં નવનિયુક્ત આચાર્યોને પણ સન્માનિત કરવામાં આવ્યા. ( નેશનલ ફલેગ ડે-૨૦૨૨ શ્રેષ્ઠ ફંડ એકત્રિત કરવા બદલ સન્માન )

- તા. ૦૧થી ૧૫/૦૯/૨૦૨૩ સુધી ''સ્વચ્છતા અભિયાન'' અંતર્ગત સ્વચ્છતા પખવાડિયું ઉજવાયું.
- ૫મી સપ્ટેમ્બર ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણના જન્મદિને શાળામાં હોંશભેર 'સ્વયં શિક્ષણદિન' ઉજવાયો. તેમજ ''શિક્ષકદિન નિમિત્તે ફાળો એકત્ર કરી ડી.ઈ.ઓ ઓફીસ ભાવનગરને મોકલવામાં આવ્યો.
- તા.૦૭ના રોજ શ્રી ડાહ્યાભાઈ ડાંગરના નિવાસ સ્થાને ''કૃષ્ણ જન્મોત્સવ'' ઉજવાયો તેમજ રાસ-ગરબીનો કાર્યક્રમ પણ રહયો. પ્રભુને પારણે ઝુલાવી સહુ ધન્ય થયા.
- તા.૧૩ના રોજ 'ફલેગ ડે' ૨૦૨૩ અંતર્ગત અંધજન સપ્તાહ નિમિત્તે એન.એસ.એસ ના સ્વયંસેવકો તથા સમગ્ર સ્ટાફગણ દ્વારા સંસ્થાની આજુબાજુના ગામોમાં જઈ અંદાજિત ૧,૦૦,૦૦૦ (એક લાખ) ઉપર માતબર રકમ એકજ દિવસમાં એકત્રિત કરવામાં આવેલ શુક્રવારની સમૂહ પ્રાર્થનામાં ટુકડી દીઠ અહેવાલો રજૂ થયા.
- તા. ૦૯ના રોજ શાળામાં ભાવનગરથી પધારેલ પ્રતિભાબહેન અને તેમની ટીમ દ્વારા ' વિપશ્યના' સાધના અંતર્ગત ધોરણ-૯ થી ૧૨ ના વિધાર્થીઓ સાથે ''આનાપાન'' કાર્યક્રમ યોજાયો. એન.એસ.એસ પ્રોગ્રામ ઓફિસર કંચનબેન થડોદા એ સંચાલન કર્યું, સમગ્ર સ્ટાફગણે ભારે જહેમત ઉઠાવી. કંચનબહેન નિકોલ બંધારા-કળસાર મુકામે યોજાયેલ વિપશ્યના શિબિરમાં પણ જઈ આવ્યા.
- તા. ૧૯ના રોજ સંસ્થામાં ''ગણેશ ચતુર્થી'' નિમિત્તે ગજાનંદની સ્થાપના કરવામાં આવી, આરતી, પ્રસાદી અને દર્શનનો સહુએ લાભ લીધો. એક દિવસ રાસ —ગરબી પણ યોજાઈ.
- તા. ૨૨ના રોજ શાળામાં બહેનો દ્વારા સાડી-ડે ની ઉજવણી કરવામાં આવી.
- જિલ્લાકક્ષા યુવામહોત્સવ-૨૦૨૩/૨૪ આપણા વિદ્યાર્થીઓની રજુઆતમાં શિશુવિહારમાં યોજાઈ ગયેલ કાર્યક્રમમાં ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા મણારના સંગીતવૃંદનો સમુહગીતમાં જિલ્લાકક્ષાએ પ્રથમ નંબર તથા લોકગીતમાં ગુજરિયા મુકેશભાઈએ દ્વિતીય નંબર પ્રાપ્ત કરેલ.
- તા. ૨૭ના રોજ માનનીય વડાપ્રધાનશ્રીના અધ્યક્ષ સ્થાને ''મિશન સ્કૂલ્સ ઓફ એકસેલન્સ'' અંતર્ગત ડિજીટલ સુવિધાઓના લોકાર્પણ અને ખાતમૂહર્તનો કાર્યક્રમ સહુએ નિહાળ્યો.
- તા. ૨૮ના રોજ સૌરાષ્ટ્ર પ્રદેશ-કક્ષા યુવા ઉત્સવ સ્પર્ધા-૨૦૨૩ અંતર્ગત-સમૂહગીતના સ્પર્ધકો ખંભાળીયા મુકામે જઈ આવ્યા.
- લોકશાળા મણારમાં ' રાષ્ટ્રીય પોષણ માહ સપ્ટેમ્બર-૨૦૨૩' ની ઉજવણી. મહિલાઓ તથા વિધાર્થીની બહેનોમાં આ અંગે જાગૃતિ લાવવા અનેકવિધ કાર્યક્રમો યોજાયા, માગદર્શન અપાયું,

મીલેટ આહારની પોષણ, ઉપયોગીતા, ગૃહવિજ્ઞાન થીયરી અને પ્રેક્ટીકલ દ્વારા સમજાવવામાં આવી.

- મુખ્યમંત્રી જ્ઞાનસાધના યોજના અંતર્ગત ધોરણ-૯ ના ૮ ભાઈ /બહેનોની પસંદગી થઈ.તેમને વાર્ષિક ૬૦૦૦ ( છ હજાર ) શિષ્યવૃતિ મળશે તથા શાળાને વિધાર્થી દીઠ ૩૦૦૦ (ત્રણ હજાર) જેવી રકમ મળશે. શાળા પરિવારે તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.
- તળાજા તાલુકાના વિજ્ઞાન મેળામાં આપણી શાળાની વિજ્ઞાનની કૃતિ રજૂ કરવામાં આવી.તેમને માર્ગદર્શન શાળાના વિજ્ઞાન શિક્ષક શ્રી પૃથ્વીરાજસિંહ દ્વારા પૂરું પાડવામાં આવ્યું હતું

**માઈધાર સમાચાર**

- તા. ૨ ના રોજ છાત્રાલયના વિદ્યાર્થીઓ દ્વારા સંગીતસંધ્યા કાર્યક્રમ યોજાયો. શ્રી ચેતનભાઈ, શ્રી જગદીશભાઈ, શ્રી અરજણભાઈ, શ્રી હિતેશભાઈ દ્વારા ગીતો રજૂ કરવામાં આવ્યા.
- તા.૧૧ ના રોજ મૂળશંકરભાઈ ભટ્ટના દીકરા શ્રી વિક્રમભાઈ ભટ્ટ સંસ્થા મુલાકાતે પરિવાર સાથે આવી ગયા.
- તા.૧૪ના રોજ મુંબઈથી પિડિલાઈટ ટીમ સંસ્થા મુલાકાતે આવી ગઈ.
- તા.૧૫થી ૨૪ લોકભારતી યુનિવર્સિટી ના બે વિદ્યાર્થી શિક્ષણ નિવાસ અર્થે આવી ગયા.
- તા. ૨૩ ના રોજ સંસ્થામાં સત્યનારાયણ ભગવાનની કથા યોજાઈ.
- તા. ૨૫ ના રોજ ગાંધીગુંજન કાર્યક્રમનો પ્રારંભ થયો. શ્રી અરુણભાઈ દવે દ્વારા ગાંધીગુંજન કાર્યક્રમની અભિમુખતા વિષયક પ્રાસંગિક વાતો કરવામાં આવી.
- તા.૨૬ ના રોજ મોજીલું-શિક્ષણ અને આવિષ્કાર વિજ્ઞાનકેન્દ્રના કાર્યકરો પ્રતાપરા ખાતે યોજાયેલ તળાજા તાલુકા કક્ષાના વિજ્ઞાનમેળામાં જઈ આવ્યા.
- તા.૨૭ ના રોજ હનુંમત હોસ્પિટલ – મહુવા દ્વારા આરોગ્ય કેમ્પ યોજાયો. જેમાં ડૉ. યશવંતભાઈ, ડૉ. મનીષાબહેન, ડૉ. હસમુખભાઈ અને તેમની ટીમે વિદ્યાર્થીઓ સાથે આરોગ્ય વિષયક સંવાદ કર્યો અને આંખ, ચામડી અને જનરલ બીમારીઓની તપાસ કરી જરૂરી દવા આપી.
- તા. ૨૮ના રોજ ગાંધીગુંજન કાર્યક્રમ નિમિત્તે શ્રી પ્રવીણભાઈ ઠક્કરે કરુણાસાગર ગાંધી અને આત્મનિર્ભરતા વિષે વ્યાખ્યાન આપ્યું. કાર્યકરો સાથે બેઠક કરીને સંસ્થા ફરી વખત ધબકતી થઈ તે બદલ રાજીપો વ્યક્ત કર્યો.
- તા.૨૯ ના રોજ પાલીતાણા ટીબી યુનિટના આરોગ્ય અધિકારી દ્વારા ધોરણ ૧૧ ના વિદ્યાર્થીઓ સાથે ટીબી અને મેલેરિયા રોગ વિષે વિગતવાર માહિતિ -માર્ગદર્શન શ્રી હરસુરભાઈ અને વિરેનભાઈ દ્વારા આપવામાં આવ્યું.
- તા. ૨૯ ના રોજ લોકભારતી લોકસેવા મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓ નિવાસમાં આવ્યાં.
- તા.૩૦ ના રોજ રોટરી ક્લબ ઓફ ભાવનગર દ્વારા આયોજિત કાર્યક્રમમાં ડૉ. ભાવનાબહેન પાઠક પંડિત સુખલાલજી લોકવિદ્યાલય પ્રવૃત્તિ વિષયક વાતો કરવા માટે જઈ આવ્યા.
- આ મહિના દરમિયાન માઈધાર કેન્દ્રની મુલાકાતે અન્ય મહેમાનોમાં શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણી, શ્રી વિશાલભાઈ ભાદાણી, શ્રી કાંતિભાઈ ગોઠી, શ્રી ભૌતિકભાઈ લીંબાણી, વાત્સલ્ય ધામ લોકશાળા માલપરા શાળાના કાર્યકરો, લોકભારતી પંચાયતરાજ તાલીમ કેન્દ્રના તાલીમાર્થી બહેનો સાથે શ્રી જીવણભાઈ જોગરાણા વગેરે આવી ગયા.

## માઈધાર ખાતે યોજાયો ગાંધીગુંજન કાર્યક્રમ



ગાંધીગુંજન કાર્યક્રમનો હેતુ સ્પષ્ટ કરાવતું વ્યાખ્યાન
આપતા શ્રી અરુણભાઈ દવે



કરુણાસાગર ગાંધી અને આત્મનિર્ભરતા વિષય પર
વિદ્યાર્થી ભોગ્ય વ્યાખ્યાન આપતા શ્રી પ્રવીણભાઈ ઠક્કર

## માઈધાર ખાતે યોજાયો આરોગ્ય કેમ્પ





પંડિત સુખલાલજી લોકવિદ્યાલય માઈધાર અને હનુંમત હોસ્પિટલ, મહુવાના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ સર્વ નિદાન કેમ્પ

## સન્માનિત થતી ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા મણાર



અંધજન મંડળ ભાવનગર માટે રૂ. ૧,૧૪,૦૦૦ જેટલી રકમનું
સર્વ શ્રેષ્ઠ અનુદાન એકત્રિત કરવા બદલ ભાવનગર અંધજન મંડળ વતી
ભાવનગરના નેક નામદાર યુવરાજસિંહના હસ્તે શિલ્ડ આપી લોકશાળા
મણારનું સન્માન કરવામાં આવ્યું.



માર્ચ ૨૦૨૩માં એચ.એસ.સી.નું ૧૦૦ ટકા પરિણામ
લાવવા બદલ ડી.ઈ.ઓ. શ્રી પંડ્યાસાહેબની ઉપસ્થિતિમાં
લોકશાળા મણારનું થયેલું સન્માન.




TO.

**From :**


**Registered** *BVR/151/2021-2023, RNI No. GUJ/1763-57, Renew upto 31-12-2023*

**Published on :** *14th of every month. Posted at : Amargadh Post office on 15th of every month*

**मालिक** : ग्रामदक्षिणामूर्ति-आंबला ट्रस्ट की ओर से **मुद्रक-प्रकाशक** : सुरसंगभाई चौहान - ग्रामदक्षिणामूर्ति-आंबला, पीन ३६४ २५० (गुजरात) द्वारा चामुंडा प्रिन्टिंग प्रेस, सोनगढ, पीन ३६४ २५० मे मुद्रित करके ग्रामदक्षिणामूर्ति : आंबला से प्रकाशित किया ।

**तंत्री** : डो. अरुण दवे : लोकभारती- सणोसरा, (गुजरात) Email : kodiyusanosara@gmail.com वार्षिक चंदा रु. २००/- प्रति अंक रु. २०/-